# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

IIFA એવોર્ડ્સ 2027 અબુ ધાબીમાં યોજાશે....



**પેજ-09**

ભારતીય ક્રિકેટ ટીમમાં પાંચ સ્ટાર ખેલાડીઓનું ભવ્ય કમબેક....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 25.00 |
| વડોદરા | 28.00 | 25.00 |
| સુરત | 29.00 | 25.00 |

FX MULTITECH LTD

એફએક્સ મલ્ટીટેક લિમિટેડે રૂ. 45.24 કરોડના આઈપીઓ....

પેજ 5

18 SEPTEMBER-2026 FRIDAY

પાકિસ્તાનમાં તેલની તીવ્ર અછતથી સર્જાયું મહાસંકટ....



પેજ 10

**.....સુવિચાર.....**

પ્રગતિનો એક જ રસ્તો છે, ક્યારેય પાછળ વળીને ન જોવું.

વર્ષ-15 । અંક-304 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




# અંબાજી ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૬

## સોશિયલ મીડિયા ક્રિએટર્સ માટે રીલ સ્પર્ધાનું આયોજન, વિજેતાઓને મળશે લાખોના ઈનામ

માહિતી બ્યુરો, પાલનપુર

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર ઐતિહાસિક અને આસ્થાના પ્રતીક સમાન 'ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૬' ની ભવ્યતા, ધાર્મિક સંસ્કૃતિ તેમજ વહીવટી તંત્ર દ્વારા કરાયેલ સુચારુ વ્યવસ્થાઓને સોશિયલ મીડિયાના માધ્યમથી વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક વિશેષ 'રીલ સ્પર્ધા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. લાખો માઈભક્તોની અપાર શ્રદ્ધા, પદયાત્રી સંઘોનો અદમ્ય ઉત્સાહ અને મેળાના વિવિધ આકર્ષણોને કન્ટેન્ટ ક્રિએટર્સ પોતાની સર્જનાત્મક દ્રષ્ટિથી રજૂ કરી શકે તે આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ છે.કન્ટેન્ટ ક્રિએટર્સના કૌશલ્યને પ્રોત્સાહિત કરવા માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા કુલ ૩,૫૫,૦૦૦/- ના આકર્ષક ઈનામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિજેતાને ૧,૫૧,૦૦૦/-, દ્વિતીય વિજેતાને




૧,૦૧,૦૦૦/-, તૃતીય વિજેતાને ૫૧,૦૦૦/-, ચોથા ક્રમે ૩૧,૦૦૦/- તેમજ પાંચમા ક્રમે ૨૧,૦૦૦/- નું રોકડ ઈનામ એનાયત કરાશે. આ સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકો મંદિર પરિસર અને દર્શન, મનોહર રોશની/લાઈટિંગ, ભોજન અને મહાપ્રસાદ વ્યવસ્થા, દર્શનાર્થી સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા, સેવાભાવી સંસ્થાઓની સેવાઓ, સ્વચ્છતા અભિયાન, પગપાળા સંઘો તેમજ ડ્રોન શો જેવા અલગ અલગ વિષયો પર ૪૦ થી ૧૨૦ સેકન્ડની મર્યાદામાં રીલ બનાવી શકાશે.આ સ્પર્ધામાં સહભાગી થવા માટે સ્પર્ધકે પોતાની રીલ તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન પોતાના અંગત કે અધિકૃત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'પબ્લિક' મોડમાં અપલોડ કરવાની રહેશે. ત્યારબાદ રીલની ડાયરેક્ટ લિંક સાથે સ્પર્ધકનું પૂરું નામ, સરનામું, સંપર્ક નંબર, સોશિયલ મીડિયા હેન્ડલ અને બેંક વિગતો અંબાજી મંદિર ટ્રસ્ટની વેબસાઇટ www.ambajitemple.in પર સમયમર્યાદામાં મોકલવાની રહેશે. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ રાત્રે ૧૧:૦૦ વાગ્યા બાદ મળેલ એન્ટ્રીઓ માન્ય રહેશે નહીં.આ સ્પર્ધા દેશભરના પ્રોફેશનલ ઈન્ફ્લ્યુએન્સર, કન્ટેન્ટ ક્રિએટર, વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય નાગરિકો માટે ખુલ્લી છે; જોકે ટ્રસ્ટ સાથે સંકળાયેલ એજન્સીઓ, મંદિરના કર્મચારીઓ અને ફરજ પરના સરકારી કર્મચારીઓ તેમાં ભાગ લઈ શકશે નહીં. રીલ સંપૂર્ણપણે મૌલિક હોવી અનિવાર્ય છે અને તેમાં કોઈપણ વ્યક્તિગત વોટરમાર્ક, લોગો કે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) સામગ્રીનો ઉપયોગ સદંતર પ્રતિબંધિત છે. સ્પર્ધાની એન્ટ્રીઓનું મૂલ્યાંકન નિષ્ણાંતોની વિશેષ કમિટી દ્વારા ગુણવત્તા, સર્જનાત્મકતા અને વાસ્તવિક નિરૂપણના આધારે કરવામાં આવશે અને ટ્રસ્ટનો નિર્ણય આખરી રહેશે.

# NFSU ગાંધીનગર ખાતે 'ડીપ સી ફિશિંગને પ્રોત્સાહન આપવા અને એક્સેસ પાસ-LoA ધારકો સાથે સંવાદ' અંગે નેશનલ વર્કશોપ સંપન્ન

ગાંધીનગર | ભારત સરકારના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે 'ડીપ સી ફિશિંગને પ્રોત્સાહન આપવા અને એક્સેસ પાસ-LoA ધારકો સાથે સંવાદ' અંગેના નેશનલ વર્કશોપનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રો. એસ.પી.સિંહ બઘેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય સાગરખેડૂતોને ભારતના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ) અને હાઈ સીઝમાં ઉપલબ્ધ ઉચ્ચ-મૂલ્યના મત્સ્ય સંસાધનોનો યોગ્ય અને મહત્તમ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો તેમજ માછીમારો સામે રહેલા જમીની પડકારોને સમજીને તેના નીતિગત



ઉકેલો શોધવાનો રહ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ મત્સ્યપાલન અને મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાતે મહત્તમ લાભ લેવાનો છે. આ હેતુસર આયોજિત તાલીમ વર્કશોપનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે, દિલ્હી ખાતે વધુ તાલીમ માટે જવાની તમામ વ્યવસ્થા કરવા દિલ્હી સરકાર તૈયાર છે, જ્યારે ગુજરાત સરકાર અહીંથી તાલીમાર્થીઓના પ્રવાસ માટે ટિકિટની વ્યવસ્થા કરવા અંગે વિચાર કરશે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિપુલ દરિયાઈ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવા સાગરખેડૂતોને હાકલ કરી હતી. કુદરતી આહાર શ્રૃંખલા અને વ્યાવસાયિક ફરજોનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, 'ડીપ-સી ફિશિંગ' માટે જરૂરી તમામ તાલીમ મેળવવી અત્યંત આવશ્યક છે. વધુમાં, મત્સ્ય ઉદ્યોગના પાયાગત માળખાકીય વિકાસ અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, જો સ્થાનિક સહકારી ધોરણે સંચાલન કરવા તૈયાર હોય, તો સરકાર તેમને સંપૂર્ણ કોલ્ડ સ્ટોરેજ સુવિધા બનાવી આપવા તેમજ તેના માટે જરૂરી જમીન ફાળવી આપવા માટે પણ કટિબદ્ધ છે.

# નાંદોદ તાલુકામાં ખેતમજૂરી કરનાર વ્યક્તિ પર મગરે કર્યો હુમલો, નિરંજન વસાવાએ લીધી પીડિતની મુલાકાત

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ એક ગંભીર મુદા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં રૂંઢ ભીલવાડા ગામમાં રહેતા ધર્મેશભાઈ રતિલાલભાઈ વસાવા ધમણાચા ગામ ખાતે નદી પાર કરી ખેત મજૂરી કરી સાંજે પરત ફરી રહ્યા હતા. ત્યારે નદીમાં તેમના પર મગર દ્વારા હુમલો કરવામાં આવ્યો. તેમને બંને હાથમાં ગંભીર ઈજા થઈ છે. તેઓ હાલ રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. અમે અત્યારે ઈજાગ્રસ્ત ધર્મેશભાઈ વસાવા અને સાથે સાથે ડોક્ટર અને સ્ટાફ સહિત લોકોની મુલાકાત લીધી. ગઈકાલના રોજ આ દુખદ ઘટના ઘટી પરંતુ ફોરેસ્ટના અધિકારીઓ આજ સુધી પણ અહીં આવ્યા નથી. આ વિસ્તારમાં વસતા ખેડૂતો અને સામાન્ય



લોકો વારંવાર દીપડાઓનો ભોગ બનતા આવ્યા છે, પશુઓનો પણ શિકાર કરવામાં આવે છે અને હવે મગર દ્વારા પણ હુમલો કરવામાં આવ્યો છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, નદીના કાંઠાના વિસ્તારોમાં જે મગરો છે, તેમને પકડીને નર્મદા ડેમ, કરજણ ડેમની પાછળનો જે ભાગ છે, ત્યાં તેમને છોડવામાં આવે. જેથી કરીને ભવિષ્યમાં ફરીથી અહીંયા કોઈ દુ:ખદ બનાવો ન બને. સાથે સાથે અમારી માંગ છે કે પીડિત પરિવારને યોગ્ય સહાય આપવામાં આવે. ગઈકાલથી પોલીસ વિભાગ સાથે પણ વાત કરવામાં આવી છે પરંતુ પોલીસ વિભાગના કોઈ લોકોએ પીડિત પરિવારની સાથે મુલાકાત કરી નથી. વહીવટી તંત્ર અને સરકારી વિભાગને અમારી વિનંતી છે કે મગરને વહેલામાં વહેલી તકે પકડીને નર્મદાના ઊંડાણ વિસ્તારમાં છોડવામાં આવે અને પીડિત પરિવારને યોગ્ય સહાય ચૂકવવામાં આવે.

# PMના જન્મદિને બનાસકાંઠામાં 'સેવા સંકલ્પ અભિયાન': ૧,૪૪૩ શાળાઓના ૨ લાખથી વધુ બાળકોને તિથિ ભોજન પીરસાયું

માહિતી બ્યુરો, પાલનપુર| વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન તેમજ તેમની જનસેવાથી રાષ્ટ્રસેવાની અવિરત ૨૫ વર્ષની ઐતિહાસિક સફરના ગૌરવપૂર્ણ ઉપલક્ષ્યમાં બનાસકાંઠા જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રનિર્માણ અને લોકસેવાના સંકલ્પને બિરદાવવા સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જે અંતર્ગત જિલ્લાના શૈક્ષણિક પરિસરોમાં ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે સેવાયજ્ઞનો આરંભ થયો હતો.આ વિશેષ અવસર નિમિત્તે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવેના કુશળ નેતૃત્વ તથા પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ એક સ્તુત્ય કાર્યક્રમ અમલી બનાવાયો હતો. જિલ્લા વહીવટી તંત્રના શિક્ષણ વિભાગ અને મધ્યાહન ભોજન યોજના વિભાગના સંયુક્ત ઉપક્રમે જિલ્લાની તમામ ૧,૪૪૩ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૨ લાખથી પણ વધુ ભૂલકાંઓ માટે એકસાથે 'તિથિ ભોજન'નું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.આ ભગીરથ આયોજનની મુખ્ય વિશેષતા



**દાતાઓના સહયોગથી શિક્ષણ અને મધ્યાહન ભોજન વિભાગ દ્વારા જિલ્લાની ૧૪૪૩ શાળાઓમાં ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે તિથિ ભોજન અપાયું**

જનભાગીદારી અને દાતાઓનો અપ્રતિમ સહયોગ રહ્યો હતો. જિલ્લાના ભામાશાઓ, ગ્રામજનો અને સેવાભાવી દાતાઓએ ઉદાર હાથે દાન આપીને શાળાઓના ૨ લાખથી વધુ બાળકો માટે મિષ્ટાન્ન સહિતના પૌષ્ટિક તિથિ ભોજનની સુંદર વ્યવસ્થા કરી આપી હતી. તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓએ એકસાથે પંક્તિમાં બેસીને આનંદપૂર્વક ભોજન ગ્રહણ કર્યું હતું, જેનાથી શૈક્ષણિક સંકુલોમાં સમરસતા, સ્નેહ અને સહકારનો અનોખો માહોલ સર્જાયો હતો.આ કાર્યક્રમ માત્ર ભોજન પૂરતો સીમિત ન રહેતાં સમાજમાં સહકાર, સમર્પણ અને સામાજિક ઉત્તરદાયિત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ સેવાયજ્ઞમાં યથાશક્તિ યોગદાન આપનાર તમામ દાતાઓ, સંસ્થાઓ, શાળા પરિવાર તેમજ મધ્યાહન ભોજન સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વડાપ્રધાનશ્રીના જન્મદિને બાળકોના મુખ પર સ્મિત રેલાવતી આ સંવેદનશીલ પહેલને સમગ્ર જિલ્લાવાસીઓ અને વાલીઓએ મુક્ત કંઠે બિરદાવી હતી.

# લોકો દીવા પ્રગટાવે કે ન પ્રગટાવે, પણ ભાજપના શાસનમાં 'દીવા પાછળ અંધારું' છે : મનોજ સોરઠીયા

## મોદીજીના જન્મદિવસે ભાજપ લોકોને દીવા પ્રગટાવવા અપીલ કરી રહી છે : એક-બે વર્ષ પહેલાં બનેલા નવા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર સતત રિપેરિંગથી ટ્રાફિક જામ

અમદાવાદ/સુરત/ગાંધીનગર
આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના જન્મદિવસે લોકોને દીવા પ્રગટાવવાની અપીલ કરી રહી છે અને એવું કહી રહી છે કે મોદીજીએ ૨૫ વર્ષમાં દેશની ખૂબ સેવા કરી છે. પરંતુ ભાજપે સમજવું જોઈએ કે લોકો દીવા પ્રગટાવે કે ન પ્રગટાવે, તમારા શાસનમાં 'દીવા તળે જ અંધારું' છે. તેમણે નવા બનેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવેનું ઉદાહરણ આપતાં કહ્યું કે, છેલ્લા એક-બે વર્ષથી આ હાઈવે બન્યો છે ત્યારથી જ તેના પર સતત રિપેરિંગ અને ખોદકામનું કામ ચાલી રહ્યું છે, જેના કારણે આજે પણ લાંબી-લાંબી ટ્રાફિક જામની સમસ્યાઓ થાય છે. અમે જ્યાં કીમ પાસેના વિસ્તારમાં ઊભા છીએ, ત્યાં આ હાઈવે બન્યા પછી એક પણ દિવસ એવો નથી ગયો કે જ્યાં રિપેરિંગ કામ ન ચાલતું હોય.
'આપ' નેતા મનોજ સોરઠીયાએ ઉમેર્યું હતું કે, ભાજપ સરકાર



દીવા પ્રગટાવવાનું બંધ કરે અને દીવા પાછળ રહેલા અંધારા તરફ ધ્યાન આપે. આજે ગુજરાતની અંદર દરેક જગ્યાએ વ્યાપક ભ્રષ્ટાચાર છે, જે આપણે સૌએ જોયો છે. ભાજપ સરકાર શાળાઓ અને હોસ્પિટલોમાં ભ્રષ્ટાચાર કરી ગઈ છે અને લોકોના ટેક્સના પૈસા બરબાદ કરવાનું કામ કરી રહી છે. એક જ વર્ષમાં બનેલા હાઈવેને ફરીથી આખો રિપેર કરવો પડે કે નવેસરથી બનાવવો પડે, તેમાં પહેલાં પણ કરોડો રૂપિયા વપરાયા અને હવે રિપેરિંગમાં પણ કરોડો રૂપિયાનો દુરુપયોગ થઈ રહ્યો છે. ટૂંકમાં, આ સરકારમાં આજે ચારેય બાજુ 'દીવા તળે અંધારું' જેવી સ્થિતિ સર્જાઈ છે.

# News Brief

## સેવા મેરા યોગદાન અંતર્ગત ઝાલોદ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયો

દિપક રાવલ | દાહોદ લીમખેડા

ઝાલોદ: ભારતના વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં યોજાઈ રહેલા "સેવા મેરા યોગદાન" અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.ઝાલોદની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું. આ દરમિયાન રક્તદાન કરનાર દાતાઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.કેમ્પ દરમિયાન



આરોગ્ય વિભાગ તથા હોસ્પિટલના તબીબી અને પેરામેડિકલ સ્ટાફ દ્વારા રક્તદાતાઓની જરૂરી તબીબી તપાસ કરી રક્તદાનની પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી હતી. રક્તદાન કરનાર દાતાઓએ "એક બુંદ માનવતા, રક્તદાનથી જીવનદાન" નો સંદેશ આપતાં અન્ય લોકોને પણ સ્વૈચ્છિક રક્તદાન માટે પ્રેરિત કર્યા હતા. રક્તદાન એ માનવસેવાનું ઉત્તમ કાર્ય છે. જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્ત ઉપલબ્ધ રહે તે માટે આવા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પોનું મહત્વ વિશેષ છે. "રક્તદાન મહાદાન"*ના સંદેશ સાથે યોજાયેલા આ કેમ્પમાં ઉપસ્થિત સૌએ માનવજીવન બચાવવાના આ સેવાકીય કાર્યમાં સહભાગી બની સમાજને પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

## જૂનાગઢમાં ઉપરકોટ કિલ્લા ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'આશીર્વાદનો દીવો' પ્રગટાવાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાના ૨૫ વર્ષ અને તેમના જન્મદિવસે શરૂ થયેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટના કિલ્લા ખાતે વડાપ્રધાનશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા આશીર્વાદનો દીવો પ્રગટાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જૂનાગઢ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરપર્સન શ્રીમતી પલ્લવીબેન ઠાકરની ઉપસ્થિતિમાં યોજાયો



હતો. તેમણે સખી મંડળના બહેનો, જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓ સહિતના નાગરિકો સાથે દીપ પ્રજ્વલિત કરી, વડાપ્રધાનશ્રી સતત રાષ્ટ્રનીસેવા કરતા રહે તે માટે તેમના દીર્ઘાયુ અને સારા સ્વાસ્થ્યની કામના કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીના ગુજરાત રાજ્યમાં ૧૩ વર્ષના મુખ્યમંત્રી તરીકેના અને ૧૧ વર્ષ દેશના પ્રધાનમંત્રી તરીકે સેવા આપીને જનસામાન્યના જીવનમાં જુદી જુદી કલ્યાણકારી યોજનાઓના માધ્યમથી મહત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે. લોકોનું જીવન ધોરણ પણ ઊંચું આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ ઘણી યોજનાઓ થકી લોકોના જીવનમાં આશાનો દીપક પ્રગટાવ્યો છે. તેમણે ચાલી રહેલા શ્રી ગણેશ ઉત્સવનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન શ્રી દેશની અવિરત સેવા કરતા રહે તે માટે શુભકામના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ ના પ્રારંભે વંદે માતરમના ગાન કરવામાં આવ્યું હતી. અંતે 'આશીર્વાદનો દીવો' પ્રગટાવી કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી થયા હતા.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ નિમિત્તે ૫૦૦૦ દીવડાઓ સાથે ભવ્ય દીપ પ્રાગટ્ય કાર્યક્રમ



દિપક રાવલ દાહોદ લીમખેડા

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને સફળ નેતૃત્વના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઐતિહાસિક ક્ષણને વધાવવા માટે સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન' યોજાઈ રહ્યું છે. જે અંતર્ગત સુખસર તાલુકાના ઐતિહાસિક વરૂણદેવ મંદિર ખાતે રાજ્યકક્ષાના મંત્રી શ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને ભવ્ય 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે મંત્રીશ્રી, ભાજપ પ્રદેશ મંત્રી શ્રી શંકરભાઈ આમલીયાર, સ્થાનિક આગેવાનો, સરપંચશ્રીઓ, અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં નાગરિકો અને વિદ્યાર્થીઓએ એકસાથે ૫૦૦૦ દીવડાઓ પ્રગટાવીને સમગ્ર પરિસરને પ્રકાશમાન કર્યું હતું. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને ગ્રામજનોએ વરુણદેવની વિશેષ પ્રાર્થના કરી દેશના યશસ્વી વડાપ્રધાનના દીર્ઘાયુ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે મંગળ કામનાઓ વ્યક્ત કરી હતી.તાલુકા વહીવટી તંત્ર અને સ્થાનિક સંગઠનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં વડીલો અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપીને સેવા અને સમર્પણના આ ઉત્સવને સફળ બનાવ્યો હતો.

# PM આવાસના મકાનો અપાવવા 4.07 લાખની લાંચ લેતા વૃદ્ધ ઝડપાયો...

ગાંધીનગર | ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાનો મળતા હોય છે ત્યારે લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાનો અપાવવામાં સેટિંગ કરાવવાના બહાને લાંચ માગનાર શખ્સની ગુજરાત ACB દ્વારા ધરપકડ કરવામાં આવી છે. નારણપુરામાં રહેતા 76 વર્ષીય વૃદ્ધ દ્વારા મકાન અપાવવામાં સેટિંગ કરાવવાના બહાને રૂ. 4.07 લાખની લાંચ લેતા એસીબીએ રંગે હાથ ઝડપી પાડ્યા છે.

ACBમાં ફરિયાદ કરનાર ફરીયાદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન મેળવવા અગાઉ ફોર્મ ભર્યું હતું પરંતુ મકાન મળ્યું નહોતું. જેથી તેઓ નારણપુરા વિસ્તારમાં હરીચંદ્ર પાર્કમાં રહેતા 76 વર્ષીય સુરેશકુમાર દશરથભાઇ પંડ્યાના સંપર્કમાં આવ્યા હતાં. સુરેશભાઈએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સેટિંગ કરી મકાન ફાળવી આપવાનો ભરોસો આપી ફરિયાદી પાસેથી અગાઉ રૂ.3.82 લાખ લાંચ રૂપે મેળવી લીધા હતા.

અન્ય એક શખશ પાસેથી પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન અપાવવાનો વિશ્વાસ આપીને રૂ.5.75 લાખની માગણી કરી હતી. લાંચ આપવાની રકમમાં રકઝકના અંતે રૂ.4.07 લાખની લાંચની રકમ નક્કી કરી હતી. પરંતુ ફરિયાદી આ લાંચના નાણા આપવા માંગતા ન હોવાથી તેઓએ ACBનો સંપર્ક કરતાં ફરિયાદીની ફરિયાદ આધારે શાહીબાગ સ્વામિનારાયણ મંદિરના ગેટ પાસે સીડી પર લાંચનું છટકુ ગોઠવતા સુરેશભાઈએ ફરીયાદી પાસેથી લાંચના રૂ . 4.07 લાખ સ્વીકારી લેતા એસીબીએ રંગે હાથ ઝડપી લીધા હતા.

# નારોલમાંથી ₹26.75 લાખની કફસીરપ ઝડપાઈ : પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી કારના કાચ તોડી બે આરોપીની ધરપકડ કરી

અમદાવાદ | અમદાવાદના નારોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે કફસીરપના જથ્થાની હેરફેર કરતા બે શખસને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને ઝડપી લીધા છે. પોલીસને જોઈને કારચાલકોએ વાહન પૂરઝડપે હંકારી મૂકતાં પોલીસે ચારેય બાજુથી ઘેરાબંધી કરી કારના કાચ તોડી બંન્નેની ધરપકડ કરી છે.નારોલ પોલીસની ટીમને કફસીરપના જથ્થાની હેરાફેરી અંગે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે શંકાસ્પદ કારને રોકવા ઈશારો કરવા છતાં ચાલકે કાર ઊભી રાખવાને બદલે ભગાવી મૂકી હતી. પોલીસે રસ્તા પર કારનો પીછો કરી તેને ચારેય બાજુથી ઘેરી લીધી હતી. ઘેરાઈ ગયા બાદ પણ આરોપીઓએ ભાગવાનો પ્રયાસ ચાલુ રાખતાં પોલીસે લાકડીઓ મારી કારના કાચ તોડીને બંનેને ઝડપી લીધા હતા. પોલીસે દાણીલીમડાના રહેવાસી નવાઝહુસેન મકસૂદહુસેન શેખ અને સરવરખાન બિસ્મિલ્લાખાન પઠાણની ધરપકડ કરી છે. કારમાંથી રૂ. 21.15 લાખની કિંમત ધરાવતી કફસીરપની 1,798 બોટલો મળી આવી હતી. પોલીસે



સ્કોર્પિયો કાર સહિત કુલ રૂ. 26.75 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં આ જથ્થો જુહાપુરાના મોઈન સૈયદ પાસેથી પોર્ટર મારફતે મંગાવ્યો હોવાનું ખુલતાં પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# પાડોશમાં આવતા-જતા સગીરાને ફસાવી 1 વર્ષ સુધી આચર્યું દુષ્કર્મ, આરોપી યુવકની ધરપકડ

અમદાવાદ | અમદાવાદના ઈસનપુરના શાહઆલમ વિસ્તારમાં રહેતી 16 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી છેલ્લા એક વર્ષથી વારંવાર દુષ્કર્મ આચરનાર દાણીલીમડાના આરોપીની ઈસનપુર પોલીસે પોક્સો અને દુષ્કર્મના ગુના હેઠળ ધરપકડ કરી છે. આરોપીએ સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યા બાદ લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. શહેરના શાહઆલમ વિસ્તારમાં રહેતી 50 વર્ષીય મહિલા પોતાની 16 વર્ષીય સગીર પુત્રી સહિત બાળકો સાથે રહે છે. સગીરા ઘરમાં રોજિંદા કામકાજમાં માતાને મદદ કરતી હતી. દરમિયાન સવારે અચાનક સગીરા રડવા લાગતાં માતાએ કારણ પૂછ્યું હતું. સગીરાએ જણાવ્યું કે, 'દાણીલીમડામાં રહેતો ઈમ્તિયાઝ ઉર્ફે બાબુ શેખ બાજુમાં રહેતા પાડોશીના ઘરે આવતો ત્યારે બંને વચ્ચે પરિચય થયો હતો. ઈમ્તિયાઝે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી પાડોશીના ઘરે બોલાવી વારંવાર શરીર સંબંધ બાંધ્યો હતો. હવે તે લગ્ન કરવાનો ઈનકાર કરી રહ્યો છે.'

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**
**ઈલેક્ટ્રિક કામ સ્ટેશનનો નું પુનઃવિકાસ અને LHB કોચિઝ તથા પાવર કારમાં વિવિધ ફેરફાર**
**અનું. નં. ૧ :-** ઈ-ટેન્ડર નં. BVP-EL-P-૧૫-૨૦૨૬-૨૭, **કામનું નામ:** ઈલેક્ટ્રિક કામ જોરાવરનગર, પનોલી મોટી અને ચુડા રેલવે સ્ટેશનો નો પુનઃવિકાસ. **ટેન્ડર મૂલ્ય :** ₹ ૯૬,૩૮,૩૦૪/- **ઈએમડી :** ₹ ૧,૯૨,૮૦૦/- **અનું. નં. ૨ :-** ઈ-ટેન્ડર નં. BVP-EL-P-૨૬-૨૦૨૬-૨૭, **કામનું નામ:** ભાવનગર ડિવિઝન :- LHB કોચિઝ અને પાવર કારમાં વિવિધ ફેરફાર. **ટેન્ડર મૂલ્ય:** ₹ ૩,૯૪,૪૩૩.૦૯/- **ઈએમડી:** ₹ ૭,૯૦૦/- **બંને ટેન્ડરો માટે :- બિડીંગ શરૂ થવાની તારીખ :** ૨૪-૦૯-૨૦૨૬ **બિડીંગ બંધ થવાની તારીખ :** ૦૮-૧૦-૨૦૨૬ **વેબસાઈટ વિગતો :** https://www.ireps.gov.in BVP-131
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# શ્રી સોમનાથ ટ્રસ્ટના માન.અધ્યક્ષ અને દેશના યશસ્વી PM મોદીના ૭૬માં જન્મદિવસ નિમિત્તે શ્રી સોમનાથ તીર્થ ખાતે ધાર્મિક, સામાજિક અને આધુનિક પ્રકલ્પોનો ભવ્ય શુભારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી સોમનાથ ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મદિવસના શુભ અવસરે શ્રી સોમનાથ તીર્થ ખાતે અનેકવિધ ધાર્મિક, સામાજિક અને આધુનિક આયોજનો કરવામાં આવ્યા હતા. આ ગૌરવપૂર્ણ ક્ષણે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ એ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી શ્રી સોમનાથ મંદિરમાં જોડાયા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા 'સૌના નાથ સોમનાથ' ના પવિત્ર ધ્યેયમંત્રને ચરિતાર્થ કરતા આ આયોજનો થકી સમાજના દરેક વર્ગના ભક્તોને આધુનિક ભેટ આપવામાં આવી હતી. ઈકો-ફ્રેન્ડલી અને રિયુઝેબલ પ્રસાદ પેકેજિંગ: માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રી સોમનાથ મંદિરના ઈકો-ફ્રેન્ડલી અને રિયુઝેબલ પ્રસાદ પેકેજિંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પર્યાવરણના રક્ષણ માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID) અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) ના સંયુક્ત સહયોગથી પ્રસાદ માટે આકર્ષક કાર્ડબોર્ડ અને મેટલ બોક્સ તૈયાર કરવામાં આવ્યા છે. મગજ ના લાડુને ખુલ્લા રાખવાના બદલે દરેક લાડુનું ઈન્ડિવિઝ્યુઅલ (વ્યક્તિગત) પેકિંગ કરાયું છે, જેથી તેની શેલ્ફ લાઈફ વધશે. આ બોક્સનો ભક્તો ઘરમાં સ્મૃતિ ચિહ્ન તરીકે પુનઃ ઉપયોગ કરી શકશે. 'સોમનાથ યાત્રા' મોબાઈલ એપ : દેશ- વિદેશના શ્રદ્ધાળુઓની યાત્રાને સુલભ બનાવવા સોમનાથ યાત્રા એપનું નવું વર્ઝન માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચ કરાયું હતું. જેમાં દર્શનાર્થીઓને રૂમ બુકિંગ, પૂજા નોંધણી, વિશ્વના કોઈપણ ખૂણેથી લાઈવ દર્શન, ડિજિટલ દાન, અને ઘરઆંગણે મહાદેવનો પ્રસાદ તથા વસ્ત્ર પ્રસાદ મંગાવવાની વન-સ્ટોપ સુવિધા ઉપલબ્ધ થશે.વસ્ત્ર પ્રસાદનું રાજ્યવ્યાપી વિતરણ : માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ઓનલાઈન માધ્યમથી રાજ્યભરના ૨૯ જિલ્લાના ૧૩૪ વૃદ્ધાશ્રમોમાં ૧૦,૦૦૦ વસ્ત્રો અને પ્રસાદ અર્પણ કરવાના કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અગાઉના વર્ષોમાં ટ્રસ્ટ દ્વારા ૭,૫૦૦ વડીલો, ૧૦,૧૧૧ વનવાસી ભાઈ-બહેનો અને ૪,૫૦૦ ઋષિકુમારો મળીને કુલ ૨૨,૧૧૧ લોકોને આ વસ્ત્ર પ્રસાદ અપાયો હતો, જેમાં હવે વધુ ૧૦,૦૦૦ વડીલો ઉમેરાયા છે. જેથી લાભાર્થી આંક ૩૨,૧૧૧ થયો છે. શ્રી સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટીશ્રી જે.ડી. પરમાર તેમજ જિલ્લા કલેકટરશ્રી જીતેન્દ્રસિંહ વાઘેલા, ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડા, નિવાસી અધિક કેલક્ટરશ્રી રાજેશ આલ, પ્રાંત અધિકારીશ્રી જે.વી. કાકડિયા સહિતના મહાનુભાવો દ્વારા વડીલોને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.સ્વાભિમાન પૂજા : વડાપ્રધાનશ્રીના ઉપલક્ષમાં ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી જે.ડી.પરમાર, જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સહિત સમગ્ર ટ્રસ્ટ પરિવાર દ્વારા મંદિરમાં સ્વાભિમાન પૂજા કરવામાં આવી હતી જેમાં મહાદેવને પીતાંબર તેમજ માતા પાર્વતીનો અખંડ શ્રૃંગાર અર્પણ, પંચામૃત દ્રવ્યો, પવિત્ર અનાજ ફૂલ, બિલ્વપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ મહાદેવની વિશેષ પાઘ પૂજા કરી ભારે સંખ્યામાં ભાવિકોને જોડીને પાઘ યાત્રા યોજી પાઘ મહાદેવને અર્પણ કરવામાં આવી હતી. મહામૃત્યુંજય યજ્ઞ : માનનીય વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્યની કામના અર્થે શ્રી સોમનાથ તીર્થ ખાતે ભવ્ય મહામૃત્યુંજય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના પ્રત્યેક વર્ગ માંથી ૨૦૦ ભક્તો અને દંપતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રત્યેક દંપતી દ્વારા ૧૫૬ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી, આમ કુલ ૩૧,૨૦૦ આહુતિઓ થકી સોમનાથ મહાદેવને માન.પ્રધાનમંત્રીશ્રીના દીર્ઘ આયુષ્યની પ્રાર્થના કરવામાં આવી હતી. ૭૬ કિલોના લાડુ મનોરથ : શ્રી સોમનાથ મહાદેવને મધ્યાહન શ્રૃંગાર સમયે ૧ કિલોના ૭૬ લાડુનો વિશેષ મનોરથ અર્પણ કરવામાં આવ્યો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## વડોદરામાં દીપડાનો ત્રાસ વધ્યો, નારેશ્વર નજીક દીપડાના આંટાફેરાથી ભય

# વડોદરા જિલ્લાના કરજણ અને વાઘોડિયામાં દીપડાનો આંતક

(એજન્સી) વડોદરા | તા. 17



વડોદરા જિલ્લાના વાઘોડિયા પંથક બાદ હવે કરજણ તાલુકામાં દીપડાના સતત વધી રહેલા આંટાફેરાને કારણે સ્થાનિક ગ્રામજનો અને પશુપાલકોમાં ભારે ગભરાટ અને ચિંતાનો માહોલ છવાઈ ગયો છે, જ્યાં તાજેતરમાં જ રાત્રિના સમયે દીપડાએ એક પશુનું મારણ કરીને પોતાના હાજર હોવાની પ્રતીતિ કરાવી છે.

પ્રાપ્ત થઈ રહેલા તાજા મીડિયા અહેવાલ મુજબ, વડોદરા જિલ્લાના અનેક ગામડાઓમાં મગરો બાદ હવે દીપડાની વધતી જતી અવરજવરને કારણે ખેડૂતો અને ગ્રામજનો ખુબ જ મુશ્કેલીમાં મુકાયા છે. અગાઉ વાઘોડિયા તાલુકામાં દીપડાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું હતું અને ત્યાં ગ્રામજનો ઉપર હુમલાના બનાવો પણ બન્યા હતા. હવે આ જ પ્રકારે વાઘોડિયાની સાથે સાથે કરજણ તાલુકાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં પણ દીપડાના ખુલ્લેઆમ આંટાફેરા વધી ગયા છે, જેના કારણે લોકોમાં ડરનો માહોલ છે.

આ ઘટનાક્રમ અંતર્ગત પ્રસિદ્ધ યાત્રાધામ નારેશ્વર ખાતે છેલ્લા કેટલાક સમયથી રાત્રિના સુમારે દીપડો નિયમિતપણે આંટાફેરા મારી રહ્યો છે. થોડા સમય પહેલા શ્રી રંગ અવધૂત મહારાજના મંદિરની આસપાસના વિસ્તારમાં દીપડાએ પોતાની હાજરી નોંધાવી હતી. જ્યારે થોડા દિવસો અગાઉ ફરી એકવાર મંદિરની નજીક આવેલી એક હોટલ પાસે દીપડો નજરે પડતા તેનો ભયજનક વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

આવી જ રીતે કરજણના સારિંગ વિસ્તારમાં પણ દીપડાએ સક્રિય થઈને એક નિર્દોષ વાછરડાનું મારણ કરી નાખ્યું છે, જેને પગલે આસપાસના પશુપાલકોની ચિંતામાં મોટો વધારો થયો છે. ખેડૂતો પોતાના ખેતરોમાં જઈ શકતા નથી અને પશુઓની સુરક્ષાને લઈને સતત ફિકરમાં રહે છે. ગ્રામજનો દ્વારા વહીવટી તંત્ર અને વન વિભાગ સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે આ દીપડાને વહેલી તકે પકડીને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવે જેથી કોઈ મોટી દુર્ઘટના ટળી શકે.

નોંધનીય છે કે અગાઉ પણ કરજણના મેથી ગામના એક ખેતરની વાડ પાસેથી મૃત હાલતમાં દીપડો મળી આવ્યો હોવાનો બનાવ બન્યો હતો, જે દર્શાવે છે કે આ વિસ્તારમાં વન્યજીવોની અવરજવર ખૂબ જ વધારે છે. વન વિભાગ દ્વારા આ બાબતે સાવચેતી રાખવા માટે સૂચનાઓ આપવામાં આવી રહી છે. ગ્રામજનોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વન વિભાગ દ્વારા નારેશ્વર અને સારિંગ પંથકમાં વિશેષ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી લોકમાગ પ્રબળ બની છે.

વડોદરા જિલ્લાના અનેક ગામોમાં મગરો બાદ વારંવાર દેખા દેતા દીપડાને કારણે ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે ગભરાટ જોવા મળે છે. વાઘોડિયા તાલુકામાં દીપડાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું છે અને ગ્રામજનો ઉપર હુમલાના પણ બનાવ બન્યા છે ત્યારે હવે વાઘોડિયાની સાથે સાથે કરજણ તાલુકાના જુદા જુદા ગામોમાં દીપડાના આંટાફેરા વધી ગયા છે.

યાત્રાધામ નારેશ્વર ખાતે છેલ્લા કેટલાક સમયથી રાત્રિના સમયે દીપડો આંટાફેરા મારી રહ્યો છે. થોડા સમય પહેલા શ્રી રંગ અવધૂત મંદિર પાસે દીપડાએ દેખા દીધી હતી. જ્યારે બે દિવસ પહેલા ફરી એકવાર મંદિરની નજીક એક હોટલ પાસે દીપડો દેખાતા વિડિયો વાયરલ થયો છે . આવી જ રીતે કરજણના સારિંગ વિસ્તારમાં પણ દીપડાએ એક વાછરડાનું મારણ કરતા પશુપાલકો માટે ચિંતા વધી છે. ગ્રામજનો દ્વારા દીપડાને પકડવા માટે માંગણી કરવામાં આવી છે. નોંધનીય છે કે થોડા સમય પહેલા કરજણના મેથી ગામે એક ખેતરની વાડમાંથી દીપડાનું મૃતદેહ મળી આવવાનો પણ બનાવ બન્યો હતો.

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નીમીતે સેવા સંકલ્પ અભિયાન -૨૦૨૬



દિપક રાવલ દાહોદ લીમખેડા

ગુજરાતના લોકલાડીલા માજી મુખ્યમંત્રી અને વિકાસ પુરુષ તરીકે સમગ્ર વિશ્વમાં નામના મેળવનાર આપડા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે દાહોદમાં થઈ ભવ્ય ઉજવણી સાંસદ જશવંતસિંહ ભાભોર રહ્યા ઉપસ્થિત .- આજે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે દાહોદ ભાજપા દ્વારા વિવિધ કાર્યક્રમો થયા હતા છે જેમાં શહીદ ભવન અને ઝાયડસ સિવિલ ખાતે બ્લોડ ડોનેશન કેમ્પ, નવીન આંગણવાડી નું ઉદદઘાટન, નવીન 10 kw FM રેડિયો સ્ટેશના ટ્રાન્સમીટર બિલ્ડીંગના કાર્યનો શુભારંભ, 150 બાળકો સાથે ભોજન, રેનબશેરાનુ ઉદ્ઘાટન અને સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ ખાતે ભારત માતાની આરતી સાથે કાર્યક્રમ સમાપન કરવામાં આવશે આ સેવા સંકલ્પ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા ભાજપાના પ્રમુખ , જિલ્લાના સાંસદ જશવંતસિંહ ભાભોર તથા દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નગરપાલિકા પ્રમુખ મીનાક્ષીબેન, ઉપપ્રમુખ જુગલબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા તેમજ દાહોદ નગરમાં રહેતા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય, પ્રદેશ, જિલ્લા તથા નગરના બુથ સમિતિ - પેજ સમિતિ સહિતના તમામ કાર્યકર્તાઓ તથા દાહોદ નગરપાલિકા ચૂંટણી લડેલા બધા સભ્યો અને કાર્યકર્તાઓ આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુતાલ ગામે ક્લોરિન ગેસ લીકેજથી નાસભાગ, વાઘોડિયામાં ક્લોરિન ગેસ લીકેજથી હડકંપ

(એજન્સી) વડોદરા | તા. 17

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકા અંતર્ગત આવતા ગુતાલ ગામે આજે બપોરે પાણી પુરવઠા પ્લાન્ટમાં સિલિન્ડર બદલવાની નિયમિત કામગીરી દરમિયાન અચાનક ક્લોરિન ગેસ લીકેજ થવાની ગંભીર ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડી અને દોડધામ મચી ગઈ હતી. આ જીવસોટીભરી સ્થિતિમાં સ્થાનિક તંત્રની સમયસૂચકતા અને સુરક્ષા સાધનોના ઉપયોગથી મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ રાત્રે ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો હતો.

મૂળ પ્રાપ્ત માહિતી અનુસાર, વાઘોડિયા તાલુકાના ગુતાલ ગામે આવેલી વાઘોડિયા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાના પ્લાન્ટમાં આજે બપોરના સુમારે રૂટિન જાળવણી અને સિલિન્ડર બદલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન અચાનક સિલિન્ડરની પિન નીકળી જવાથી ઝેરી ક્લોરિન ગેસનું લીકેજ શરૂ થઈ ગયું હતું. ગેસ પ્રસરવાને કારણે આસપાસના વાતાવરણમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ હતી, જેનાથી સ્થાનિક રહેવાસીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સદ્નસીબે સુરક્ષા કીટ અને સાધનોનો સમયસર ઉપયોગ કરી એજન્સીના કર્મચારીઓએ સ્થિતિ પર કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે કોઈ જાનહાનિના સમાચાર નથી.

બપોરના સમયે બનેલી આ ઘટના બાદ દિવસભર સ્થિતિ સામાન્ય લાગતી હતી, પરંતુ સૂર્યાસ્ત પછી ગ્રામજનોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. રાત્રે મોટીસંખ્યામાં એકઠા થયેલા ગ્રામજનોએ સીધા પાણી પુરવઠા પ્લાન્ટ પર ધસી જઈને ઉગ્ર હોબાળો મચાવ્યો હતો અને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, પ્લાન્ટમાં બેદરકારીના કારણે વારંવાર આવી ઘટનાઓ સર્જાય છે અને સાથેસાથે પાણીની શુદ્ધતા તથા ગુણવત્તા સામે પણ ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. પ્લાન્ટ ખાતે ગ્રામજનો દ્વારા ભારે વિરોધ અને હોબાળો મચાવાની માહિતી મળતા જ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## સુરત પાલિકામાં શાસનાધિકારી નિમણક વિવાદ, શિક્ષણ વગરના અધિકારીને સોંપ્યો ચાર્જ

(એજન્સી) સુરત | તા. 17

સુરત મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં લેવાયેલા એક મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય અંતર્ગત મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં ઈનચાર્જ શાસનાધિકારી તરીકે સેન્ટ્રલ ઓફિસના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર મેહુલ



પટેલને આગામી સમય માટે જવાબદારી સોંપવામાં આવી છે, જેના કારણે સ્થાનિક શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. સુરત પાલિકાના ઈનચાર્જ શાસનાધિકારી તેમજ સુમન હાઈસ્કૂલના વડા ધર્મેશ પટેલના દુઃખદ અવસાન બાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં શાસનાધિકારીનું પદ ખાલી પડ્યું હતું. આ ખાલી જગ્યાને ભરવા માટે પાલિકા દ્વારા કાયમી નિમણૂક કરવાના બદલે ફરી એક વખત શિક્ષણ ક્ષેત્ર સાથે સીધો સંબંધ ન ધરાવતા વહીવટી અધિકારીને હવાલો સોંપવામાં આવ્યો છે. અગાઉ મેહુલ પટેલ બીઆરટીએસ સેલ અને સુરત સિટી લિંક લિમિટેડમાં પોતાની સેવાઓ આપી ચૂક્યા છે, અને હવે તેમને પુનઃ સ્કૂલ બોર્ડની જવાબદારી સોંપાઈ છે. સુરત પાલિકાના આ પગલાંથી શિક્ષણવિદો અને સ્થાનિક સ્તરે અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. શિક્ષણ સાથે સીધો નાતો ન ધરાવતા અધિકારીને શાસનાધિકારી જેવું મહત્વનું પદ સોંપવા સામે પ્રશ્નાર્થ ચિન્હો સર્જાયા છે. પ્રાપ્ત મીડિયા અહેવાલ મુજબ, આ અગાઉ પણ આવા જ પ્રકારની નિમણૂકો સામે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. શિક્ષણ વિભાગના હિતોનું રક્ષણ કરવા માટે કોઈ શૈક્ષણિક બેકગ્રાઉન્ડ ધરાવતા અનુભવી વ્યક્તિને કાયમી ધોરણે આ સ્થાન પર તૈનાત કરવા જોઈએ તેવી માંગ પણ ઊઠી રહી છે.

## સુરતમાં મળી આવી મૃત જાહેર કરાયેલી મહિલા, ઝારખંડની મહિલા સુરતમાંથી જીવિત મળી

(એજન્સી) સુરત | તા. 17

ઝારખંડ રાજ્યના રાંચી જિલ્લાના ખેલારી વિસ્તારમાં જે મહિલાની હત્યા થઈ હોવાની અને તેની લાશ સગેવગે કરી દેવાયાની પોલીસ ચોપડે ગંભીર ફરિયાદ નોંધાઈ હતી, તે જ છત્રીસ વર્ષીય પરિણીતા સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાંથી સંપૂર્ણપણે સાજી-માજી અને જીવિત મળી આવતા સમગ્ર પોલીસ બેડામાં ભારે આશ્ચર્ય અને ચકચાર મચી જવા પામી છે. મૂળ પ્રાપ્ત અહેવાલો અને પોલીસ સ્ટેશનના દસ્તાવેજો મુજબ, ગત ત્રીસ ઓગસ્ટના રોજ રાંચીના ખેલારી પોલીસ સ્ટેશનમાં એક પિતા દ્વારા તેમના જમાઈ અને સાસરીયાઓ વિરુદ્ધ પોતાની પુત્રી વિણીદેવીની હત્યા કરી લાશ ગાયબ કરી નાખ્યાનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો. પિતાએ આક્ષેપ કર્યો હતો કે તેમના જમાઈ દ્વારા અવારનવાર શારીરિક તથા માનસિક ત્રાસ આપીને આઘાતજનક પગલું ભરવામાં આવ્યું છે. જોકે, પોલીસ દ્વારા લાશની સતત શોધખોળ કરવામાં આવી રહી હોવા છતાં મૃતદેહનો કોઈ જ પત્તો લાગતો ન હતો, જેના કારણે આ કેસ એક મોટો કોયડો બની ગયો હતો.

આ ગૂંચવાયેલા પ્રકરણને ઉકેલવા માટે તપાસ કરતી વખતે પોલીસને ટેકનિકલ સર્વેલન્સ અને મોબાઈલ લોકેશનના આધારે એક મહત્વપૂર્ણ કડી મળી આવી હતી. પોલીસ તપાસમાં ખબર પડી કે જેને મૃત માની લેવામાં આવી હતી તે મહિલાનો મોબાઈલ ફોન સુરત શહેરના વિસ્તારોમાં એક્ટિવ છે અને તેનું લોકેશન ટ્રેસ થઈ રહ્યું છે. આ કડીના આધારે ઝારખંડ પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક સુરત દોડી આવી હતી અને સ્થાનિક સચિન જીઆઈડીસી પોલીસના સહયોગથી શિવાંજલી સોસાયટીમાં આવેલી એક ચાલમાંથી વિણીદેવીને સહીસલામત શોધી કાઢી હતી.

પોલીસ પૂછપરછ અને મીડિયા અહેવાલ દ્વારા એવું સ્પષ્ટ થયું છે કે વિણીદેવીના લગ્ન વર્ષ 2010માં થયા હતા અને સંતાનમાં બે બાળકો હોવા છતાં દહેજની માંગણીના ત્રાસથી કંટાળીને તેમણે પોતાના ઘરેથી ગુપ્ત રીતે પલાયન કરી જવા અને સુરત આવીને ગુજરાન ચલાવવાનો નિર્ણય કર્યો હતો.

## દાહોદના ઐતિહાસિક બાવકા શિવ મંદિર ખાતે સેવા સંકલ્પ અભિયાન દીપોત્સવ અને પૂજા-અર્ચનાનું આયોજન





દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિન નિમિત્તે દેશભરમાં ઉજવાઈ રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના પૌરાણિક અને ઐતિહાસિક બાવકા શિવ મંદિર ખાતે વિશેષ દીપોત્સવ તેમજ પૂજા-અર્ચનાના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં બાવકા શિવ મંદિર પરિસરને રોશની અને સેંકડો દિવડાઓ (દીપમાળા)થી ઝળહળતું કરવામાં આવ્યું હતું. મંદિરના શિવલિંગ તેમજ શિવ પાર્વતીજીની પ્રતિમા સમક્ષ શાસ્ત્રોક્ત વિધિથી પૂજા, જલાભિષેક અને મહાઆરતી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ગ્રામ પંચાયતના સરપંચશ્રી, સ્થાનિક તાલુકા સીટના ભાજપ અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને બાળકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકો અને બાળકોએ હાથમાં દીવા રાખી સમગ્ર મંદિર પરિસરમાં 'હર હર મહાદેવ' અને 'વંદે માતરમ'ના નારાઓથી ભક્તિમય અને દેશભક્તિપૂર્ણ વાતાવરણ સર્જ્યું હતું.

## નાગરિકોએ સેવા મેરા યોગદાન સંકલ્પ સાકાર કર્યો

# નર્મદામાં સેવા સંકલ્પ અભિયાન તળે રક્તદાન કેમ્પ





(એજન્સી) રાજપીપલા | તા. 17

સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા વિશેષ અભિયાન અંતર્ગત ગત સત્તરમી સપ્ટેમ્બરના રોજ નર્મદા જિલ્લામાં માનવસેવાના ઉત્તમ ધ્યેય સાથે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો અને કર્મયોગીઓએ ઉત્સાહભેર જોડાઈને પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. પ્રાપ્ત થઈ રહેલા તાજા મીડિયા અહેવાલ મુજબ, સમગ્ર રાજ્યમાં સત્તરમી સપ્ટેમ્બરથી સત્તરમી ઓક્ટોબર, બે હજાર છવીસ સુધી યોજાઈ રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમોની શૃંખલા શરૂ કરવામાં આવી છે. આ વ્યાપક અભિયાન હેઠળ સેવા મેરા યોગદાનના પવિત્ર સંકલ્પને ચરિતાર્થ કરવા માટે જિલ્લાભરમાં રક્તદાન શિબિરો યોજવામાં આવી હતી, જેનાથી જરૂરિયાતમંદ દર્દીઓ માટે લોકકલ્યાણનો નવો માર્ગ મોકળો થયો છે.

આ આયોજનના ભાગરૂપે રાજપીપલા સ્થિત મેડિકલ કોલેજ, રેડક્રોસ સોસાયટી તેમજ દેડિયાપાડા ખાતે આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. રેડક્રોસ સોસાયટી ખાતે સ્થાનિક ધારાસભ્ય અને જિલ્લા આરોગ્ય અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં આ સત્કાર્યનો શુભારંભ થયો હતો. જ્યારે મેડિકલ કોલેજ ખાતે પણ કોલેજના અગ્રણી તબીબો અને નાયબ જિલ્લા આરોગ્ય અધિકારી સહિતના માનવંતા મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, જેને સ્થાનિક સ્તરે અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.

આ રક્તદાન મહાજ્ઞયમાં વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા નાગરિકો, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અનેક સ્વૈચ્છિક રક્તદાતાઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. રક્તદાન કરનાર દરેક દાતાએ માનવસેવાના આ અદભુત કાર્યમાં સહભાગી થઈને સેવા મેરા યોગદાનના સંકલ્પને વાસ્તવિકતામાં ફેરવ્યો હતો. તબીબી નિષ્ણાતોના મતે, સમયસર રક્ત ઉપલબ્ધ ન થવાને કારણે મુશ્કેલીમાં મુકાતા દર્દીઓ માટે આ પ્રકારના સ્વૈચ્છિક પ્રયાસો અત્યંત જીવનરક્ષક સાબિત થતા હોય છે.

## રાજપીપલામાં સેવા સંકલ્પ સ્પર્ધા યોજાઈ, વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનો વિશેષ વિકાસ

# નર્મદા જિલ્લાની શાળાઓમાં ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા

(એજન્સી) રાજપીપલા | તા. 17

સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા વિશેષ અભિયાન અંતર્ગત ગત ગુરુવારે નર્મદા જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાભરના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની કલાત્મક અને બૌદ્ધિક પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

પ્રાપ્ત થઈ રહેલા તાજા મીડિયા અહેવાલ મુજબ, સેવા સંકલ્પ અભિયાન બે હજાર છવીસ અંતર્ગત નર્મદા જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ વિવિધ શૈક્ષણિક તથા જનજાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ વ્યાપક અભિયાન હેઠળ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ, કલાત્મક અભિવ્યક્તિ અને વક્તૃત્વ કૌશલ્યનો વિકાસ થાય તથા તેમનામાં સામાજિક જવાબદારી અને સેવા ભાવનાનો





સંચાર થાય તેવા મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

આ આયોજનના ભાગરૂપે જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધાના માધ્યમથી વિદ્યાર્થીઓને પોતાના વિચારો, કલ્પનાઓ અને સર્જનાત્મક અભિવ્યક્તિને રંગો તથા ચિત્રો દ્વારા રજૂ કરવાની ઉત્તમ તક મળી હતી. આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં અવલોકનશક્તિ, કલ્પનાશક્તિ અને કલાત્મક ગુણોનો સંતોષકારક વિકાસ જોવા મળ્યો છે.

બીજી બાજુ, વક્તૃત્વ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર પોતાના વિચારો અત્યંત આત્મવિશ્વાસપૂર્વક અને અસરકારક રીતે રજૂ કર્યા હતા. આ સ્પર્ધા થકી વિદ્યાર્થીઓમાં ભાષા પ્રયોગ, તર્કશક્તિ, અભિવ્યક્તિ કૌશલ્ય તથા જાહેરમાં બોલવાની ક્ષમતાના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને સેવા, સંવેદના તથા સામાજિક જવાબદારી જેવા ઉમદા મૂલ્યોને પોતાની અભિવ્યક્તિમાં સુંદર રીતે સ્થાન આપ્યું હતું.

## સ્કૂલોના મૂલ્યાંકનમાં વડોદરા અવ્વલ રહ્યું

# વડોદરામાં શાળાઓનું સ્વમૂલ્યાંકન શરૂ થયું

(એજન્સી) સુરત | તા. 17

ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના માધ્યમથી શૈક્ષણિક માળખાને વધુ મજબૂત અને ગુણવત્તાસભર બનાવવાના ઉદ્દેશ્યથી અમલમાં મૂકવામાં આવેલા ગુજરાત સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એસ્યોરન્સ ફ્રેમવર્ક અંતર્ગત વડોદરા શહેર અને જિલ્લામાંથી ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો છે. પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો અનુસાર, વડોદરામાં આવેલી કુલ એકવીસસો અઢાર શાળાઓમાંથી એકવીસસો ત્રણ શાળાઓએ ઉત્સાહપૂર્વક ઓનલાઈન સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયામાં ભાગ લઈને એક અનુકરણ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેના કારણે શિક્ષણ જગતમાં ભારે ચર્ચા જાગી છે.

આ યોજના પાછળનો મુખ્ય હેતુ રાજ્યની તમામ સરકારી, અર્ધસરકારી અને ખાનગી શાળાઓમાં અપાતા શિક્ષણનું સ્તર ચકાસવાનો અને તેમાં સતત સુધારો લાવવાનો છે. આ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાના પ્રથમ ચરણમાં શાળાઓએ સરકારી પોર્ટલ પર પોતાની તમામ શૈક્ષણિક અને વહીવટી વિગતો, શિક્ષકોની લાયકાત, વિદ્યાર્થીઓની સુવિધાઓ તથા સંચાલનની પદ્ધતિ જેવા મહત્વના દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરીને સ્વ-મૂલ્યાંકન પૂર્ણ કરવાનું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સૂત્રો દ્વારા મળેલા મીડિયા અહેવાલ મુજબ, વડોદરામાં નોંધાયેલી કુલ શાળાઓમાંથી મોટાભાગની શાળાઓએ આ પ્રક્રિયા સમયસર પાર પાડી છે, જ્યારે બાકી રહેલી મર્યાદિત શાળાઓ પૈકી અમુક શાળાઓ કાયમી ધોરણે બંધ થઈ ચૂકી હોવાનું પણ સામે આવ્યું છે. પ્રથમ તબક્કાની આ સફળ કામગીરી બાદ હવે સમગ્ર પ્રક્રિયાના બીજા અને અત્યંત નિર્ણાયક તબક્કા તરીકે બાહ્ય મૂલ્યાંકન હાથ ધરવામાં આવનાર છે. આ તબક્કામાં નિષ્ણાત વેરિફાયર્સ દ્વારા શાળાઓની રૂબરૂ મુલાકાત લઈને સ્થળ તપાસ કરવામાં આવશે. આ કાર્ય માટે વડોદરામાં ચારસો પચીસ જેટલા વેરિફાયર્સની જરૂરિયાત સામે હજુ સુધી નિર્ધારિત સંખ્યામાં રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

## પાલ ચાર રસ્તા પર પાણીની લાઈન ભંગાણ

# સુરતમાં જળસંચયના દાવા પોકળ સાબિત થયા

(એજન્સી) સુરત | તા. 17

સુરત શહેરના પાલ ચાર રસ્તા વિસ્તારમાં આજે પાણી પુરવઠાની મુખ્ય લાઈન અચાનક તૂટી જવાથી હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વેડફાઈ ગયું હતું, જ્યારે એક તરફ તંત્ર દ્વારા જળસંચય માટે નવા બોરવેલ બનાવવાની વાતો કરવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ પાલિકાની જ બેદરકારીથી પાણીનો બગાડ થતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભ જળસ્તર ઉપર લાવવા માટે વિવિધ વિસ્તારોમાં ગ્રાઉન્ડ વોટર રિચાર્જ બોરવેલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ તરફ પાલ ચાર રસ્તા પર લોકોના ઘરો સુધી પહોંચતી ટ્રીટેડ પાણીની લાઈનમાં છેલ્લા કેટલાક દિવસોથી વારંવાર ભંગાણ સર્જાવાની ગંભીર સમસ્યા સામે આવી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ દર આઠ દિવસે આ જ જગ્યાએ પાણીની લાઈન તૂટે છે, જેના કારણે લાખો લીટર પાણી ગટરો અને રસ્તાઓ પર વહી જાય છે અને મોટો ખાડો પડી જતા વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. આ ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક રહેવાસીઓએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે અને સવાલ ઉઠાવ્યો છે કે જો વારંવાર એક જ સ્થળે લાઈન તૂટતી હોય તો માત્ર ઉપરછલ્લું સમારકામ કરવાના બદલે લાઈનની ગુણવત્તા અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે તપાસ કેમ કરવામાં આવતી નથી? સતત રસ્તો ખોદવાને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે અને અકસ્માતનો ભય રહે છે.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે.

**વૃષભ : બ. વ. ઉ.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. આ રાશિના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.

**મિથુન : ક. છ. ઘ.**

સારા સમાચાર મળવાની શક્યતા છે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો- પણ વાસ્તવવાદી રહો તથા તમારી તરફ મદદનો હાથ લંબાવનારા'ઓ તરફથી ચમત્કારની અપેક્ષા રાખતા નહીં.

**કર્ક : ડ. હ.**

તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

**સિંહ : મ. ટ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે.

**કન્યા : પ. ઠ. ણ.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજે તમારો પ્રણય સાથી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**તુલા : ર. ત.**

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમને તમારા ટેન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારૂ મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે.

**મકર : ખ. જ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

## ગણેશ વિસર્જનનો ત્રીજો દિવસ

# બંને કુંડમાં એક જ દિવસમાં 328 મૂર્તિઓનું વિસર્જન



જામનગર : જામનગર શહેરમાં ગણેશ મહોત્સવ અંતર્ગત ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલા બંને વિસર્જન કુંડ ખાતે ગણેશજીની વિદાયનો ક્રમ યથાવત્ રહ્યો છે. તા.16 સપ્ટેમ્બરના ત્રીજા દિવસે શહેરના બંને વિસર્જન કુંડ ખાતે એક જ દિવસમાં કુલ 328 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે ગણેશ વિસર્જનના ત્રણ દિવસમાં બંને કુંડ ખાતે મળીને કુલ 396 ગણેશ મૂર્તિઓનું વિસર્જન પૂર્ણ થયું છે.ગણેશ ભક્તો દ્વારા પોતાના ઘેર તેમજ વિવિધ સ્થળોએ સ્થાપિત કરવામાં આવેલી ગણેશજીની મૂર્તિઓને વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત બંને કુંડ ખાતે લાવવામાં આવી રહી છે. મહાનગરપાલિકાની ટીમ દ્વારા મૂર્તિઓના વિસર્જનની પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં આવી રહી છે.ખંભાળિયા બાયપાસ કુંડમાં ત્રીજા દિવસે 274 મૂર્તિઓનું વિસર્જન ત્રીજા દિવસે ખંભાળિયા બાયપાસ ખાતે બનાવવામાં આવેલા વિસર્જન કુંડમાં સૌથી વધુ 274 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે આ કુંડમાં અત્યાર સુધીમાં કુલ 325 ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે. અગાઉ બીજા દિવસે આ કુંડમાં 51 મૂર્તિઓનું વિસર્જન થયું હતું.સરદાર રિવેરા કુંડમાં ત્રીજા દિવસે 54 મૂર્તિઓની વિદાયસરદાર રિવેરા નજીકના વિસર્જન કુંડમાં ત્રીજા દિવસે કુલ 54 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. અગાઉ બીજા દિવસે આ કુંડમાં 17 મૂર્તિઓનું વિસર્જન થયું હતું. આ સાથે સરદાર રિવેરા કુંડમાં અત્યાર સુધીમાં કુલ 71 ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે.

## સ્થાનિક રહીશો અને આદિવાસી સમાજમાં ઉગ્ર રોષ વ્યાપ્યો

# છોટા ઉદેપુર: નસવાડીમાં 10 વર્ષથી ફાયર વિભાગની સુવિધા નથી, આદિવાસી સમાજમાં ભારે રોષ

(એજન્સી) છોટા ઉદેપુર | તા.17

છોટા ઉદેપુરના નસવાડી તાલુકામાં 10 વર્ષથી કાયમી ફાયર સ્ટેશન ન હોવાથી 212 ગામોના લોકોમાં રોષ છે. તાજેતરમાં ગોયાવાંટ ગામે આગથી મકાનો ખાખ થતાં, સંખેડાથી ફાયર ફાઈટર આવતા મોડું થયું. આદિવાસી સમાજના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર આપી તાત્કાલિક ફાયર વિભાગ અને સ્ટાફની માંગ કરી છે, અન્યથા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં છેલ્લાં 10 વર્ષથી કાયમી ફાયર સ્ટેશન કે ફાયર વિભાગની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી સ્થાનિક રહીશો અને આદિવાસી સમાજમાં ઉગ્ર રોષ વ્યાપ્યો છે. 212 ગામો ધરાવતા આ મોટા તાલુકામાં જ્યારે પણ આગની દુર્ઘટના સર્જાય છે ત્યારે સંખેડા, બોડેલી કે છોટા ઉદેપુર જેવા દૂરના તાલુકાઓમાંથી ફાયર ફાઈટર બોલાવવાની ફરજ પડે છે.અકસ્માત વળતર માંગોતાજેતરમાં જ નસવાડી તાલુકાના ગોયાવાંટ ગામે સર્જાયેલી



આગની ઘટનામાં મકાનો અને ઘરવખરી બળીને ખાખ થઈ ગયા હતા. ફાયર વિભાગ ઘટનાસ્થળે પહોંચે ત્યાં સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક આદિવાસી સમાજના આગેવાનો અને ગ્રામજનોએ એકઠા થઈ નસવાડી મામલતદારને આવેદનપત્ર પાઠવી તાલુકા મથકે તાત્કાલિક કાયમી ફાયર વિભાગ તેમજ જરૂરી સ્ટાફની ફાળવણી કરવાની માંગ કરી છે.ગ્રામજનોનો આક્ષેપ છે કે દર વર્ષે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાની વિકાસ ગ્રાન્ટ મંજૂર થાય છે, પરંતુ પ્રજાના માલ-મિલકત અને જાનના રક્ષણ માટે અત્યંત જરૂરી એવા ફાયર વિભાગ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. ચૂંટણી સમયે રાજકીય નેતાઓ દ્વારા ફાયર સ્ટેશન મંજૂર કરવાની જાહેરાતો કે વાયદાઓ કરવામાં આવે છે, પરંતુ ચૂંટણી પૂરી થતાં જ આ પ્રશ્ન બાજુ પર ધકેલાઈ જાય છે.સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, આગ લાગવાના કિસ્સામાં ગરીબ અને સામાન્ય પરિવારો પોતાની વર્ષોની કમાણી તથા ઘરવખરી ક્ષણભરમાં ગુમાવી દે છે. તંત્ર દ્વારા આગ બાદ આપવામાં આવતી રાહત-સહાય પૂરતી હોતી નથી અને તેની પ્રક્રિયા પણ જટિલ હોય છે. આવી સ્થિતિમાં જો સ્થાનિક કક્ષાએ જ સમયસર ફાયર વિભાગ ઉપલબ્ધ થાય તો મોટી જાનમાલની હોનારત નિવારી શકાય તેમ છે. આવેદનપત્ર આપનારા આગેવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે હવે આશ્વાસન નહીં પણ નક્કર કામગીરી જોઈએ છે. 212 ગામોની વસતી ધરાવતા નસવાડી તાલુકામાં તંત્ર દ્વારા તાત્કાલિક કાયમી ફાયર વિભાગની વ્યવસ્થા કરવામાં આવે, અન્યથા આગામી દિવસોમાં આંદોલન કરવાની ફરજ પડશે.

## માંગરોળ હત્યા કેસ: રેલવે બ્રિજ પાસે

# જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલા હરિઓમ નગર ખાતે ગણેશ મહોત્સવ

જૂનાગઢ તા.17.

દેશભરમાં ભક્તિભાવ સાથે ગજાનન ગણપતિ દાદાની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ લાવી શેરીઓમાં, મહોલ્લામાં, સાર્વજનિક સ્થળોએ



પંડાલોમાં ગણેશ મહોત્સવની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલા હરિઓમ નગરના ભાવિકો ભક્તોએ સુંદર મજાની ગણપતિ દાદાની મૂર્તિ લાવી ત્રણ ટાઈમ આરતી કરી ગણપતિ દાદા નો જયકાર કરી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવામાં આવે છે, તેમજ દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી ગણપતિજીના ગુણગાન ગવાય છે તે મુજબ તા.૧૬-૯-૨૬ ના રોજ ગણપતિ દાદાને ૫૬ ભોગ અન્નકુટ ધરાવેલ તેનો મોટી સંખ્યામાં ભાઈઓ બહેનો તથા બાળકોએ દર્શનનો લાભ લઇ સૌએ ધન્યતા અનુભવી હતી.

# જામનગરમાં રાજસ્થાનથી ઈંગ્લિશ દારૂ લાવી રહેલો શખ્સ પોલીસના હાથે ઝડપાયો

જામનગર : જામનગરના સીટી-સી ડિવિઝન પોલીસે પ્લોટ નં. 49થી આશાપુરા સર્કલ તરફના રોડ પર પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે એક શખ્સને વિદેશી દારૂની 11 નંગ નાની બોટલો સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી સાગર રમેશભાઈ ડાભી (ઉં.વ. 30, રહે. ગોકુલનગર, પ્રજાપતિની વાડી પાસે, જામનગર) કાળા રંગની થેલીમાં વિદેશી દારૂની 180 એમ.એલ.ની શીલબંધ દારૂની નાની બોટલો લઈ જતો હતો. પોલીસે પંચોની હાજરીમાં થેલીની તપાસ કરતાં કુલ 11 ચપટા, કિંમત રૂ.2,200 મળી આવી હતી.પોલીસ પૂછપરછમાં આરોપીએ દારૂ રાજસ્થાન ફરવા ગયો ત્યારે ત્યાંથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. તેની પાસે દારૂ અંગેનો કોઈ પાસ-પરમિટ ન હોવાનું જણાતાં પોલીસે દારૂનો જથ્થો કબજે કરી આરોપીની અટકાયત કરી હતી. આ અંગે સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટની કલમ 65(એ)(એ), 116(બી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જામનગર સીટી-સી ડિવિઝન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સાગર રમેશભાઈ ડાભી (ઉં.વ. 30, રહે. ગોકુલનગર) નામના શખ્સને ઝડપી પાડ્યો છે. પ્લોટ નં. 49થી આશાપુરા સર્કલ રોડ પરથી ઝડપાયેલા આ શખ્સ પાસેથી વિદેશી દારૂની 180 MLની 11 બોટલો (કિંમત રૂ. 2,200) મળી આવી હતી. આરોપી રાજસ્થાનથી દારૂ લાવ્યો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મયુર નગર વિસ્તારમાં જૂની બોલાચાલીનો ખાર રાખી યુવકને માર માર્યાની પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરના મયુરનગર વામ્બે આવાસમાં રહેતા શ્રમિક યુવકને જૂની બોલાચાલીનો ખાર રાખી એક શખ્સે ગાળો આપી જાપટ માર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે. આ ઉપરાંત યુવક સાથે આવેલી મહિલાના ઘરની બહાર લગાવેલો કેમેરો તોડી નુકસાન કર્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.ફરિયાદ મુજબ, મયુરનગર વામ્બે આવાસમાં ભાડેથી રહેતા અને કલરકામ કરી ગુજરાન ચલાવતા કમલેશકુમાર શ્રીશંકર પ્રસાદ (ઉ.વ. 30) તા. 15 સપ્ટેમ્બરની રાત્રે સાડા દસેક વાગ્યે પોતાના જીજાજી રમેશભાઈ સાથે ઘરે જમતા હતા. તે દરમિયાન તેમના ઘરનો દરવાજો ખખડાવતા કમલેશકુમારે દરવાજો ખોલ્યો હતો. બહાર તેમના લતામાં રહેતો અલી રજાકભાઈ ભગાડ જોવા મળ્યો હતો. અલીએ કમલેશને, "કલીમુન તારી શું થાય છે અને તેનો પક્ષ કેમ ખેંચે છે?" તેમ કહી બોલાચાલી કરી ગાળો આપવાનું શરૂ કરી જાપટ માર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ કમલેશે પોતાના શેઠ મનોવર અલીને ફોન કરતાં તેમણે કલીમુન બહેનને ફોન કરીને કમલેશના ઘરે બોલાવ્યા હતા. કલીમુન ત્યાં પહોંચતા અલીએ તેમને પણ ગાળો આપી હતી અને બંનેને "મારું કોઈ દિવસ નામ લેશો તો જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી ત્યાંથી ચાલ્યો ગયો હતો.

## શૌચાલય જેવી પાયાની સુવિધાનો પણ અભાવ

# છોટા ઉદેપુર: નસવાડીના પંખાડા ગામે ચાર વર્ષથી આંગણવાડીનું મકાન જ નથી, બાળકો પંચાયતના નાના રૂમમાં બેસવા મજબૂર

(એજન્સી) છોટા ઉદેપુર | તા.17

છોટાઉદેપુરના નસવાડી તાલુકાના પંખાડા ગામે 4 વર્ષથી આંગણવાડી મકાન ન બનતાં ભૂલકાંઓને હાલાકી વેઠવી પડી રહી છે. હાલ ગ્રામ પંચાયત કચેરીના નાના રૂમમાં આંગણવાડી ચલાવાય છે, જ્યાં રમતો કે શૌચાલય જેવી સુવિધા નથી. મુખ્ય રસ્તા પર હોવાથી બાળકોની સુરક્ષા પણ ચિંતાનો વિષય છે. સ્થાનિકો જનપ્રતિનિધિઓ પર ઉદાસીનતાનો આક્ષેપ કરી રહ્યા છે. છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના પંખાડા ગામે છેલ્લા ચાર વર્ષથી આંગણવાડીનું મકાન ન બનતાં ભૂલકાંઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. મકાનના અભાવે આંગણવાડી હાલ ગ્રામ પંચાયત કચેરીના એક નાનકડા રૂમમાં ચલાવવામાં આવી રહી છે.

નાના રૂમમાં પૂરતી જગ્યા ન હોવાથી બાળકો માટે રમતગમતના સાધનો કે રમકડાં પણ રાખી શકાતાં નથી. આ ઉપરાંત, આંગણવાડીમાં શૌચાલય જેવી પાયાની સુવિધાનો પણ અભાવ છે. ગ્રામ પંચાયતની કચેરી મુખ્ય રસ્તા પર આવેલી હોવાથી બાળકોની અવરજવર સમયે સુરક્ષાને લઈને પણ ચિંતા ઊભી થાય છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, પંખાડા ગામ માટે આંગણવાડીનું મકાન મંજૂર



થયાને ચાર વર્ષ જેટલો સમય વીતી ગયો છે. સરકારી દફતરે આંગણવાડી મંજૂર હોવાનું જણાવાય છે, પરંતુ જમીન પર હજી સુધી નિર્માણ કાર્ય શરૂ થઈ શક્યું નથી.સંખેડા વિધાનસભા મતવિસ્તાર હેઠળ નસવાડી, બોડેલી અને સંખેડા તાલુકાનો સમાવેશ થાય છે. સરકારી કાર્યક્રમોમાં આદિવાસી અને છેવાડાના વિસ્તારોના વિકાસના દાવા કરવામાં આવે છે, પરંતુ પંખાડા ગામની પરિસ્થિતિ કંઈક અલગ જ વાસ્તવિકતા રજૂ કરે છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે જનપ્રતિનિધિઓ દ્વારા આ વિસ્તારની મુલાકાત લઈને સમસ્યાઓ સાંભળવામાં આવતી નથી.સરકારી સભાઓમાં કરોડો રૂપિયાના વિકાસ કામોના દાવાઓ વચ્ચે ચાર વર્ષથી મંજૂર થયેલી આંગણવાડીનું મકાન હજી સુધી ન બનતાં સ્થાનિકોમાં રોષ છે. પંખાડા ગામના બાળકોને પૂરતી જગ્યા, રમકડાં અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓ ક્યારે મળશે અને આંગણવાડીનું મકાન ક્યારે તૈયાર થશે, તે અંગે ગ્રામજનો તંત્ર અને સ્થાનિક નેતૃત્વ સામે સવાલો ઉઠાવી રહ્યા છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહાઅભિયાન" અંતર્ગત ફાયર શાખા માટે તાલીમ કેમ્પ યોજાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.17

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા ક્લીનલીનેસ ટાર્ગેટ યુનિટ ની નાબૂદીથી લઈને વિઝિબલ ક્લીનલીનેસ ના લક્ષ્યાંકને સિદ્ધ કરવાના ભાગરૂપે "સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહાઅભિયાન" શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ના અમલીકરણ અને નામદાર સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નં. ૬૧૭૪/૨૦૨૩ ના આદેશોના ચુસ્ત પાલન અર્થે કચરાના ચાર રીતે વર્ગીકરણ કરવાના ભાગરૂપે આજે તા. ૧૪-૦૯-૨૦૨૬ ના રોજ ફાયર NOC આપેલ સંચાલકો તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાની ફાયર શાખાઓના સ્ટાફ માટે તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગર પાલિકાની ફાયર શાખાના સ્ટાફને ચાર ડબ્બાઓમાં કચરાના અલગ-અલગ વર્ગીકરણ અંગે વિસ્તૃત તકનીકી સમજ પૂરી પાડવામાં આવી હતી. જેમાં લીલા ડબ્બા (Green Bin) માં કિચન વેસ્ટ, ફૂડ વેસ્ટ, વેજીટેબલ વેસ્ટ, ફ્રૂટ વેસ્ટ, ફૂલ વેસ્ટ, ખાદ્યપદાર્થો તથા અન્ય બાયો-ડિગ્રેડેબલ ભીનો કચરો; બ્લુ ડબ્બા (Blue Bin) માં પ્લાસ્ટિક, પેપર, રબર, વુડ, મેટલ વગેરે સૂકો કચરો (ભીનો, સેનેટરી અને સ્પેશિયલ કેર સિવાયનો રિસાયકલ કરી શકાય તેવો તથા રિસાયકલ ન કરી શકાય તેવો કચરો); લાલ ડબ્બા (Red Bin) માં ઉપયોગ કરેલા ડાયપર, સેનેટરી નેપકીન/ટોવેલ, સેનેટરી વેસ્ટ, ટેમ્પોન્સ, બેન્ડેઝ, બેડ પ્રોટેક્શન શીટ વગેરે સેનેટરી કચરો; તેમજ કાળા ડબ્બા માં વેસ્ટ બેટરી, પેન્સિલ સેલ, બલ્બ, ટ્યુબલાઈટ, એક્સપાયર્ડ મેડિસિન, જંતુનાશક દવાના ડબ્બા, તૂટેલા મરક્યુરી થર્મોમીટર, વપરાયેલ સિરીંજ/નીડલ, કલરના ડબ્બા, ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટ તથા CPCB દ્વારા સમયાંતરે નિર્ધારિત કરાયેલ અન્ય સ્પેશિયલ કેર/જોખમી કચરાના નિકાલ અંગે સવિસ્તાર માર્ગદર્શન અપાયું હતું.આ તકે "મારુ શહેર, મારી ઓળખ - સ્વચ્છતા છે સૌની જવાબદારી" ના મંત્ર સાથે શહેરને સંપૂર્ણ સ્વચ્છ બનાવવા સૌએ દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમ ના અંતે ઉપસ્થિત સૌ અગ્રણીઓ તેમજ શાખાઓના કર્મચારીઓએ સ્વચ્છતા અંગેના સામૂહિક શપથ લીધા હતા અને કચરાના વર્ગીકરણ અંગે સંકલ્પ પત્ર ભર્યા હતા. આ સાથે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે ડોર-ટુ-ડોર કચરા કલેક્શન સંબંધિત ફરિયાદ માટે મોબાઈલ નં. ૯૬૩૮૨ ૨૦૩૨૦ તેમજ કચરા વ્યવસ્થાપન સંબંધિત અન્ય ફરિયાદો માટે જૂનાગઢ-૩૧૧ એપ, લેન્ડલાઈન નં. ૦૨૮૫-૨૬૫૪૭૩૦ અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૧૭૧ પર સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

# 'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' યોજના અંતર્ગત શ્રી શ્રી કેવિનભાઈ, નાયબ એકાઉન્ટન્ટ દ્વારા તેમના જન્મદિવસ નિમિતે ઘાસચારા પેટે રૂ. ૧,૧૧૧/- નું દાન

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.17.

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા શહેરના માર્ગો પરથી રખડતા ગૌવંશને પકડીને મનપા સંચાલિત ગૌશાળાઓમાં આશ્રય આપવામાં આવે છે, જ્યાં હાલ ફક્ત ૫૦૮ જેટલા ગૌવંશ ની યોગ્ય માવજત કરવામાં આવી રહી છે. આ ગૌશાળા માં ફ્રેન્ડ્સ ઓફ કેટલ યોજના અંતર્ગત શ્રી કેવિનભાઈ, નાયબ એકાઉન્ટન્ટશ્રી દ્વારા તેમના જન્મદિવસ નિમિતે ઘાસચારા પેટે રૂ. ૧,૧૧૧/- નુ દાન QR કોડ માધ્યમ થી અર્પણ કરેલ છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે

# સંખેડા તાલુકા પંચાયત અને સંખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સફાઈ કાર્યક્રમ યોજાયો

| કમલેશ પટેલ | સંખેડા

આ કાર્યક્રમમાં સંખેડાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી, તાલુકા વિકાસ અધિકારી જે.પી. પ્રજાપતિ, સંખેડા અને આસપાસના ગામોના સરપંચો તેમજ તાલુકા પંચાયતના કર્મચારીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.સફાઈ અભિયાન પછી ધારાસભ્ય અને સરપંચો દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ફળ આપવામાં આવ્યા હતા. આ રીતે વડાપ્રધાનના જન્મદિવસની ખાસ ઉજવણી કરાઈ હતી.આ પ્રસંગે હાજર રહેલા મહાનુભાવોએ જણાવ્યું હતું કે સ્વચ્છતા અને સેવાના સંકલ્પ સાથે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરવી એ સાચી શ્રદ્ધાંજલિ છે.





## અંધ દીકરીઓ તેમજ અંધ માતાઓ માટે ત્રણ માળના ભવનનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ

# સ્થાનકવાસી જૈન સમાજ જુનાગઢ દ્વારા સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજાનું શ્રેષ્ઠ માનવસેવા બદલ સન્માન

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.17

જૂનાગઢના સેવાભાવી અને પરોપકારી કાર્ય માટે સતત કાર્યરત એવા સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજાનું શ્રેષ્ઠ માનવસેવાના કાર્ય બદલ સ્થાનકવાસી જૈન સમાજ, જુનાગઢ દ્વારા પર્યુષણ પર્વના સાતમા દિવસે મહેતા નિદાન કેન્દ્ર, ઉપરકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધીરતાબાઈ આદિઠાણા-૨૦૨૬ના ચાતુર્માસ નિમિત્તે મનસુખભાઈ વાજાના સેવાકીય કાર્યોને બિરદાવી તેમને સાલ, મોમેન્ટો તેમજ માળા અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રો.દામાણી સાહેબ, સ્થાનકવાસી જૈન સમાજના પ્રમુખશ્રી હિતેશભાઈ સંઘવી, શ્રી ધર્મેન્દ્રભાઈ મોદી, શ્રી કમલેશભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મનસુખભાઈ વાજા દ્વારા વર્ષોથી કરવામાં આવતી માનવસેવા, જરૂરિયાતમંદો ની મદદ અને સમાજના વંચિત વર્ગો માટેના સેવાકીય પ્રયાસો



ખરેખર "સેવા એ જ પરમો ધર્મ" ની ભાવનાને સાકાર કરે છે. આવા સેવાભાવી વ્યક્તિનું સન્માન માત્ર એક વ્યક્તિનું સન્માન નથી, પરંતુ સમગ્ર માનવસેવાની ભાવનાનું સન્માન છે. અંધ દીકરીઓ અને અંધ માતાઓ માટે ભગીરથ સેવાયજ્ઞ છે, સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા ગાંધીગ્રામ વિસ્તારમાં દાનમાં પ્રાપ્ત થયેલી ૫૦૦ વારની જગ્યામાં અંધ દીકરીઓ તેમજ અંધ માતાઓ માટે ત્રણ માળના ભવનનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે.આ ભગીરથ સેવાયજ્ઞમાં સહયોગરૂપે આ તકે શ્રી કે.બી.સંઘવી તરફથી 2,51,000, શ્રીમતી સુશીલાબેન સી. શાહ તરફથી 51,000

શ્રી કિર્તીભાઈ ગોસલિયા તરફથી 2,51,000 તથા શ્રી બાળાબેન દોશી તરફથી 2,51,000ની સહાય જાહેર કરવામાં આવી હતી. આ સેવાકાર્ય માત્ર એક ભવનનું નિર્માણ નથી, પરંતુ જરૂરિયાતમંદ અંધ માતાઓ અને દીકરી ઓના જીવનમાં આશા, આત્મનિર્ભરતા અને સુરક્ષાનું નવું સોપાન ઊભું કરવાનો પવિત્ર પ્રયાસ છે. આમ "માનવસેવા એ જ સાચી ઈશ્વરસેવા અને નિઃસ્વાર્થ સેવા એ સમાજની સૌથી મોટી સંપત્તિ છે."

## ખુલ્લેઆમ ગંદકીથી લોકોમાં રોષ

# જામનગરની શાન સમા રણમલ તળાવની સુંદરતા પર કચરાનું ગ્રહણ



જામનગર : જામનગરની ઓળખ સમાન રણમલ તળાવની સુંદરતા જાળવવા માટે એક તરફ વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ તળાવની આસપાસ જાહેરમાં કચરો ઠલવાતો હોવાના કારણે સમગ્ર વિસ્તારની સ્વચ્છતા અને પર્યાવરણ સામે સવાલો ઊભા થયા છે. મીગ કોલોનીથી તુલસી ટ્રાવેલ સુધીના માર્ગ પર ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળતા હોવાના કારણે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.તળાવની આસપાસ ખુલ્લામાં ફેંકવામાં આવતા કચરામાં ખાદ્ય પદાર્થો સહિતનો કચરો હોવાથી ગાય સહિતનાં પશુઓ આ કચરો ખાવા મજબૂર બને છે. પરિણામે પશુઓના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થાય છે. બીજી તરફ કચરો લાંબા સમય સુધી પડ્યો રહેતા દુર્ગંધ, ગંદકી અને મચ્છર-જીવાતોના ઉપદ્રવની સમસ્યા સર્જાવાની ભીતિ પણ વ્યક્ત થઈ રહી છે.

## તહેવારો પહેલાં સોનાના દાગીના અંગે મોટો નિર્ણય

# હોલમાર્કિંગ ફીમાં 67 ટકાનો વધારો; ગ્રાહકો પર શું અસર થશે?

(એજન્સી) નવી દિલ્હી | તા 17

તહેવારો પૂર્વે BIS દ્વારા હોલમાર્કિંગ ચાર્જમાં 67%નો વધારો કરાયો છે. હવે સોનાના પ્રતિ આર્ટિકલ 45ને બદલે 75 રૂપિયા ચૂકવવા પડશે. જોકે, આ ચાર્જ સીધો ગ્રાહકોને લાગુ નહીં પડે, જ્વેલર્સ દ્વારા ચૂકવાશે. જ્વેલર્સ મેકિંગ ચાર્જમાં વધારો કરીને ગ્રાહક પાસેથી વસૂલી શકે છે. ચાંદીના હોલમાર્કિંગ ચાર્જમાં કોઈ ફેરફાર થયો નથી. તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલાં જ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા હોલમાર્કિંગ ચાર્જમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. આ ચાર્જમાં 67 ટકા જેટલો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેના કારણે હવે પચાસ રૂપિયાથી વધારીને હોલમાર્કિંગ ચાર્જ 75 રૂપિયા કરી દેવામાં આવ્યો છે. અગાઉ આ ચાર્જ 45 રૂપિયા હતો. સરકારી નોટિફિકેશન મુજબ, આ ચાર્જ સીધા ગ્રાહકો પાસેથી લેવાનો રહેતો નથી અને તે માત્ર સોની (જ્વેલર્સ) દ્વારા જ ચૂકવવામાં આવે છે. તેથી, સામાન્ય ગ્રાહકો પર તેની સીધી કોઈ અસર પડતી નથી. 75 રૂપિયાની આ ફીસ જ્વેલર્સ દ્વારા હોલમાર્કિંગ સેન્ટર્સને ચૂકવવામાં આવે છે.જો જ્વેલર્સ ઈચ્છે તો આ 30 રૂપિયાનો વધારાનો ખર્ચ પોતાની મેળે લઈ શકે છે અથવા તો તેને દાગીનાના મેકિંગ ચાર્જ તથા ઓવરઓલ પ્રાઈસિંગમાં જોડીને ગ્રાહકો પાસેથી



વસૂલી શકે છે.સરકારી નોટિફિકેશનમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હોલમાર્કિંગ સેન્ટર્સ દ્વારા સોનાના પ્રતિ આર્ટિકલ પર 7.50 રૂપિયા (કંસાઈનમેન્ટ દીઠ ઓછામાં ઓછા 20 રૂપિયા) અને ચાંદીના પ્રતિ આર્ટિકલ પર 3.50 રૂપિયા (કંસાઈનમેન્ટ દીઠ ઓછામાં ઓછા 15 રૂપિયા) બીઆઈએસને ચૂકવવા પડશે, જેમાં ટેક્સ અલગથી લાગુ થશે.આ નવા ફેરફારો વચ્ચે સોનાના કંસાઈનમેન્ટની લઘુત્તમ ફી 200 રૂપિયા જ યથાવત રાખવામાં આવી છે, એટલે કે એક કંસાઈનમેન્ટ પર ઓછામાં ઓછા 200 રૂપિયા જ ચૂકવવા પડશે. આ ઉપરાંત, ચાંદીના નિયમોમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ચાંદીની વસ્તુઓ માટે હોલમાર્કિંગ ફી પ્રતિ આર્ટિકલ 35 રૂપિયા સ્થિર રાખવામાં આવી છે અને તેના માટેનું કંસાઈનમેન્ટ ચાર્જ 150 રૂપિયા જ છે.

## રૂ. 2,000થી વધુના UPI વ્યવહારો પર ચાર્જ, સમજો ગ્રાહકો-વેપારીઓને લગતા નિયમો સરળ શબ્દોમાં

(એજન્સી) નવી દિલ્હી | તા 17

NPCI 15 ઓક્ટોબર, 2026 થી UPI માટે નવો MDR લાગુ કરશે. 2000 થી વધુના વ્યવહારો પર મોટા વેપારીઓને 0.4% ચાર્જ લાગશે, પરંતુ નાના વેપારીઓ અને ગ્રાહકો માટે UPI મફત રહેશે. રેલવે, વીમા અને પેટ્રોલ પંપ જેવા ક્ષેત્રોમાં 2000 થી વધુના વ્યવહારો પર 5 નો ફ્લેટ ચાર્જ લાગશે. આ નિર્ણય UPI સિસ્ટમને વધુ મજબૂત બનાવશે. આજકાલ આપણે સૌ UPI નો વત્તે ઓછે અંશે ઉપયોગ કરીએ જ છીએ અમુક લોકો તો તેમના શક્ય એટલા બધા જ વ્યવહાર UPI દ્વારા કરે છે. 'નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (NPCI) અને કેન્દ્ર સરકાર 15 ઓક્ટોબર, 2026 થી નવો 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (MDR) લાગુ કરવા જઈ રહી છે. શું ખરેખર તમારા ખિસ્સા પર તેની કોઈ અસર પડશે?

પ્રશ્ન 1: નવો UPI નિયમ શું છે અને તે ક્યારથી અમલમાં આવશે?

જવાબ: NPCI ના નવા નિયમ હેઠળ મોટા વેપારીઓને 2000 રૂપિયાથી વધુના UPI પેમેન્ટ પર MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) ચાર્જ ચૂકવવો પડશે.

## News Brief

### બજાજ ઈલેક્ટ્રિકલ્સ હવે કો-પાવર્ડ બાય સ્પોન્સર તરીકે બિગ બોસ હિન્દી સિઝન 20 સાથે જોડાશે

(એજન્સી) નવી દિલ્હી | તા 17

બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ હવે બીગ બોસ હિન્દી સિઝન 20ના કો-પાવર્ડ બાય સ્પોન્સર તરીકે જોડાઈ રહ્યું છે, જે તેની રોજિંદી હાઉસહોલ્ડ શ્રેણીની ત્રણ વસ્તુઓ ગીઝર્સ, મિક્સર ગ્રાઈન્ડર્સ અને વાયર્સને ભારતના સૌથી વધુ જોવાતી એન્ટરટેઈનમેન્ટ પ્રોપર્ટીસમાં મૂકશે. આઠ દાયકાઓથી ભારતીય ઘરોનો હિસ્સો હોય તેવી બ્રાન્ડ માટે આ સંપૂર્ણપણે યોગ્ય છે. બિગ બોસ હાઉસના રસોડા અને બાથરૂમ – જ્યાં મિક્સર્સ અને ગીઝરનો ઉપયોગ નિયમિત હોય છે, તે બ્રાન્ડ માટેનું મંચ બની જાય છે, જેમાં આ જગ્યાઓ પર બજાજ ઈલેક્ટ્રિકલ્સનું બ્રાન્ડિંગ હોય છે અને સમગ્ર સીઝન દરમિયાન સંબંધિત ઓન-એર પળોમાં તેનો લોગો પણ તેમાં જોવા મળશે. આ ત્રણ શ્રેણી શોમાં એક અલગ જ ઉમેરો લઈને આવશે: મિક્સર ગ્રાઈન્ડર્સ એ નેતૃત્વ, વૈવિધ્યતા અને રોજિંદા કામકાજ માટે; ગીઝર્સ એ ડિઝાઈન, નવી શોધ અને સરળતા માટે અને વાયર્સ એ નવીનતા, વિશ્વસનીયતા અને સલામતી માટે છે. સ્થિર બ્રાન્ડિંગ ઉપરાંત તેઓ ઉત્પાદન-આધારિત કાર્યોમાં દેખાશે, જે આ પ્રોપર્ટીસને ઘરમાં જીવંત બનાવશે – હોસ્ટ સલમાન ખાન દ્વારા ઉલ્લેખો, પરિચિત બજાજ જિંગલ, દર્શકો માટેની સ્પર્ધાઓ અને ટેલિવિઝન તથા ડિજિટલ પરની જાહેરાતોથી સમર્થીત હશે.સમય પણ નક્કી કરવામાં આવી છે. આ સહયોગ ત્યારે આવ્યો છે, જ્યારે બજાજ ઈલેક્ટ્રિકલ્સ પોતાના ગ્રાહક વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને પોતાના પોર્ટફોલિયોને વિસ્તૃત કરી રહ્યું છે – એ પણ એક એવા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને જેની ખરેખર રાષ્ટ્રીય પહોંચ છે, જેથી તે પોતાની વિકસતી શ્રેણીને પહેલેથી જ સેવા આપતા ઘરોની નજીક લાવી શકે.શેખર બજાજ, ચેરમેન, બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ, કહે છે: 'બજાજ ઈલેક્ટ્રિકલ્સ આઠ દાયકાઓથી વધુ સમયથી ભારતીય ઘરોમાં વસે છે, એક પેઢી પછી બીજી પેઢીનો વિશ્વાસ ધરાવે છે. ભારતની પોતાની બ્રાન્ડ તરીકે, વ્યાપકપણે લોકપ્રિય શો 'બિગ બોસ' સાથે સહયોગ અમને અમારી ઉત્પાદન શ્રેણી રજૂ કરવાની સાથોસાથ આજના દર્શકો સાથે તે અંગે સંવાદ ઊભો કરવાની પણ તક આપે છે.'સંજય સચદેવ, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ કહે છે, "આ સહયોગથી અમારો પ્રવાસ એક ઉત્સાહજનક તબક્કામાં પહોંચ્યો છે, જ્યાં અમે અમારા બ્રાન્ડ્સ અને સંસ્થાને પરિવર્તિત કરીને આજના ગ્રાહકોની સાથે જોડી રહ્યા છીએ. જેમ-જેમ અમે અમારા કન્ઝ્યુમર બિઝનેસને મજબૂત બનાવી રહ્યા છીએ, ત્યારે બિગ બોસ જેવું પ્લેટફોર્મ એ અમારા ગીઝર્સ, મિક્સર્સ અને વાયર્સ જેવી મુખ્ય અને નવીનતા ધરાવતી શ્રેણીને દેશની સાથે જોડાવવા માટેનું એક ખાસ મંચ પૂરું પાડે છે, જે આજે અને આવતીકાલના ભારતીયો માટે બ્રાન્ડને વધુ સંબંધિત બનવામાં મદદ કરે છે."

### ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સે આઈએએ ટ્રાન્સપોર્ટેશન 2026 ખાતે ઈન્ટીગ્રેટેડ મોબિલિટી સોલ્યુશન્સ રજૂ કર્યા

પૂણે: વૈશ્વિક OEM (ઓરિજિનલ ઈક્વિપમેન્ટ્સ મેન્યુફેક્ચરર્સ) ને સેવા આપતી અગ્રણી ઓટોમોટિવ કોમ્પોનન્ટ્સ અને મોબિલિટી સોલ્યુશન્સ કંપની ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ લિમિટેડ 15 થી 20 સપ્ટેમ્બર, 2026 દરમિયાન જર્મનીના હેનોવરમાં ચાલનારા IAA ટ્રાન્સપોર્ટેશન 2026 ખાતે કોમર્શિયલ વ્હીકલ સેક્ટર માટે તેની ક્ષમતાઓ પ્રદર્શિત કરી રહી છે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન ટાટા મોટર્સના CVCPO જયકુમાર ચુત્તાર અને PACCAR ના CPO બ્રેનન ગોર્ડી દ્વારા કરવામાં આવ્યું હતું.'IAA ટ્રાન્સપોર્ટેશન 2026' એ કોમર્શિયલ વાહનો, પરિવહન અને ગતિશીલતા માટે વિશ્વના અગ્રણી પ્લેટફોર્મ્સમાંનું એક છે, જે કનેક્ટેડ, ઈલેક્ટ્રિક, ટકાઉ અને બુદ્ધિશાળી ગતિશીલતામાં નવીનતાઓ પ્રદર્શિત કરવા માટે વૈશ્વિક ઉદ્યોગના નેતાઓને એકસાથે લાવે છે. આ કાર્યક્રમમાં, ટાટા ગ્રૂપની કંપની અને સૌથી વૈવિધ્યસભર મોબિલિટી સોલ્યુશન્સ પ્રદાતાઓમાંની એક એવી ટાટા ઓટોકોમ્પે અગ્રણી આંતરરાષ્ટ્રીય ઓટો ઘટક ઉત્પાદકો સાથેની 11 સંયુક્ત સાહસો સહિત 22 બિઝનેસ યુનિટ્સ દ્વારા તેની વૈશ્વિક ક્ષમતાઓને ઉજાગર કરી. મુખ્ય વૈશ્વિક બજારોમાં મજબૂત હાજરી અને વિશ્વભરમાં 74 ઉત્પાદન સુવિધાઓના નેટવર્ક સાથે કંપની ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ અદ્યતન, સ્થાનિક મોબિલિટી સોલ્યુશન્સ પ્રદાન કરે છે.ટાટા ઓટોકોમ્પ ચાર મુખ્ય ટેક્નોલોજી વર્ટિકલ્સમાં તેની ક્ષમતાઓ પ્રદર્શિત કરી રહી છે: ઈલેક્ટ્રિકલ્સ અને EV, ઈન્ટિરિયર અને એક્સ્ટિરિયર, થર્મલ અને સર્વિસીઝ. મજબૂત ઈન-હાઉસ એન્જિનિયરિંગ અને ઉત્પાદન કુશળતા, વૈશ્વિક ટેક્નોલોજી ભાગીદારી અને ટકાઉ ગતિશીલતા પર વધતા ધ્યાન દ્વારા સમર્થિત, કંપની વાહન ઈલેક્ટ્રિકલ સિસ્ટમ્સ, થર્મલ મેનેજમેન્ટ, ઈન્ટિરિયર્સ અને એક્સ્ટિરિયર્સ, અને એન્જિનિયરિંગ-આધારિત સેવાઓ સુધીના સોલ્યુશન્સ પ્રદાન કરે છે અને વિશ્વાસપાત્ર સપ્લાય ચેઈન પાર્ટનર તરીકે વૈશ્વિક OEM ને સપ્લાય કરવા માટે સારી સ્થિતિમાં છે.

## એફએક્સ મલ્ટીટેક લિમિટેડે રૂ. 45.24 કરોડના આઈપીઓની જાહેરાત કરી, ઈશ્યૂ 21 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

અમદાવાદ : એચવીએસી અને ઈન્ડસ્ટ્રીયલ રેફ્રિજરેશન/ચિલર પ્લાન્ટ સિસ્ટમ્સ માટે સંપૂર્ણ સોલ્યુશન્સ પૂરા પાડતી કંપની એફએક્સ મલ્ટીટેક લિમિટેડે રૂ. 45.24 કરોડનો આઈપીઓ લાવવાની યોજના બનાવી છે. આઈપીઓ માટે સબ્સ્ક્રીપ્શન 21 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને 23 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. કંપનીના ઈક્વિટી શેર બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આઈપીઓમાં રૂ. 41.20 કરોડના 35.52 લાખ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. 4.04 કરોડના 3.48 લાખ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ રૂ. 110થી રૂ. 116 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે દરેક શેરની ફેસ વેલ્યુ રૂ. 10 છે. લોટ સાઈઝ 1,200 ઈક્વિટી શેરની છે. રિટેલ રોકાણકારોએ ઓછામાં ઓછા બે લોટ એટલે કે 2,400 શેર માટે અરજી કરવી પડશે.કંપનીએ વ્યૂહાત્મક સોર્સિંગ, અમલીકરણ, એન્જિનિયરિંગ અને ટેક્નિકલ સપોર્ટ, સિસ્ટમ ઈન્ટિગ્રેશન, મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ સુધી પહોંચ અને આફ્ટર સેલ્સ સર્વિસ જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેતું એક સંકલિત બિઝનેસ મોડલ ઊભું કર્યું છે. 30 વર્ષથી વધુ સમયના ઉદ્યોગ અનુભવ સાથે એફએક્સ મલ્ટીટેકે ભારતમાં 20થી વધુ રાજ્યોમાં પોતાની હાજરી સ્થાપિત કરી છે. કંપની પાસે પાંચ વેરહાઉસ, 48 કર્મચારીઓની ટીમ અને 10થી વધુ વૈશ્વિક ઓઈએમ સાથેની ભાગીદારી છે. એફએક્સ મલ્ટીટેકે તેના સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામોમાં સતત વૃદ્ધિ નોંધાવી છે. કામગીરીમાંથી આવક નાણાંકીય વર્ષ 2024માં રૂ. 68.52 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2025માં રૂ. 101.77 કરોડ અને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 111.57 કરોડ થઈ હતી. સ્ટેન્ડઅલોન એબિટા નાણાંકીય વર્ષ 2024માં રૂ. 6.95 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2025માં રૂ. 14.09 કરોડ અને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 17.26 કરોડ રહી હતી. આ સમયગાળા દરમિયાન એબિટા માર્જિન 10.15 ટકાથી વધીને 15.47 ટકા થયું હતું.સ્ટેન્ડઅલોન ધોરણે ચોખ્ખો નફો નાણાંકીય વર્ષ 2024માં રૂ. 4.18 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2025માં રૂ. 9.64 કરોડ અને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 11.54 કરોડ થયો હતો. ચોખ્ખા નફાનું માર્જિન નાણાંકીય વર્ષ 2024માં 6.10 ટકાથી વધીને નાણાંકીય વર્ષ 2026માં 10.34 ટકા થયું હતું. કંપનીએ નાણાંકીય વર્ષ 2026માં 35.92 ટકાનું આરઓઈ અને 30.47 ટકાનું આરઓસીઈ નોંધાવ્યું હતું.કન્સોલિડેટેડ ધોરણે કામગીરીમાંથી આવક નાણાંકીય વર્ષ 2025માં રૂ. 102.01 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 126.14 કરોડ થઈ હતી, જે આશરે 23.7 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

## એક્ઝિઓમ ગેસ એન્જિનિયરિંગ લિમિટેડ 18 સપ્ટેમ્બરે રૂ. 50.75 કરોડનો આઈપીઓ લોન્ચ કરશે

અમદાવાદ : ઓટો લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (ઓટો એલપીજી)ના ડિસ્ટ્રીબ્યુશન અને રિટેલિંગ સાથે સંકળાયેલી એક્ઝિઓમ ગેસ એન્જિનિયરિંગ લિમિટેડ તેનો આઈપીઓ 18 સપ્ટેમ્બર, 2026ના રોજ લોન્ચ કરશે. આ ઈશ્યૂમાં 22 સપ્ટેમ્બર, 2026 સુધી રોકાણ માટે અરજી કરી શકાશે. કંપની તેના ઈક્વિટી શેર એનએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ કરવાની દરખાસ્ત ધરાવે છે.આઈપીઓમાં કુલ 93.98 લાખ ઈક્વિટી શેરનો સંપૂર્ણપણે ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેની કુલ કિંમત રૂ. 50.75 કરોડ છે. શેર માટે પ્રાઈઝ બેન્ડ રૂ. 51 થી રૂ. 54 નક્કી કરવામાં આવ્યો છે અને લોટ સાઈઝ 2,000 શેરની છે. અપર પ્રાઈઝ બેન્ડ મુજબ, રિટેલ રોકાણકારોએ ઓછામાં ઓછા 4,000 શેર માટે અરજી કરવી પડશે, જેના માટે રૂ. 2.16 લાખનું રોકાણ કરવું પડશે, જ્યારે એચએનઆઈ રોકાણકારો માટે લઘુત્તમ અરજી 6,000 શેરની રહેશે, જેની કિંમત રૂ. 3.24 લાખ થશે.એસકેઆઈ કેપિટલ સર્વિસીસ લિમિટેડ આ ઈશ્યૂ માટે બુક રનિંગ લીડ મેનેજર છે, કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ રજિસ્ટ્રાર છે અને સનફ્લાવર બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડ માર્કેટ મેકર છે. 2007માં સ્થપાયેલી એક્ઝિઓમ ગેસ એન્જિનિયરિંગ શરૂઆતમાં ઈપીસી કંપની તરીકે કામ કરતી હતી અને ઓટો એલપીજી ડિસ્પેન્સિંગ સ્ટેશન્સ (એએલડીએસ)ના ઈન્સ્ટોલેશન અને મેઈન્ટેનન્સ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી. ત્યારબાદ કંપનીએ ઓટો એલપીજીના ડિસ્ટ્રીબ્યુશન અને રિટેલ વેચાણના ક્ષેત્રે વિસ્તરણ કર્યું અને "પ્રાઈમફ્યુઅલ" બ્રાન્ડ હેઠળ કામગીરી શરૂ કરી. હાલમાં કંપનીનું તેલંગાણા, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં 22 એએલડીએસનું નેટવર્ક છે. આ ઉપરાંત કંપની પાસે 100 એમટી ક્ષમતાનો એલપીજી સ્ટોરેજ અને બોટલિંગ પ્લાન્ટ છે, જ્યારે વધુ 100 એમટી ક્ષમતાના બોટલિંગ પ્લાન્ટ ઊભા કરવાની કામગીરી હાલ ચાલુ છે. કંપનીએ ઓટો એલપીજીના ડિસ્ટ્રીબ્યુશન, રિટેલ વેચાણ અને તેને લગતી એન્જિનિયરિંગ ક્ષમતાઓને આધારે પોતાનો વ્યવસાય વિકસાવ્યો છે. કંપનીના પ્રમોટર્સને ઓઈલ એન્ડ ગેસ ક્ષેત્રમાં કુલ 45 વર્ષથી વધુનો અનુભવ છે. જ્યારે મેનેજમેન્ટ ટીમને એન્જિનિયરિંગ, કામગીરી, નાણાં, બિઝનેસ ડેવલપમેન્ટ તેમજ ઓટો એલપીજી/સીએનજી પ્રોજેક્ટ્સના ક્ષેત્રમાં અનુભવ છે.એક્ઝિઓમ ગેસ એન્જિનિયરિંગે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમિયાન આવક અને નફામાં સતત વૃદ્ધિ નોંધાવી છે. કામગીરીમાંથી મળતી આવક નાણાંકીય વર્ષ 2024માં રૂ. 74.54 કરોડ હતી, જે નાણાંકીય વર્ષ 2025માં વધીને રૂ. 89.84 કરોડ અને નાણાંકીય વર્ષ 2026માં વધુ વધીને રૂ. 100.76 કરોડ થઈ હતી. એબિટા નાણાંકીય વર્ષ 2024માં રૂ. 10.01 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2025માં રૂ. 13.29 કરોડ ને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 15.48 કરોડ રહી હતી. ચોખ્ખો નફો નાણાંકીય વર્ષ 2024માં રૂ. 5.74 કરોડ, નાણાંકીય વર્ષ 2025માં રૂ. 7.75 કરોડ અને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 9.45 કરોડ રહ્યો હતો. કંપની આઈપીઓમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ મૂડી ખર્ચ, ઉધારની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની યોજના ધરાવે છે. આ રકમમાંથી રૂ. 27.60 કરોડ મૂડી ખર્ચ માટે અને રૂ. 9.12 કરોડ ઉધારની ચુકવણી માટે ફાળવવામાં આવ્યા છે.એક્ઝિઓમ ગેસ એન્જિનિયરિંગ ઓટો એલપીજીના રિટેલ નેટવર્કના વિસ્તરણને ટેકો આપવા તેમજ પોતાની કામગીરી માટેની માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે મૂડીનો ઉપયોગ કરવા માગે છે.

### કલેરિટી એક્ટ આગળ ધપાવવામાં સેનેટ નિષ્ફળ રહેતા તેની પણ બજાર પર અસર

## ફેડરલના નિર્ણય પૂર્વે બિટકોઈને ૭૫૦૦૦ ડોલરની સપાટી ગુમાવી



મુંબઈ : કલેરિટી એક્ટને આગળ ધપાવવામાં અમેરિકન સેનેટ નિષ્ફળ રહેતા ક્રિપ્ટો કરન્સીઝ બજાર પર તેની અસર જોવા મળી હતી અને મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં નીચામાં ૭૪૯૮૪ ડોલર સુધી જોવાયો હતો. ફેડરલ રિઝર્વના વ્યાજ દર અંગે નિર્ણય પર પણ બજારની નજર રહેલી છે.ક્રિપ્ટો એક્સચેન્જોએ એકંદર ૫૭ કરોડ ડોલરની લોન્ગ પોઝિશન લિક્વિડેટ કરી નાખી હતી. જે ૨૨ ઓગસ્ટ બાદ સૌથી ઊંચી રહી છે.બિટકોઈન ઉપરાંત અન્ય ક્રિપ્ટોસ એક્સઆરબી, બીનાન્સ, એથરમ સહિતની ક્રિપ્ટોસમાં મોટું કરેકશન આવ્યું હતું. કલેરિટી એક્ટ આગળ ધપી શકશે તેવી ધારણાંએ ગયા સપ્તાહમાં ક્રિપ્ટોસ માર્કેટને બળ મળ્યુ હતું અને બિટકોઈન એક સમયે ૮૦,૦૦૦ ડોલરને પાર કરી ગયો હતો.અમેરિકામાં ટ્રેઝરી ડેબ્ટના બાયબેકની જાહેરાત તથા પ્રમુખ ટ્રમ્પે કલેરિટી એક્ટને આગળ વધારવા કોંગ્રેસને કરેલી હાકલ જેવા પોઝિટિવ પરિબળોના ટેકા સાથે ઓગસ્ટના બીજા પખવાડિયાથી બિટકોઈન સહિતની ક્રિપ્ટોકરન્સીઝમાં રેલી જોવા મળી હતી. કલેરિટી એક્ટ ક્રિપ્ટોકરન્સીઝ ક્ષેત્ર માટે સાનુકૂળ બની રહેવાની ધારણાં રાખવામાં આવી રહી છે, જો કે તેને આગળ ધપાવવા માટે સેનેટમાં પૂરતા મત પ્રાપ્ત નહીં થતા એક્ટને હાલમાં બ્રેક લાગી છે, એમ બજારના વર્તુળોએ જણાવ્યું હતું.કલેરિટી એક્ટ ઉપરાંત અમેરિકામાં વ્યાજ દરમાં વધારો થવાની શકયતા વધી જતા તેને કારણે પણ ક્રિપ્ટો કરન્સીઝ જેવી જોખમી એસેટસમાંથી રોકાણકારોની પીછેહઠ જોવા મળી રહી છે.

### A027 માટે 'કિયા ઈન્ડિયા બોલકિડ્સ પ્રોગ્રામ'માં પ્રવેશ પ્રક્રિયા શરૂ

## કિયા ઈન્ડિયા યુવા ટેનિસ ઉત્સાહીઓને ઓસ્ટ્રેલિયન ઓપન 2027માં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક

નવી દિલ્હી : દેશની અગ્રણી 'માસ-પ્રીમિયમ' વાહન ઉત્પાદક કંપની અને ઓસ્ટ્રેલિયન ઓપનની લાંબા સમયની ભાગીદાર 'કિયા ઈન્ડિયા'એ આજે AO27 માટે 'કિયા ઈન્ડિયા બોલકિડ્સ પ્રોગ્રામ'માં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી છે. આ કાર્યક્રમ યુવા ટેનિસ ઉત્સાહીઓને વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત રમતગમતની ઘટનાઓમાંની એકને નજીકથી અનુભવવાની તક પૂરી પાડે છે.12-15 વર્ષની વયનાં છોકરા-છોકરીઓ સમર્પિત પ્રોગ્રામ માઈક્રોસાઈટ દ્વારા ડિજિટલી તેમની એન્ટ્રી સુપરત કરી શકે છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ટેનિસનો કોઈ અગાઉનો અનુભવ જરૂરી નથી. કાર્યક્રમ પાત્રતાના માપદંડો, રજિસ્ટ્રેશન પ્રક્રિયા અને નિયમો અને શરતો વિશે વધુ માહિતી માટે કૃપા કરીને 'કિયા ઈન્ડિયા બોલકિડ્સપ્રોગ્રામ એટ AO27 | ઓફિશિયલ પોર્ટલ'ની વિઝિટ કરો.આ પ્રસંગે બોલતાં કિયા ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અતુલ સૂદે કહ્યું,




"ઓસ્ટ્રેલિયન ઓપન સાથેના અમારા લાંબા સમયના જોડાણે અમને વિશ્વની કેટલીક સૌથી રોમાંચક ટેનિસ ક્ષણોનો હિસ્સો બનવાની અને વિવિધ બજારોમાં ચાહકો સાથે જોડાવાની તક આપી છે. AO27 માટે 'કિયા ઈન્ડિયા બોલકિડ્સ પ્રોગ્રામ' દ્વારા અમે ભારતના યુવા ટેનિસ ઉત્સાહીઓ સુધી આ જોડાણનો વિસ્તાર કરતાં આનંદ અનુભવીએ છીએ. આ તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતનો અનુભવ કરવાની અને ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમતની ગતિવિધિઓનો હિસ્સો બનવાની તક આપશે. અમે દેશભરના યુવા સહભાગીઓને પસંદગી પ્રક્રિયામાં ભાગ લેતા જોવા માટે ઉત્સુક છીએ.

### વૈશ્વિક બજારમાં ભારતીય રિફાઈનરોના નફાના માર્જિનમાં સુધારો થશે

## સરકારે પેટ્રોલ-ડીઝલ પર વિન્ડફોલ ટેક્સ ઘટાડ્યો: કંપનીઓની બલ્લે-બલ્લે, પણ સામાન્ય જનતાને શું મળશે?

(એજન્સી) નવી દિલ્હી | તા 17

કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને ATF પરના વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો કર્યો છે. ડીઝલ નિકાસ ડ્યુટી 5 રૂપિયા, ATF પર 4 રૂપિયા અને પેટ્રોલ પર 1 રૂપિયા ઘટાડાઈ છે. આ ઘટાડો ઓઈલ રિફાઈનરીઓ અને નિકાસ કંપનીઓને ફાયદો કરાવશે. સામાન્ય જનતાને પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ રાહત નહીં મળે, કારણ કે આ ઘટાડો રિટેલ ભાવ પર નહીં, પરંતુ નિકાસ પર લાગતા ટેક્સ પર કરાયો છે.કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પર ટેક્સમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ડીઝલ નિકાસ ડ્યુટી 5 રૂપિયા ઘટાડી દેવામાં આવી છે. ડીઝલ પરનો વિન્ડફોલ ટેક્સ 25 રૂપિયાથી ઘટાડીને 20 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. જેટ ફ્યુઅલ (ATF) નિકાસ પરનો ટેક્સ 19 રૂપિયાથી ઘટાડીને 15 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. પેટ્રોલ નિકાસ પરનો ટેક્સ 1.5 રૂપિયાથી ઘટાડીને 0.5 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. આ સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) તરીકે વસૂલવામાં આવશે.પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ ઘટાડાના અહેવાલો સામે આવતા જ પહેલો પ્રશ્ન એ થાય છે કે શું તેનાથી સામાન્ય માણસને ફાયદો થશે? જોકે, પેટ્રોલ અને ડીઝલ પરના અણધાર્યા ટેક્સમાં ઘટાડો કરવાથી તમારા કે આપણા ખિસ્સામાં હાલ કોઈ રાહત



નહીં મળે. તેનો ફાયદો દેશની ઓઈલ રિફાઈનરીઓ અને નિકાસ કંપનીઓને થશે.આ ઘટાડો ભારતમાં પેટ્રોલ પંપ પર વેચાતા પેટ્રોલ અને ડીઝલ પર નથી, પરંતુ વિન્ડફોલ ટેક્સ પર છે. વિન્ડફોલ ટેક્સ એ એક ફી છે જે કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચા ભાવે ઈંધણ વેચીને અણધાર્યા નફા માટે સરકારને ચૂકવે છે. સરકારે આ નિકાસ ડ્યુટી ઘટાડી છે, જેનો અર્થ એ છે કે દેશભરના રિટેલ પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલના ભાવ યથાવત્ રહેશે.મિડલ ઈસ્ટમાં વધતા તણાવ અને સાઉદી અરબના પાઈપલાઈન ઈન્ફ્રસ્ટ્રક્ચરમાં આવેલા અવરોધને કારણે આંતરરાષ્ટ્રીય ઓઈલ માર્કેટમાં નોંધપાત્ર ઉથલપાથલ થઈ છે. આવા વૈશ્વિક દબાણ વચ્ચે, નિકાસ ડ્યુટીમાં ઘટાડો રિફાઈનરી કંપનીઓ માટે મોટી રાહત તરીકે આવ્યો છે. આનાથી વૈશ્વિક બજારમાં ભારતીય રિફાઈનરોના નફાના માર્જિનમાં સુધારો થશે.

## એમડીઆર યુપીઆઈની ટકાઉપણાને મજબૂત બનાવશે, નવીનતાને પ્રોત્સાહન આપશે, છેતરપિંડી ઘટાડશે અને વ્યાપક સ્વીકાર વધારશે: એસોચેમ

(એજન્સી) નવી દિલ્હી | તા 17

૩ કરોડથી વધુ સૂક્ષ્મ એકમોને યુપીઆઈ વ્યવહારો પર કોઈ એમડીઆર ચાર્જ ચૂકવવો પડશે નહીં, કારણ કે તેમનું માસિક ટર્નઓવર ૧ લાખ રૂપિયાથી ઓછું છે. વ્યક્તિથી વ્યક્તિના વ્યવહારો પર પણ યુપીઆઈ માટે કોઈ એમડીઆર ચાર્જ લાગશે નહીં. એસોચેમના પ્રમુખ શ્રી નિર્મલ કે. મિંડાએ મોટા મૂલ્યના વેપારી વ્યવહારો માટેના નવા યુપીઆઈ માળખાને આવકાર્યું છે. તેમણે જણાવ્યું કે આ માળખું યુપીઆઈની ટકાઉપણાને મજબૂત બનાવશે, નવીનતાને પ્રોત્સાહન આપશે, છેતરપિંડી ઘટાડશે અને વ્યાપક સ્વીકાર વધારશે. આ માળખું ચુકવણીના માળખાગત સુવિધાઓ અને ચુકવણી સ્વીકારતા નેટવર્કને મજબૂત બનાવશે, જેથી યુપીઆઈનો વધુ વિસ્તરણ થઈ શકે અને સમગ્ર દેશમાં ગ્રાહકો તથા વ્યવસાયોને સેવા આપી શકાય.તમામ વ્યક્તિથી વ્યક્તિ (પીરપી) યુપીઆઈ વ્યવહારોને ટ્રાન્સફર કરવામાં આવેલી રકમને ધ્યાનમાં લીધા વિના સંપૂર્ણપણે મફત રાખવાના સરકારના સંતુલિત અભિગમને એસોચેમ આવકારે છે. ૨,૦૦૦ રૂપિયા સુધીની વેપારી ચુકવણીઓ પણ એમડીઆરથી મુક્ત રહેશે.આ માળખા હેઠળ પાત્ર નાના



વેપારીઓ, જેમાં રસ્તા પરના વિક્રેતાઓ અને સ્થાનિક વ્યવસાયોનો સમાવેશ થાય છે, તેઓ યુપીઆઈ ક્યુઆર કોડ દ્વારા પીરએમ શ્રેણી હેઠળ દર મહિને ૧ લાખ રૂપિયા સુધી પ્રાપ્ત થતી રકમ પર શૂન્ય એમડીઆરનો લાભ મેળવતા રહેશે. આનાથી સૂક્ષ્મ અને નાના વ્યવસાયોને વધારાના ચુકવણી ખર્ચથી સુરક્ષિત રાખવામાં મદદ મળશે. ભારતમાં ૩ કરોડથી વધુ સૂક્ષ્મ એકમો છે, જેમનું માસિક ટર્નઓવર ૧ લાખ રૂપિયાથી ઓછું હોવાથી તેમને યુપીઆઈ વ્યવહારો પર કોઈ એમડીઆર ચાર્જ ચૂકવવો પડશે નહીં.મહત્વપૂર્ણ રીતે, લગભગ ૯૬ ટકા વેપારી વ્યવહારો પર કોઈ અસર થશે નહીં અને એમડીઆર માત્ર આશરે ૪ ટકા પીરએમ વ્યવહારો પર જ લાગુ થશે. આનાથી રોજિંદા વેપારી વ્યવહારોનો મોટાભાગનો હિસ્સો એમડીઆરની કોઈ અસર વિના ચાલુ રહેશે.૨,૦૦૦ રૂપિયાથી વધુના નિર્ધારિત વેપારી વ્યવહારો પર ૦.૪ ટકાનો એમડીઆર લાગુ થશે, જે ૭૫,૦૦૦ રૂપિયા અને તેનાથી વધુના વ્યવહારો માટે મહત્તમ ૩૦૦ રૂપિયા સુધી મર્યાદિત રહેશે. રેલવે, ટેલિકોમ્યુનિકેશન, વીમા, ઈંધણ અને કૃષિ ઈનપુટ્સ જેવા આવશ્યક અને ઓછા નફાના માર્જિન ધરાવતા ક્ષેત્રોમાં ૨,૦૦૦ રૂપિયાથી વધુના વ્યવહારો પર ૫ રૂપિયાનો સમાન એમડીઆર લાગુ થશે.મ્યુચ્યુઅલ ફંડ, સિક્યોરિટીઝ, સ્ટોકબ્રોકરો અને ડીલરો સહિત મૂડી બજારના વ્યવહારો માટે એમડીઆર ૦.૦૨ ટકા રહેશે, જે પ્રતિ વ્યવહાર મહત્તમ ૩૦૦ રૂપિયા સુધી મર્યાદિત રહેશે. આનાથી ઔપચારિક નાણાકીય બજારોમાં ડિજિટલ વ્યવહારોના સતત સ્વીકારને ટેકો મળશે.આ માળખા હેઠળ એક સમર્પિત ભંડોળની પણ રચના કરવામાં આવશે. કુલ એમડીઆર વસૂલાતના ૫ ટકાનો ઉપયોગ નાના વેપારીઓમાં યુપીઆઈનો સ્વીકાર વધારવા અને ખાસ કરીને ગ્રામીણ તથા અર્ધ-શહેરી વિસ્તારોમાં વ્યાપક સ્વીકારને ટેકો આપવા માટે કરવામાં આવશે.ગ્રાહકો અને નાના વેપારીઓનું રક્ષણ કરવાની સાથે ટકાઉ આવક વ્યવસ્થા ઊભી કરીને, આ માળખું નવીનતા, માળખાગત સુવિધાઓ અને ચુકવણી સ્વીકાર વ્યવસ્થામાં વધુ રોકાણને ટેકો આપી શકે છે. આનાથી ભારતના ડિજિટલ પરિવર્તનને આગળ વધારવામાં યુપીઆઈની ભૂમિકા વધુ મજબૂત બનશે, એમ શ્રી નિર્મલ કે. મિંડાએ જણાવ્યું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 07

# શી જીનપીંગ ગંભીર હાલતમાં ચીન પરત ફર્યા?

નવીદિલ્હી : બ્રિક્સ સંમેલનમાંથી ચીનના પ્રમુખ શી જીનપીંગ એકાએક જે રીતે ચીન જવા માટે નીકળી ગયા હતા એ બાબતે ખાનગીમાં ઘણો ગણગણાટ થયો છે. હવે ચીનની 'ચાઈના ડેમોક્રસી પાર્ટી' (સીડીપી)ના ચેરમેન વાંગઝુન શીએ ચોંકાવનારી પોસ્ટ સોશ્યલ મીડિયા પર મૂકી છે. એમણે લખ્યું છે કે જ્યારે શી જીનપીંગ વિદેશથી ચીન પરત ફરે છે ત્યારે એમનું સ્વાગત કરવા માટે મોટી સંખ્યામાં અધિકારીઓ હાજર હોય છે અને તેઓ મોટરના કાફલા સાથે એમના નિવાસસ્થાને જાય છે. જોકે તેઓ જ્યારે ભારતથી પરત ફર્યા ત્યારે બીજીંગ એરપોર્ટ પર વિમાનમાંથી સીધા મીલીટ્રી હેલીકોપ્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. એમને બીજીંગની ૩૦૧ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. શી જીનપીંગ જ્યારે બીજીંગ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે એમનું અભિવાદન કરવા માટે કોઈ અધિકારી એરપોર્ટ પર નહોતા. એમ મનાય છે કે, ભારતમાં જ એમની તબિયત લથડી ગઈ હતી, પરંતુ જે રીતે ચીનમાં બધુ ખાનગી રાખવામાં આવે છે એ રીતે એમના તબિયતના સમાચાર પણ દબાવી દેવામાં આવ્યા હતા.કોંગ્રેસે સરકાર પર આક્ષેપ કર્યો છે કે, મોદી સરકારે અમેરિકાની માંગણી સામે ઝૂકી જઈને યુપીઆઈ પર ઝીરો એમડીઆરની વ્યવસ્થા ખતમ કરી છે. હવે ૨૦૦૦ રૂપિયાથી વધારે રકમની હેરફેર પર ૦.૪ ટકા ચાર્જ વસૂલ કરવામાં આવશે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે વડાપ્રધાન મોદીને ટોણો મારતા કહ્યું હતું કે, મોદીએ નોટાનો નવો અર્થ 'નરેન્દ્ર ઓનગોઈંગ ટ્રમ્પ અપીઝમેન્ટ' કર્યો છે. એમડીઆરમાં બદલાવ અમેરિકન કાર્ડ કંપનીઓને યુપીઆઈની સ્પર્ધા કરવાનો ચાન્સ રહે એટલા માટે કરવામાં આવ્યો છે. જયરામ રમેશે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, અમેરિકાની પ્રતિનિધિ સભા ભારત પર ૧૦૦ ટકા ટેરીફ લગાવવાના બીલ પર મતદાન કરવાની છે. અમેરિકાની સેનેટે તો પહેલા જ આ કાયદાને મંજૂરી આપી દીધી છે. ટ્રમ્પના શાસનમાં ભારતના પ્રવાસીઓ પર કડક કાર્યવાહી કરવામાં આવે છે અને નિયમો પણ વધુ સખ્ત બનાવવામાં આવ્યા છે.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમ જાણીતો થઈ રહ્યો છે. ૧૯મી સપ્ટેમ્બરે મધ્યપ્રદેશના ઈન્દોરમાં પણ આ કાર્યક્રમ થવાનો છે. કાર્યક્રમની તૈયારીઓ વચ્ચે કોંગ્રેસે ઈન્દોર જિલ્લાના સત્તાધિશોની કાર્યવાહી પર આરોપ મૂક્યો છે. પક્ષે અટલ બિહારી વાજપેયીનું ઉદાહરણ પણ આપ્યું છે. મધ્યપ્રદેશ કોંગ્રેસના મીડિયા વિભાગના પ્રમુખ મુકેશ નાયકએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીના કાર્યક્રમ માટે વેન્યુની પરવાનગી આપવામાં મોડુ કરીને મોટી રકમ વસૂલ કરવામાં આવી હતી. રાહુલ ગાંધી લોકસભામાં વિરોધપક્ષના નેતા છે. આ હોદો વડાપ્રધાન પછી બીજા નંબરનો સૌથી અગત્યનો હોદો ગણાય છે. શાસનએ કાર્યક્રમની મંજૂરી આપવા માટે દોડાદોડ કરી હતી. જ્યારે ૧૦ લાખ રૂપિયા જમા કરાવવામાં આવ્યા ત્યારે પરવાનગી મળી હતી. જ્યારે અટલ બિહારી વાજપેયી વિરોધપક્ષમાં હતા ત્યારે એમનો કોઈપણ કાર્યક્રમ હોય ત્યારે સરકાર અને સ્થાનિક પ્રશાસનનો રવૈયો હકારાત્મક રહેતો હતો.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણએ કહ્યું હતું કે ટેક્સ પોલીસી પર સ્વતંત્ર રીસર્ચને સાર્વજનિક ચર્ચાનો હિસ્સો બનાવવો જોઈએ. ટેક્સ પ્રોફેસનલ્સએ સ્થાનીક હિતથી ઉપર ઉઠીને રાષ્ટ્રીય હીતને વધુ મહત્વ આપવું જોઈએ. એમણે કહ્યું હતું કે, 'ટેક્સ પોલીસી પર કોઈ એક ખાસ સેક્ટર કે ક્ષેત્રના હીત જોવા કરતા વધુ ઉડાણથી વિચારવું જોઈએ. સરકારે જાણી જોઈને ટીડીએસ (સોર્સ પર ટેક્સ કપાત) અને ટીસીએસ (સોર્સ પર ટેક્સ વસુલી) સાથે જોડાયેલા નિયમો તર્કસંગત બનાવ્યા છે. એમની મર્યાદા પણ વધારવામાં આવી છે. આ ઉપરાંત નિર્મલા સિતારમણએ દેશના વેપારીઓને બિઝનેસ કરતા પહેલા દેશ માટે વિચારવાની સલાહ આપી હતી. મંત્રીની આ શીખામણ ઉપરછલ્લી રીતે બરાબર લાગે, પરંતુ વેપારીઓ માને છે કે દેશહીત ભલે જોવામાં આવે, પરંતુ એમને વ્યક્તિગત નુકસાન થતું હોય અને સરકાર સાંભળતી નહીં હોય એ કેટલી હદે વ્યાજબી છે?

## રવાપરમાં ગણેશ વિસર્જન મહોત્સવમાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટ્યો : "રવાપરના રાજા" ની ભક્તિમાં રંગાયું આખું રવાપર

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છની ધીંગી ધરતીના આંગણે આસ્થા અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ એટલે શ્રી રવાપર વિસ્તાર સાર્વજનિક ગણેશ મહોત્સવ. શ્રી રવાપર વિસ્તાર સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના માર્ગદર્શન હેઠળ ગણેશ યુવક મંડળ દ્વારા આયોજિત ત્રિદિવસીય ભવ્ય ગણેશ મહોત્સવમાં ભક્તિ, સંસ્કૃતિ અને લોકઉત્સવનો અદ્ભુત સંગમ જોવા મળ્યો હતો. ત્રણેય દિવસ રવાપર ગામ આખું 'ગણપતિ બાપ્પા મોરિયા' ના જયઘોષ સાથે ગણેશમય બની ગયું હતું.મહોત્સવના પ્રથમ દિવસે સિદ્ધિવિનાયક મંદિર ખાતે ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ અને ગણેશ યુવક મંડળના યુવાનો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ મૂર્તિના દાતા



સ્વ. ગોદાવરીબેન વિશનજી રૂપારેલ પરિવારની ઓફિસ ખાતે ભાવભરી પૂજા બાદ ગજરાજની ભવ્ય શોભાયાત્રા મુખ્ય માર્ગો, મેન બજાર, બસ સ્ટેશન થઈ શિવ મંદિર ખાતે સ્થાપના સ્થળે પહોંચી હતી. વરસાદી માહોલ વચ્ચે પણ ભક્તોનો ઉત્સાહ અડીખમ રહ્યો હતો. સાંજે શ્રી રવાપર લોહાણા મહાજન વાડી ખાતે સુપ્રસિદ્ધ લોક સાહિત્યકાર જીવણભાઈ ગઢવી અને પ્રવિણદાનભાઈ ગઢવીની જુગલબંધીમાં ભવ્ય સંતવાણી યોજાઈ હતી, જેમાં ભક્તિરસની અવિરત ધારા વહી હતી.બીજા દિવસે શ્રી કરણીદાન ગઢવી પરિવારના યજમાન પદે ભગવાન શ્રી સત્યનારાયણની પવિત્ર કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ભગવાન જોશી પાર્ટીના સથવારે રાસ-ડાંડિયારાસની રમઝટ બોલી હતી અને ડૉ. ચિરાગભાઈ એન. પટેલના હસ્તે ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. રાત્રિના સમયે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર પટાંગણ, શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ હોલમાં મોમાઈ મોરા રામામંડળ દ્વારા શ્રી રામદેવપીરના ભવ્ય આખ્યાનનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ આરતીનો ચડાવો જીતેન્દ્રભાઈ હરજી લુહાર, રામદેવપીર પારણાનો ચડાવો હરેશભાઈ શંકરલાલ જોશી અને મહાઆરતીનો ચડાવો શ્રી પાટીદાર ભાઈઓ લક્ષ્મીપર-નેત્રા દ્વારા લેવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.ત્રીજા અને અંતિમ દિવસે સમસ્ત રવાપર ગ્રામજનોએ પાંખી પાડી (રજા પાડી) અને ઉત્સવમાં સહભાગી બન્યા હતા. શિવ મંદિર ખાતે ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં સમારોહના દાતાઓ, કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે. હુંબલ, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેશભાઈ આહીર, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ શ્રી રામદેવસિંહ જાડેજા, મહાલક્ષ્મી એમડીઓ ઝા સાહેબ, રવાપર ગ્રામ પંચાયતના સરપંચ પરેશભાઈ રૂપારેલ, તાલુકા પંચાયત સભ્ય અશ્વિન રૂપારેલ, જિલ્લા પંચાયત સભ્ય નેહાબેન રૂપારેલ સહિતના મહાનુભાવોનું મંડળ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.સમગ્ર મહોત્સવના આચાર્ય પદે શાસ્ત્રી શ્રી કિરણભાઈ ગોપાલભાઈ જોશી, પ્રકાશભાઈ જોશી અને પ્રફુલભાઈ ગોસ્વામીએ વૈદિક વિધિ સંપન્ન કરાવી હતી. શિવ મંદિરથી પ્રારંભ થયેલી ભવ્ય વિસર્જન યાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. 25 જેટલા ઢોલ અને શરણાઈના કર્ણપ્રિય નાદ અને ડીજેના સથવારે યુવાનો ગણેશ ભક્તિમાં લીન બની ઝૂમી ઉઠ્યા હતા, જ્યારે બહેનો દ્વારા રાસ-ગરબાની રમઝટ સાથે રવાપરના રાજાને અશ્રુભીની આંખે ભાવભરી વિદાય આપવામાં આવી હતી. સમગ્ર રવાપર વિસ્તાર ભક્તિના રંગે રંગાઈ ગયો હતો.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી સહિત તમામ હોદેદારો, જૂની ટીમના તમામ સભ્યો અને ગણેશ યુવક મંડળના યુવાનોએ રાત-દિવસ જેહમત ઉઠાવી હતી, તેવું ગણેશ યુવક મિત્ર મંડળની યાદીમાં જણાવાયું છે.

# રણુજાધામ સંજેલી ખાતે નિર્માણ પામનાર સામુહિક શૌચાલયનું મંત્રી રમેશભાઈ કટારાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના પ્રસિદ્ધ ધાર્મિક સ્થાન રણુજા ધામ સંજેલી ખાતે આવતા હજારો ભક્તો અને શ્રદ્ધાળુઓની પ્રાથમિક જરૂરિયાતોને ધ્યાને રાખીને રાજ્યના મંત્રી શ્રી રમેશભાઈ કટારા દ્વારા એક મહત્વપૂર્ણ લોકહિતકારી નિર્ણય લેવામાં આવ્યો છે. રણુજા ધામ ખાતે ભક્તોની સુવિધા અને સ્વચ્છતાના આશય સાથે સામુહિક શૌચાલયના નિર્માણ કાર્યનું મંત્રીશ્રીના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.રણુજા ધામ ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન



મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ ધામ પરિસરમાં વિશેષ પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે તેમણે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને નિરામય જીવન માટે રણુજા ધામ ખાતે આરતી ઉતારી પ્રાર્થના કરી હતી.આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, રણુજા ધામ મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ સુવિધાનું નિર્માણ શરૂ થતાં સ્થાનિકો અને દર્શનાર્થીઓએ મંત્રીશ્રીની આ સંવેદનશીલ પહેલ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# દાહોદ જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ અલ્પાહાર યોજનાનો શુભારંભ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના સુખસર તાલુકા સ્થિત સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, કંથાગર ખાતે રાજ્ય મંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત અલ્પાહાર પૂરો પાડવાની યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.ન્યૂ ગુજરાત પેટર્ન ૨૦૨૬-૨૭ અંતર્ગત પ્રાયોજના વહીવટદારની કચેરી, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તેમજ જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, દાહોદના સંયુક્ત ઉપક્રમે આ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં દાહોદ પ્રથમ એવો જિલ્લો બન્યો છે જ્યાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે આ પ્રકારની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ આ દિવસને જિલ્લા



માટે ઐતિહાસિક ગણાવતા પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.કાર્યક્રમના અધ્યક્ષ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ વિદ્યાર્થીઓના આરોગ્ય અને શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે સરકારની આ વિશિષ્ટ પહેલને વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ સમાન ગણાવી છે. મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ વિદ્યાર્થીઓને અલ્પાહાર પીરસ્યો હતો અને તેમની સાથે પંક્તિમાં બેસી ભોજન ગ્રહણ કરીને યોજનાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સમાપન આદરપૂર્વક રાષ્ટ્રગાન ગાઈને કરવામાં આવ્યું હતું. પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામા, મામલદારશ્રી સુખસર,સરપંચ શ્રી તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, જીલ્લા પંચાયતના સભ્યશ્રીઓ તથા શાળાના વિધાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલમને મળી નવી જવાબદારી : ભીમ આર્મીમાં પત્રકાર મહેશ એલ. સોનીની નિમણૂક

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સામાજિક ન્યાય, સમતા અને બંધુત્વના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના હેતુ સાથે ભીમ આર્મી (ભારત એકતા મિશન) દ્વારા ગુજરાતમાં સંગઠન વિસ્તારની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે નખત્રાણા તાલુકામાં મહત્વપૂર્ણ સંગઠનાત્મક નિમણૂક કરવામાં આવી છે.ભીમ આર્મીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચંદ્રશેખર આઝાદ તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કમલેશ ધવલના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લા અધ્યક્ષ હરિભાઈ એ. પરમાર દ્વારા મૂળ નાગવીરી (રવાપર)ના વતની અને હાલ નખત્રાણા ખાતે સ્થાયી થયેલા પત્રકાર મહેશ એલ. સોનીની નખત્રાણા તાલુકા મીડિયા કન્વીનર તરીકે નિમણૂક કરવામાં આવી છે.પત્રકાર મહેશ એલ. સોની વર્ષોથી પોતાની કલમના માધ્યમથી સામાજિક પ્રશ્નો, જનહિતના મુદ્દાઓ તથા સત્ય અને ન્યાય સાથે સંકળાયેલા પ્રશ્નોને ઉજાગર કરતા આવ્યા છે. તેમની પત્રકારત્વ ક્ષેત્રની સક્રિયતા અને સામાજિક મુદ્દાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું સંગઠન તરફથી જણાવાયું છે.નિમણૂકના સમાચાર પ્રસરી જતા નખત્રાણા તાલુકા સહિત કચ્છભરમાંથી સગા-સ્નેહીઓ, મિત્રવર્તુળ, સામાજિક આગેવાનો તથા શુભેચ્છકોએ હર્ષભેર અભિનંદન પાઠવી નવી જવાબદારી માટે શુભકામનાઓ પાઠવી હતી.સંગઠન દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે કે મહેશ એલ. સોની પોતાની કલમ અને મીડિયા ક્ષેત્રના અનુભવ દ્વારા સંગઠનની પ્રવૃત્તિઓને વ્યાપક સ્તરે પહોંચાડવા સાથે સામાજિક જાગૃતિના કાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.



# સરકારી માધ્યમિક શાળા, કંબોઈ ખાતે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને મધ્યાહન ભોજન યોજનાનો શુભારંભ સમારોહ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના સરકારી માધ્યમિક શાળા, કંબોઈ ખાતે વિદ્યાર્થીઓને પોષણયુક્ત ભોજન મળી રહે તે હેતુસર મધ્યાહન ભોજન યોજનાનો સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને શુભારંભ કરવામાં આવ્યો હતો.ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત પ્રાયોજના વહીવટદારની કચેરી, દાહોદ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, દાહોદ તથા જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, દાહોદના સંયુક્ત સહયોગથી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પાયલોટ પ્રોજેક્ટ તરીકે મધ્યાહન ભોજન યોજના હેઠળ અક્ષય આહાર પૂરો પાડવાની યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.આ દરમ્યાન શિક્ષણ નિરીક્ષકશ્રી રાકેશ ભોંકણએ સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર સહિત



ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સાથે શાળાની બાળાઓએ પાર્થના ગીત અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું.આ પ્રસંગે દાહોદના સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરએ આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને મળનાર લાભ તેમજ અન્ય શૈક્ષણિક યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને પૌષ્ટિક અને ગુણવત્તાસભર આહાર ઉપલબ્ધ કરાવી તેમના આરોગ્ય, પોષણ અને શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવાનો મુખ્ય હેતુ છે. કાર્યક્રમના અંતે સાંસદશ્રીએ શાળાના વિદ્યાર્થીઓને પોષણયુક્ત ભોજન પીરસ્યું હતું.આ કાર્યક્રમ દરમ્યાન સાંસદશ્રી દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓને નિયમિત રીતે સંતુલિત આહાર મળી રહે તે માટે યોજનાના અસરકારક અમલીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# લીમખેડા સ્થિત શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ભવ્ય ઉજવણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

જિલ્લાની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી હસ્તેશ્વર સ્કૂલ, લીમખેડા ખાતે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણી મહાનુભાવો તેમજ શાળા પરિવાર ઉત્સાહભેર જોડાયા હતા.આ વિશેષ પ્રસંગે દાહોદના લોકપ્રિય સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, લીમખેડાના ધારાસભ્યશ્રી શૈલેષભાઈ ભાભોર, દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સ્નેહલભાઈ ધરિયા, સંસ્થાના મંત્રીશ્રી



ભરતભાઈ ભરવાડ અને ઉપપ્રમુખશ્રી રાકેશભાઈ ભરવાડ વિનોદભાઈ રાજગોર અનિલભાઈ શાહ તાલુકા પ્રમુખ સહિતના મહાનુભાવોએ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શાળાના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલી અદ્ભુત માનવ આકૃતિઓ હતી. દેશભક્તિના માહોલ વચ્ચે બાળકોએ મેદાન પર એકત્રિત થઈને 'ભારતનો નકશો' અને વડાપ્રધાનશ્રી પ્રત્યેનો આદર વ્યક્ત કરતી 'હેપ્પી બર્થડે મોદી સર' (Happy Birthday Modi Sir) લખેલી વિશાળ અને નયનરમ્ય માનવ આકૃતિની સંરચના કરી હતી, જેણે ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા.આ પવિત્ર દિવસે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબનું સ્વાસ્થ્ય ઉત્તમ રહે અને તેઓ દીર્ઘાયુ આયુષ્ય ભોગવે તેવા કલ્યાણકારી આશય સાથે મહેમાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સંયુક્ત રીતે એક 'સામૂહિક હવન'નું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિથી યોજાયેલા આ હવનમાં આહુતિ આપીને વડાપ્રધાનશ્રીના કુશળ ક્ષેમ અને દેશની પ્રગતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# સરકારી માધ્યમિક શાળા બોરવાણી, દાહોદ ખાતે કલેક્ટરસુશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષસ્થાને અલ્પાહાર યોજનાનો કરાયો શુભારંભ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે, ત્યારે વિદ્યાર્થીઓના પોષણ, આરોગ્ય અને શૈક્ષણિક પ્રગતિને પ્રોત્સાહન આપવાના હેતુથી સરકારી માધ્યમિક શાળા, બોરવાણી ખાતે આજે કલેક્ટરસુશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષસ્થાને અલ્પાહાર યોજનાનો વિધિવત્ શુભારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે કલેક્ટરશ્રીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને અલ્પાહારનું વિતરણ કરી યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે પૂરતું અને પૌષ્ટિક આહાર પણ અત્યંત જરૂરી છે. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર મળી રહે તેનાથી તેમની તંદુરસ્તી જળવાઈ રહેવાની સાથે અભ્યાસમાં એકાગ્રતા અને નિયમિત હાજરીમાં પણ સકારાત્મક અસર જોવા મળશે.કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમના અભ્યાસ, શાળાની સુવિધાઓ તેમજ દૈનિક પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવી હતી. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ આવવા, મન લગાવીને અભ્યાસ કરવા તથા સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા પ્રેરણા આપી હતી. અલ્પાહાર યોજનાના શુભારંભ પ્રસંગે શાળાના શિક્ષકોએ પણ યોજનાના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને સ્વચ્છ અને પૌષ્ટિક અલ્પાહાર મળી રહે તેમજ યોજનાનો લાભ યોગ્ય રીતે મળી રહે તે અંગે જરૂરી વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, સંબંધિત અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છતા હી સેવા - ૨૦૨૬" અભિયાન અંતર્ગત મેગા સફાઈ ઝુંબેશનું ભવ્ય આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારત સરકારશ્રી દ્વારા આગામી ૨જી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટે 'જન આંદોલન'ની ઉજવણીનું આહ્વાન કરવામાં આવ્યું છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ થી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી દેશભરમાં 'સ્વચ્છતા હી સેવા - ૨૦૨૬' અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે.આ રાષ્ટ્રીય અભિયાનમાં સહભાગી થવા અને જૂનાગઢ શહેરને સ્વચ્છ તેમજ રળિયામણું બનાવવાના શુભ આશયથી, જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા આગામી તારીખ ૧૮/૦૯/૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૦૮:૦૦ થી ૦૯:૦૦ કલાક દરમિયાન ડૉ.હરિભાઈ પટેલ ગોધાણી કન્યા છાત્રાલય, પાદર ચોક, જોષીપરા, જૂનાગઢ ખાતેથી વિશેષ 'મેગા સફાઈ ઝુંબેશ' નો પ્રારંભ કરવામાં આવશે. આ ઝુંબેશ અંતર્ગત શહેરમાં એક જ દિવસમાં ૫૫થી વધુ સ્થળ પર મેગા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુવાનોને આ અભિયાનમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી, 'સ્વચ્છતા હી સેવા' ના મંત્રને સાર્થક કરવા અને સ્વચ્છ જૂનાગઢના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા હાર્દિક અપીલ કરવામાં આવેલ છે.



તરૂણ એઈડ્સ દ્વારા ગણપતિ પૂજા કોલકાતા

# સરળ, સસ્તું અને ઉપયોગી પરિવહનનું સાધન નેરોગેજ ટ્રેન સેવા પુનઃ શરૂ થતા મુસાફરોમાં ખુશીનો માહોલ

## મુશળધાર વરસાદમાં ધોવાઈ ગયેલા રેલવે ટ્રેકનું સમારકામ પૂર્ણ થતા ટ્રેન સેવા ફરી શરૂ,નોકરીયાતો, વિદ્યાર્થીઓ અને સામાન્ય મુસાફરોને મોટી રાહત

સુશીલ પવાર | ડાંગ

બીલીમોરાથી વઘઈ જતી નેરોગેજ ટ્રેન સેવા અંદાજે એક માસ અગાઉ દક્ષિણ ગુજરાતમાં પડેલા મુશળધાર વરસાદને કારણે રેલવે ટ્રેક ધોવાઈ જતા બંધ કરવામાં આવી હતી.ટ્રેન સેવા બંધ થતા વઘઈ, ઉનાઈ યાત્રાધામ તેમજ અનાવલ, રાનકુવા, ધોળીકુવા, ચીખલી રોડ સહિતના વિસ્તારોમાંથી રોજગાર અને અન્ય કામકાજ માટે સુરત તથા વલસાડ તરફ અવરજવર કરતા નોકરીયાતો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદની સ્થિતિ સામાન્ય બન્યા બાદ વલસાડ રેલવે તંત્ર દ્વારા ધોવાઈ ગયેલા રેલવે ટ્રેકના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બે દિવસ અગાઉ નેરોગેજ રેલવે ટ્રેકનું જરૂરી સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું હતુ.ત્યારબાદ એન્જિન દોડાવી ટ્રેકનું ફિટનેસ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતુ.આ દરમિયાન, વઘઈ ખાતે લાંબા સમયથી રોકાયેલી નેરોગેજ ટ્રેનને પણ એન્જિનની મદદથી બીલીમોરા ખાતે લાવવામાં આવી હતી.



ત્યારબાદ આજે રેલવે તંત્ર દ્વારા બીલીમોરાથી વઘઈ તરફ નેરોગેજ ટ્રેન સેવા ફરી શરૂ કરવામાં આવતા મુસાફરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.ટ્રેન સેવા પુનઃ શરૂ થતાં લાંબા સમયથી મુસાફરીની મુશ્કેલીનો સામનો કરી રહેલા નોકરીયાતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ સામાન્ય મુસાફરોને મોટી રાહત મળી છે.નેરોગેજ ટ્રેન ફરી પાટા પર દોડતી થતાં વઘઈ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.બોક્સ-(1)આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારો માટે જીવાદોરી સમાન પરિવહન સેવા.બીલીમોરા-વઘઈ નેરોગેજ ટ્રેન માત્ર રેલવે સેવા નથી, પરંતુ ડાંગ સહિતના ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોના અનેક લોકો માટે રોજિંદા જીવન સાથે જોડાયેલી મહત્વપૂર્ણ પરિવહન સેવા છે.નોકરી, વ્યવસાય, શિક્ષણ, સારવાર તેમજ અન્ય રોજિંદા કામકાજ માટે સુરત, વલસાડ અને આસપાસના વિસ્તારોમાં અવરજવર કરતા લોકો માટે આ ટ્રેન સરળ, સસ્તું અને ઉપયોગી પરિવહનનું સાધન બની રહી છે. ટ્રેન સેવા ફરી શરૂ થતા મુસાફરોને લાંબા સમય બાદ મોટી રાહત મળી છે.

# પરવટા શાળામાં માટીની મૂર્તિઓ બની

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાની પરવટા મહા ન.વ પ્રાથમિક શાળામાં આ વર્ષે ગણેશોત્સવ ખૂબ ઉત્સાહ, શ્રદ્ધા અને પર્યાવરણ જાગૃતિ સાથે ઉજવાયો હતો. શાળાના પ્રાંગણમાં બાપ્પાના આગમનને લઈને વિદ્યાર્થીઓ



અને શિક્ષકોમાં ઘણો ઉત્સાહ હતો. આ તહેવાર દ્વારા બાળકોમાં ધાર્મિક સંસ્કારોની સાથેસાથે સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોનું સિંચન થાય તેવો ખાસ હેતુ આયોજનમાં રાખવામાં આવ્યો હતો.ઉજવણીના ભાગરૂપે શાળામાં ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ બનાવવાની ખાસ વર્કશોપ યોજાઈ હતી. શાળાના આચાર્ય અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ શુદ્ધ માટીમાંથી પોતાના હાથે જ ભગવાન ગણેશની સુંદર મૂર્તિઓ બનાવી હતી. બાળકોને પ્લાસ્ટર ઓફ પેરિસ (POP) અને પાણીના જીવોને નુકસાન કરતા કેમિકલ રંગોના જોખમો વિશે પણ સમજાવવામાં આવ્યા હતા. જેથી તેઓ નાનપણથી જ પ્રકૃતિની રક્ષા કરવાની જવાબદારી સમજી શકે. બાળકોએ આ પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો અને પોતાની કલા બતાવી હતી. ગણેશોત્સવના દિવસો દરમિયાન શાળા પરિસરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક વાતાવરણ છવાયેલું રહ્યું હતું. શાળાના આચાર્ય, તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં વિધિવત પૂજા અને આરતી કરવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચાર અને ગણપતિ બાપ્પાના જયકારાથી શાળાનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. વિદ્યાર્થીઓએ સાથે મળીને આરતી ગાઈને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય જસુબેન બારૈયા તથા શિક્ષકો નિરવભાઈ મહેતા, સતિષભાઈ ગોહેલ, યોગિતાબેન કંટારિયા અને બી.એડ. તાલીમાર્થી પુષ્પાબેન તડવીએ માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યએ ઉત્સવના અંતે જણાવ્યું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવો વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના અને સંસ્કારોનું સિંચન કરવા માટે શ્રેષ્ઠ માધ્યમ છે. શિક્ષકોના ઉત્સાહ અને વાલીઓના સહયોગથી આ કાર્યક્રમ ખુશી સાથે પૂરો થયો.

# કેશોદ સરકારી હોસ્પિટલ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મહા રક્તદાન કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી યોજાનારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત કેશોદમાં વિવિધ સેવાકીય અને જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે કેશોદની સરકારી હોસ્પિટલ ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સેવા, સમર્પણ અને સંકલ્પ'ના ભાવ સાથે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું. રક્તદાન મહાદાન છે અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા જળવાઈ રહે તે હેતુથી યોજાયેલા આ કેમ્પને લોકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.કાર્યક્રમની



શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેશોદ નગરપાલિકાના પ્રમુખ પ્રતીક્ષાબેન દેવડીયા, પૂર્વ પ્રમુખ મેહુલ ગોંડલીયા, ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિના મહામંત્રી વંદનાબેન મકવાણા, ગૌરાંગ વ્યાસ, પ્રવીણભાઈ ભાલારા સહિત ભાજપના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ રક્તદાન કરનાર તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરી સેવા પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ લોકો જોડાય અને જનસેવાના કાર્યોને સામૂહિક પ્રયાસોથી સાકાર કરવામાં આવે તેવી અપીલ કરી હતી.'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આગામી દિવસોમાં પણ કેશોદ શહેર અને તાલુકામાં વિવિધ સેવાકીય, સામાજિક તથા જનહિતલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવનાર હોવાનું જણાવાયું હતું.

# માતાશ્રી જે. એસ. ગોધાણી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, જૂનાગઢ ખાતે ૧૨ દિવસીય હિન્દી સંચેતના શિબિરનો થયો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય સંલગ્ન એવી માતાશ્રી જે.એસ.ગોધાણી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ દ્વારા ૧૨ દિવસીય 'હિન્દી સંચેતના શિબિર' કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ઉદઘાટન કાર્યક્રમ સમારોહના પ્રમુખ સ્થાને શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જે. કે. ઠેસીયા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહજી ચૌહાણે પ્રાસંગીક વક્તવ્ય માં જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓમાં પડેલી સુશુપ્ત શક્તિઓને ખીલવવા પ્રેરણા પુરૂષ અને દેશનાં યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ દરમિયાન સેવા સમર્પણ દ્વારા રાષ્ટ્રવિકાસ ની ભાવના જાગ્રત કરવા તથા દરેક ભાષા પોતાનું મહત્વ ધરાવે છે એ શીખવાની શરૂઆત વિદ્યાર્થી અવસ્થામાં જ કરવી જોઈએ રાષ્ટ્રભાષા હિન્દી એ ભારતની એકતા, અખંડિતતા અને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતીક છે જૂનાગઢનાં ધારાસભ્ય સંજય કોરડિયાએ જણાવ્યુ હતુ કે હિન્દી ભારતને વિવિધતામાં એકતાના તાંતણે બાંધવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે દેશના મોટા ભાગના રાજ્યોમાં સંપર્ક ભાષા તરીકે વપરાય છે. કેન્દ્રીય હિન્દી સંસ્થાન, અમદાવાદના પ્રાદેશિક નિયામક ડૉ. સુનીલ કુમારજીએ જણાવ્યુ હતુ કે હિન્દી માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાઓ માંની એક છે. ભાજપ શહેર પ્રમુખશ્રી ગૌરવ રૂપારેલિયા તેમજ નગરનાં પ્રબુધ્ધ નગરજનોની હિન્દી સંચેતના કાર્યક્રમમાં ઉપસ્થિતી વિદ્યાર્થીને પ્રોત્સાહક રહી હતી. કાર્યક્રમ પ્રારભે કૉલેજના આચાર્યા ડૉ. જમકુબેન સોજીત્રા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અતિથિ વિશેષો દ્વારા હિન્દી ભાષાના મહત્વ, સંસ્કૃતિ અને તેની સંચેતના વિશે વિદ્યાર્થીનીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના અધ્યાપકગણ તથા સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના જન્મદિવસે સાળંગપુર શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે દિવ્ય શણગાર અને વિશેષ પ્રાર્થના

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિન નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ખાતે દાદાને ગુલાબી અને સફેદ રંગના કમળ ફૂલની ડિઝાઈન વાળા આકર્ષક વાઘા અને ભવ્ય શણગાર ધરવામાં આવ્યો છે. દાદાના ગર્ભગૃહમાં અયોધ્યાનું શ્રી રામ મંદિર, સોમનાથ મંદિર, પાવાગઢ મંદિર, કેદારનાથ મંદિર તેમજ કાશી વિશ્વનાથ મંદિરના પ્રતીકો સાથે રાષ્ટ્રની પ્રગતિ અને સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી સાથે સુશોભન કરવામાં આવ્યું, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુર વતી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી અને શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસજી સ્વામી દ્વારા દાદાના ચરણોમાં વિશેષ



પ્રાર્થના કરવામાં આવી હતી કે, શ્રી હનુમાનજી મહારાજની કૃપાથી વડાપ્રધાનશ્રીને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રસેવા માટે સદૈવ અસીમ ઊર્જા પ્રાપ્ત થતી રહે તથા ભારત માતાની સેવામાં તેમનું જીવન સદૈવ યશસ્વી અને પ્રેરણાદાયી બને. મહત્વનું એ છે કે આજના આ શુભદિન નિમિત્તે સેવા, સંકલ્પ અને સમર્પણના ભાવ સાથે ભવ્ય 'આશીર્વાદનો દીવડો' અને શ્રમદાન કાર્યક્રમનું સમય: સાંજે ૫:૦૦ કલાકે આયોજન સાળંગપુર ખાતે કરવામાં આવ્યું છે. ૧૧,૧૧૧ દીવડાઓ પ્રગટાવીને ભવ્ય સમૂહ સંધ્યા આરતી કરવામાં આવશે. આ દિવ્ય અને સેવાયજ્ઞ પ્રસંગે રાજકીય આગેવાનો, જિલ્લા તથા તાલુકાના પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો તેમજ જિલ્લા અને તાલુકાના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ સેવાયજ્ઞમાં સહભાગી થવા માટે આયોજકો દ્વારા સૌ નાગરિકોને સાદર ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નખત્રાણામાં 90મો નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ : 105 દર્દીઓની આંખોની તપાસ, 20ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવાયા



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજનના સાનિધ્યમાં શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટના સહયોગથી 90મો નિ:શુલ્ક નેત્ર નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં કુલ 105 દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જરૂરિયાતમંદ દર્દીઓને નિ:શુલ્ક દવા તથા આંખના ટીપાં આપવામાં આવ્યા હતા, જ્યારે 20 દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે બસ મારફતે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા.કેમ્પનો પ્રારંભ દાતા શ્રીમતી રીનાબેન અમિતભાઈ પલણ, શ્રી અમિતભાઈ દિનેશભાઈ પલણ અને ધ્રુવકુમાર અમિતભાઈ પલણ સહિત સમાજના આગેવાનો, દાતાશ્રીઓ તથા રાજકોટથી આવેલા તબીબોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. કેમ્પમાં કાયમી સહયોગ આપતા શ્રીમતી રીનાબેન અમિતભાઈ પલણ તથા ધ્રુવકુમારનું સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમએ જણાવ્યું હતું કે 105 દર્દીઓની આંખોની તપાસ કરી દવા તથા ટીપાં આપવામાં આવ્યા છે અને 20 દર્દીઓને ઓપરેશન માટે રાજકોટ મોકલવામાં આવ્યા છે. દર્દીઓ માટે ચા-પાણી તેમજ રાજકોટ જતાં દર્દીઓને ફૂટ પેકેટની વ્યવસ્થા કરવામાં આવે છે. રાજકોટની રણછોડદાસજી હોસ્પિટલ ખાતે દર્દીઓને રહેવા, જમવા, ઓપરેશન, દવા અને ચશ્મા સહિતની તમામ સુવિધા નિ:શુલ્ક આપવામાં આવે છે.શ્રી નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પલણએ જણાવ્યું હતું કે સમાજના આશરે 10 જેટલા વ્યક્તિઓ કાયમી દાતા તરીકે કેમ્પને સહયોગ આપે છે તેમજ ગામના અનેક દાતાશ્રીઓ પણ સેવા કાર્યમાં યોગદાન આપે છે. તેમણે આંખને શરીરનું સૌથી કિંમતી અંગ ગણાવી ઓપરેશન બાદ પણ દર્દીઓએ ઓછામાં ઓછા 15 દિવસ સુધી આંખોની યોગ્ય સંભાળ રાખવાની અપીલ કરી હતી.તેમણે વધુમાં જણાવ્યું કે રાજકોટની રણછોડદાસજી ચેરીટેબલ હોસ્પિટલમાં દરરોજ 300થી વધુ ઓપરેશન થાય છે અને ગુજરાતના આશરે 135 શહેરો તથા ગામડાઓમાં આવા નેત્ર નિદાન કેમ્પ યોજાય છે. આવા સેવાકીય પ્રયાસોથી જરૂરિયાતમંદ દર્દીઓને સારવારનો મોટો લાભ મળે છે અને હજારો રૂપિયાનો ખર્ચ બચી શકે છે.કેમ્પમાં રાજકોટ રણછોડદાસજી હોસ્પિટલ તરફથી ડો. અલ્પેશભાઈ ખેરડીયા તથા "વિજયભાઈ મકવાણા (લેબ ટેક્નિશિયન)"એ સેવા આપી હતી. શ્રી વિરાણી લોહાણા મહાજનના પ્રમુખ ઇશ્વરભાઈ આઈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કેમ્પને સફળ બનાવવા આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમ, જગદીશભાઈ પલણ, વિશાલભાઈ પલણ, ભરતભાઈ પલણ, મેહુલભાઈ ઠાવકા, અરવિંદભાઈ ઠક્કર સહિતના આગેવાનોએ જેહમત ઉઠાવી હતી. આભારવિધિ અશોકભાઈ જોબનપુત્રાએ, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નખત્રાણા લોહાણા મહાજનના મહામંત્રી નીતિનભાઈ એલ. ઠક્કરે કર્યું હતું.સેવા, સહયોગ અને સંવેદનાનો સુંદર સમન્વય બની રહેલો આ નેત્ર કેમ્પ જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશાનું કિરણ બન્યો હતો.

# લીમખેડાની ચારભુજા હોસ્પિટલમાં PM મોદીજીના જન્મદિવસ નિમિત્તે યોજાયો ભવ્ય રક્તદાન કેમ્પ



દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડાની ચારભુજા હોસ્પિટલમાં PM નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ નિમિત્તે યોજાયો ભવ્ય રક્તદાન કેમ્પ; સાંસદ જસવંતસિંહ ભાભોરે રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો. દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ નિમિત્તે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત લીમખેડા ખાતે આવેલી ચારભુજા હોસ્પિટલ વિશિષ્ટ રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે આ શિબિરની ખાસ મુલાકાત લીધી હતી.શિબિર દરમિયાન સ્થાનિક યુવાનો અને રક્તદાતાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.શ્રી જસવંતસિંહ ભાભોરે રક્તદાન કરી રહેલા યુવા સાથીઓ અને દાતાઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેમનો ઉત્સાહ અને જુસ્સો વધાર્યો હતો. તેમણે આ ઉમદા અને માનવસેવાના કાર્ય બદલ ઉપસ્થિત તમામ રક્તદાતાઓ તેમજ આયોજકોને હૃદયપૂર્વક અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા.આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, ડૉક્ટરો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે માદા અશ્વમાં મોતિયાની સફળ શસ્ત્રક્રિયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢના પશુ સારવાર સંકુલ ખાતે પશુ નેત્રચિકિત્સાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતા ગીર સોમનાથ જીલ્લાના ઈણજ મુકામે આવેલ અશ્વ ઉછેર કેન્દ્રના કાઠીયાવાડી માદાઅશ્વ ની આંખમાં રહેલ મોતિયાને ઈસીસીઈ (Extra Capsular Cataract Extraction) પદ્ધતિ દ્વારા દુર કરવામાં આવેલ છે. આ શસ્ત્રક્રિયા સર્જરી વિભાગ ના વડા ડૉ.એસ.કે.ઝાલા દ્વારા કરવામાં આવી હતી. જેમાં ડૉ.આર.એચ.ભટ્ટ, ડૉ. આર.જી.કાંટીયા, ડૉ.એન.આર.પાડલિયા અને ડૉ.વી. ડી.ડોડીયા દ્વારા જરૂરી સહયોગ અને તબીબી મદદ પૂરી પાડવામાં આવી હતી. વિભાગના અનુસ્નાતક વિદ્યાર્થીઓ ડો.ઝરણા, ડો.સચિન, ડો. મયુર, ડો.સુભાષ, ડો.નંદન અને ડો. વિધિની ભાગીદારીથી પ્રિ-ઓપરેટિવ તૈયારીથી લઈને શસ્ત્રક્રિયા અને અનુગામી સારવાર સુધીની સમગ્ર પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં



આવી હતી. જેમાં અશ્વ ઉછેર કેન્દ્ર, ઈણજના મદદનીશ પશુપાલન નિયામક ડૉ.ડી.કે. ચોચા નો પ્રયત્નો વિશેષ નોંધપાત્ર રહ્યા.વધુમાં, પશુ શસ્ત્રક્રિયા અને ક્ષ-કિરણ વિભાગના વડા ડો.એસ. કે.ઝાલાએ જણાવ્યું હતું કે,પશુઓમાં નેત્રરોગોનું સમયસર નિદાન અને યોગ્ય સારવાર કરવી અત્યંત મહત્વપૂર્ણ છે. મોતિયો, કોર્નિયલ અલ્સર, યુવેઈટિસ અને ગ્લુકોમા જેવા રોગોમાં સમયસર સારવાર ન મળવાથી દ્રષ્ટિ પર ગંભીર અને કાયમી અસર થઈ શકે છે. ડો.એમ.ડી.ઓડેદરા, આચાર્યશ્રી, પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના જણાવ્યાનુસાર, પશુઓમાં જોવા મળતી વિવિધ નેત્રરોગોની પરિસ્થિતિઓના સચોટ નિદાન અને અસરકારક વ્યવસ્થાપન માટે અત્રે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં કુલ આઠ શ્વાન અને એક વાછરડામાં પણ મોતિયાની સર્જરી કરવામાં આવેલ છે તથા પશુઓને અદ્યતન અને ગુણવત્તાયુક્ત ક્લિનિકલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે મહાવિદ્યાલય સતત પ્રયત્નશીલ છે.

# “સેવા મેરા યોગદાન” અંતર્ગત GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે એક મહિના દરમિયાન વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે “સેવા મેરા યોગદાન” અંતર્ગત તા. 17/09/26 થી 16/10/2026 દરમિયાન જનસામાન્ય માં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા તથા વિવિધ રોગોની સમયસર તપાસ અને નિવારણ માટે અલગ-અલગ દિવસોએ વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે.આ કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે: રક્તદાન કેમ્પ : જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા જળવાઈ રહે તે માટે રક્તદાન કેમ્પ યોજવામાં આવશે, અંગદાન શપથ અને જાગૃતિ કાર્યક્રમ, અંગદાનના મહત્વ અંગે જનજાગૃતિ કરવામાં આવશે તેમજ નાગરિકોને અંગદાન માટે શપથ લેવડાવવામાં આવશે, માતા અને બહેનોના આરોગ્ય અંગે જાગૃતિ કાર્યક્રમ: મહિલા ઓના આરોગ્ય, પોષણ અને સમયસર આરોગ્ય તપાસ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.એનિમિયા સ્ક્રીનિંગ કેમ્પ:એનિમિયાની વહેલી ઓળખ માટે સ્ક્રીનિંગ કરવામાં આવશે તથા જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે. NCD ટીમ દ્વારા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર તપાસ કેમ્પ:હોસ્પિટલ ની NCD ટીમ દ્વારા ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવશે અને જરૂરી આરોગ્યલક્ષી સલાહ તથા માર્ગદર્શન આપવામાં આવશે.મહિલાઓ માટે અલગથી બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પ : મહિલાઓમાં સ્તન કેન્સરની વહેલી ઓળખ અને જાગૃતિ માટે વિશેષ બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ કાર્યક્રમો 17 સપ્ટેમ્બરથી 16 ઓક્ટોબર 2026 દરમિયાન અલગ- અલગ દિવસોએ યોજવામાં આવશે. કાર્યક્રમોનો મુખ્ય હેતુ રોગોની વહેલી ઓળખ, આરોગ્ય અંગે જાગૃતિ, રક્તદાન તથા અંગદાન જેવી સેવાભાવી પ્રવૃત્તિ ઓને પ્રોત્સાહન આપવાનો છે.GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના હોસ્પિટલ તંત્ર દ્વારા જનસામાન્યને આ વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં જોડાઈ તેનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. ‘તમારું નાનું યોગદાન, કોઈના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે.”સ્થળ: જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જુનાગઢ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિને શ્રી ભમરેચી માતાજીના મંદિરે ભવ્ય દીપોત્સવ અને ખાસ આરતીનું આયોજન



દિપક રાવલ દાહોદ લીમખેડા

જસવંતસિંહ ભાભોરે કર્યા માતાજીના દર્શન દીપ પ્રગટાવી, આરતી કરી વડાપ્રધાનના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે વિશેષ પ્રાર્થના કરાઈ; ગ્રામજનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા.દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ નિમિત્તે પાવન તીર્થધામ શ્રી ભમરેચી માતાજીના મંદિરે એક ભવ્ય અને દિવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે જસવંતસિંહ ભાભોર દ્વારા માતાજીના મંદિરે પહોંચી વિશેષ પૂજા-અર્ચના, મહાઆરતી તથા ભવ્ય દીપોત્સવ મનાવવામાં આવ્યો હતો. માતાજીના ચરણોમાં શીશ નમાવીને વડાપ્રધાનશ્રીના ઉત્તમ સ્વાસ્થ્ય, સુખાકારી, સમૃદ્ધિ અને દીર્ઘાયુષ્ય માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ તકે વડાપ્રધાનશ્રીને રાષ્ટ્રસેવા માટે અખૂટ શક્તિ અને ઉર્જા પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના પણ વ્યક્ત કરવામાં આવી હતી.આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો, માઈભક્તો અને ભારતીય જનતા પાર્ટીના સાથી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત તમામ ભક્તોએ સ્વયંભૂ દીપ પ્રગટાવીને અંતઃકરણપૂર્વક માનનીય મોદીજીને જન્મદિવસની શુભકામનાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર મંદિર પરિસર ’મા ભમરેચી’ના જયઘોષ અને દીપોત્સવના પ્રકાશથી દિવ્ય બની ઉઠ્યું હતું.

# આરીખાણામાં પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી

મહેશ એલ. સોની નખત્રાણા

આરીખાણા મુકામે જૈન મહાજન આરીખાણા દ્વારા જૈન ધર્મના મહાન પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ભગવાનની ભવ્ય શોભાયાત્રા, વરઘોડો, આરતી, પૂજન, અર્ચન સહિતની વિવિધ ધાર્મિક વિધિઓ દ્વારા સમગ્ર ગામ ભક્તિમય બની ગયું હતું.આ ધાર્મિક ઉત્સવમાં જૈન મહાજનના અગ્રણી શ્રી પ્રવીણભાઈ લોડયા અને સમસ્ત સનાતન જૈન સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગને વધુ ગૌરવવંતો બનાવવા માટે સનાતન સમાજના અગ્રણીઓએ પણ હાજરી આપી હતી.આ શુભ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મહાવીરસિંહ જુવાનસિંહ જાડેજા, ગામના અગ્રણી શ્રી જુવાનસિંહ જાડેજા, વિશ્વ હિન્દુ



પરિષદ માતાનામઢ જિલ્લા ધર્મ પ્રસાર પ્રશાસનિક પ્રમુખ (સરપંચ) શ્રી મહેન્દ્રસિંહ જાડેજા (સાયરા), ઉપસરપંચ શ્રી મયુરસિંહ જાડેજા, વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત પ્રશાસનિક પ્રમુખ શ્રી જગદીશસિંહ ગોહિલ, માતાનામઢ જિલ્લા ધર્મપ્રસાર પ્રમુખ શ્રી રામજીભાઈ કોલી (રાપરગઢ) તેમજ ગામના અગ્રણીઓ શ્રી ડુંગરજી જાડેજા, મનુભા જાડેજા, કેણજીભા જાડેજા, ગાભૂભા જાડેજા, અરવિંદકુમાર જોશી, ભરતસિંહ જાડેજા, કાળુભા જાડેજા બાવાજી સહિત નાના બાળકો અને સમસ્ત સનાતન સમાજના ધર્મપ્રેમી લોકો ભારે ઉત્સાહભેર જોડાયા હતા.પર્યુષણ પર્વ એ ક્ષમા, ત્યાગ અને આત્મશુદ્ધિનો પર્વ છે, જેનો સંદેશ આ ઉજવણી દ્વારા ગામમાં પ્રસર્યો હતો. હિન્દુ-જૈન એકતાનું આ ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.એવું વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા પ્રચાર પ્રસારક શ્રી હિરેનભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું.

# કેશોદ, માંગરોળ, માળીયાહાટીના ગામો અને ચોરવાડ શહેરમાં તા.૨૧ સપ્ટેમ્બર સુધી પાણી વિતરણ વ્યવસ્થાને અસર પહોંચશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

માંગરોળ ઈમર્જન્સી જૂથ પાણી પુરવઠા યોજના, માળિયા ભાગ-૧ જૂથ પાણી પુરવઠા યોજના, કેશોદ જૂથ પાણી પુરવઠા યોજના, માંગરોળ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ પાણી મેળવતા કેશોદ, માળિયા હાટીના, માંગરોળ તાલુકાના ગામો તથા કેશોદ અને ચોરવાડ શહેરમાં પંપીંગ મશીનરીની જરૂરી કામગીરી કરવાના લીધે પાણી વિતરણ વ્યવસ્થાને અસર પહોંચશે. ઓજત - ૨ ડેમ ખાતે પાણી પુરવઠા બોર્ડના ઈનટેક વેલમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન પંપીંગ મશીનરીની જરૂરી કામગીરી કરવા માટે લાભાર્થી ગામો અને શહેરમાં પાણી વિતરણને અસર પહોંચશે. જોકે, તા.૨૨ સપ્ટેમ્બર થી રાબેતા મુજબ પાણી પુરવઠાનું વિતરણ શરૂ કરવામાં આવશે. આ શટડાઉન દરમિયાન અસર પામનારા વિસ્તારોમાં પાણીની જરૂરિયાત ને ધ્યાનમાં રાખીને સ્થાનિક સ્તરે વૈકલ્પિક પાણી વ્યવસ્થા રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અસુવિધા માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ખેદ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમ નાયબ કાર્યપાલકશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

# ચિકાર ફળિયામાં ઘરમાં ઘૂસ્યો દીપડો, બાંધેલા બળદનું કર્યું મારણ,રહીશો માં ડરનો માહોલ

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં નડગખાદી ગામના ચિકાર ફળિયામાં શિકારની શોધમાં આવેલ એક દીપડાએ રહેણાક ઘરના ઢોરના શેડમાં ઘૂસી બાંધેલા નાના બળદનું મારણ કરતા સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ વ્યાપી ગયો છે.આ ઘટનાની વિગત મુજબ, ગત ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ની મોડી રાત્રે ઘોઘલી ફીડરમાં સર્જાયેલા ફોલ્ટના કારણે વીજળી બંધ થઈ જતા દીપડાએ અંધારાનો સીધો લાભ લીધો હતો. ચિકાર ફળિયાના સ્થાનિક રહીશ રાજુભાઈ શિલુભાઈ ચૌધરીના ઘર નજીક આવેલા ઢોરના શેડમાં ઘૂસી દીપડાએ ત્યાં બાંધેલા બળદ પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.અન્ય પશુઓના ડરભર્યા અવાજો સાંભળી ઘરના સભ્યો તુરંત જાગી ગયા હતા અને તેમણે બૂમાબૂમ કરતા દીપડો અંધારાનો લાભ ઉઠાવી સ્થળ પરથી



ભાગી છૂટ્યો હતો. આ ઘટના બાદ સ્થાનિક આગેવાન રવિન્દ્રભાઈ ભિવશનની મદદથી ઘરમાલિક રાજુભાઈ ચૌધરીએ ચિંચિનાગાંવઠા રેન્જના RFOને લેખિત જાણ કરી હતી. અરજી મળતાની સાથે જ ચિંચિનાગાંવઠા રેન્જના RFOના માર્ગદર્શન હેઠળ પીંપરી બીટના રાઉન્ડ ફોરેસ્ટર અફસનાબેન પોતાની ટીમ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. વન વિભાગની ટીમે ઘટનાસ્થળનું પંચનામું કરી જરૂરી માહિતી એકત્ર કરી છે.દીપડાના ત્રાસથી ગ્રામજનોને મુક્તિ અપાવવા માટે વન વિભાગ દ્વારા ઘટનાસ્થળે પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે અને તેની હિલચાલ પર સતત નજર રાખી રેસ્ક્યુ કામગીરી તેજ કરવામાં આવી છે. આ સાથે જ વન અધિકારીઓએ ચિકાર ફળિયાના ગ્રામજનોને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂરેપૂરી સાવચેતી રાખવા અપીલ કરી છે.

# જૂનાગઢમાં ગાર્ડન હિલ એપાર્ટમેન્ટ, રાયજીનગર-૨માં ગણેશ મહોત્સવની ઉજવણી

જૂનાગઢમાં ગાર્ડન હિલ એપાર્ટમેન્ટ, રાયજીબાગ-૨ના મહિલા મંડળ દ્વારા સુંદર મજાની ગણપતિ દાદાની મૂર્તિ લાવી બે ટાઈમ આરતી કરી પ્રસાદ ધરાવી ગણપતિ



દાદાનો જયકાર કરી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવામાં આવે છે, તેમજ દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા કે સત્સંગમા દાદાના ગુણગાન, સુંદરકાંડના પાઠ, વિગેરે વિવિધ કાર્યક્રમો યોજી ગણપતિજીના ગુણગાન ગવાય છે તા.૧૬-૯-૨૫ના રોજ એપાર્ટમેન્ટ ના સિનિયર સિટીઝન પુરુષોના સાથે આરતી કરાવવામા આવી, જ્યારે તા.૧૭-૯-૨૬ ના રોજ ગણપતિ દાદાને ૫૬ ભોગ અન્નકુટ ધરાવેલ તેનો મોટી સંખ્યામાં ભાઇઓ બહેનો તથા બાળકોએ દર્શનનો લાભ લઈ સૌએ ધન્યતા અનુભવી હતી. અને ૧૮-૯-૨૬ ના રોજ ગણપતિ વિસર્જન પછી ગાર્ડન હિલ એપાર્ટમેન્ટ-એ અને બી ના બધા રહેવાસી લોકો સમુહ ભોજન પ્રસાદનો લાભ લઈ એકતાના દર્શન કરાવી છુટા પડશે.

# માલ સામાનનો જથ્થો ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત

સુશીલ પવાર ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં પુણે તરફથી માલસામાનનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી.જે.33.ટી.3401 જે સાપુતારાથી



શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં પથ્થરો સાથે ભટકાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.અહી આઈસર ટેમ્પો પથ્થરો અને નજીકની સંરક્ષણ દિવાલનાં પગલે ખીણમાં ખાબકતા બચ્યો હતો.આ બનાવમાં ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે નાની મોટી ઈજા પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.



ફ્રેન્ડ્સ ગ્રુપ મણિનગર નખત્રાણા દ્વારા ત્રિદિવસીય ગણેશ મહોત્સવના અંતિમ દિવસે "અગલે બરસ જલ્દી આના" ના નારા સાથે ફ્રેન્ડ્સ ગ્રુપના યુવાનો બાપાની મૂર્તિ સાથે વિસર્જન વેળાએ નજરે પડે છે.
તસવીર: મહેશ એલ. સોની નખત્રાણા

# જૂનાગઢમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ અંતર્ગત લાભાર્થી પરિવારને મળ્યું પોતાના પાકા મકાનનું સુખ

નરેન્દ્ર દવે જૂનાગઢ | કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારોને પાયાની આવાસ સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી અમલમાં મૂકવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ૨.૦ અનેક પરિવારો માટે આશીર્વાદરૂપ બની રહી છે. આ યોજના થકી જૂનાગઢ શહેરમાં પણ જરૂરિયાતમંદ પરિવારોના પોતાના પાકા મકાનના સ્વપ્નને સાકાર કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢના સુખપુર ગામના લાભાર્થી શ્રીમતી ભટ્ટ મુક્તાબેન વિનોદરાય ને શહેરી વિકાસ સત્તા મંડળ, જૂનાગઢ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના, શહેરી ૨.૦ અંતર્ગત પાકા મકાન ની સુવિધા પ્રાપ્ત થઈ છે. લાભાર્થી મુક્તાબેનના પુત્ર શ્રી ભટ્ટ કિશોરભાઈ વિનોદરાય પોતાના અનુભવો જણાવતા કહે છે કે, એક સમયે અમારી પાસે લાકડાનું કાચું મકાન હતું. ચોમાસા દરમિયાન વરસાદના કારણે લાકડું ભીનું થઈ જતું અને મકાનના લાકડાના ભાગો તૂટી જતા હતા. પરિવારની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હોવાથી અને આવક મર્યાદિત હોવાને કારણે પોતાના ખર્ચે પાકું મકાન બનાવવું અમારા માટે અશક્ય લાગતું હતું. તેઓ વધુમાં જણાવે છે કે, “પ્રધાનમંત્રી આવાસ યોજના, શહેરી ૨.૦ થી આજે અમને પોતાનું પાકું મકાન મળ્યું છે. હવે પરિવારને વરસાદ કે અન્ય ઋતુમાં કાચા મકાનની ચિંતા રહેતી નથી. સરકારની આ આવાસલક્ષી યોજનાએ અમારા જેવા સામાન્ય અને જરૂરિયાતમંદ પરિવારના પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કર્યું છે.”

# પીએમશ્રી આદિવાસી આશ્રમ શાળા, મોટીબાંડીબાર ખાતે 'આશીર્વાદનો દીવડો' અને વડાપ્રધાનશ્રીના જન્મદિનની ભવ્ય ઉજવણી યોજાઈ

દિપક રાવલ દાહોદ લીમખેડા

શ્રી સરસ્વતી કેળવણી મંડળ મોટીબાંડીબાર સંચાલિત પીએમશ્રી આદિવાસી આશ્રમ શાળા, મોટીબાંડીબાર ખાતે તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬, ગુરુવારના રોજ 'આશીર્વાદનો દીવડો' તથા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ, મહાનુભાવો, શિક્ષકગણ અને ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.મંગળ પ્રારંભ અને ૧૧૧ દીવડાઓની મહાઆરતી:કાર્યક્રમનો પ્રારંભ સ્થાનિક પવિત્ર 'સલેશ્વર મહાદેવ' ના મંદિરે ૧૧૧ દીવડાઓની મહાઆરતી સાથે થયો હતો. 'હર હર મહાદેવ'ના નાદ અને દિવ્ય પ્રકાશ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ત્યારબાદ શાળા પરિસરમાં ઢોલ-નગારા, પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને પધારેલા અતિથિઓનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં દાહોદ લોકસભાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જશવંતસિંહ ભાભોર, લીમખેડા વિધાનસભાના ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર, દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધરીયા, મહામંત્રી શ્રી રાહુલભાઈ રાવત, તાલુકા પંચાયત સભ્ય શ્રી સામાભાઈ કટારા, શ્રી સરસ્વતી કેળવણી મંડળના પ્રમુખ શ્રી મુન્નાભાઈ લબાના, મંત્રી શ્રી મેહુલભાઈ લબાના, આચાર્ય શ્રી વીરાભાઈ પટેલ સાહેબ, સ્થાનિક પંચાયત સભ્યો, પત્રકારમિત્રો અને ગ્રામીણ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ધોરણ ૧૦: વિદ્યાર્થીની દ્વારા 'વિકસિત ભારત ૨૦૪૭' વિષય પર ૧૯૪૭થી ૨૦૪૭ સુધીના ૭૫ કરોડ બાળકોના ભવિષ્ય અંગે પ્રોત્સાહક વક્તવ્ય રજૂ કરાયું હતું.

# PM ના જન્મદિવસ નિમિત્તે દાહોદ વૃદ્ધાશ્રમ ખાતે વસ્ત્ર અને પ્રસાદ વિતરણ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ : ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ગુજરાત રાજ્યમાં સેવા અને લોકકલ્યાણલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે દાહોદ ખાતે “સેવા મેરા યોગદાન” અભિયાન અંતર્ગત વૃદ્ધજનો પ્રત્યે સંવેદના અને સન્માનની ભાવના સાથે વસ્ત્ર તથા પ્રસાદ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા ખાતા દ્વારા અનુદાનિત તથા “શાંતિ એકતા ચેરીટેબલ ટ્રસ્ટ, દાહોદ” સંચાલિત



નિ:શા વૃદ્ધાશ્રમ, દાહોદ ખાતે આ સેવા પ્રવૃત્તિ યોજાઈ હતી.આ પ્રસંગે કલેકટરસુશ્રી સુરભિ ગૌતમ દ્વારા વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વડીલોને વસ્ત્રો તથા પ્રસાદનું વિતરણ કરી તેમના પ્રત્યે આત્મીયતા વ્યક્ત કરવામાં આવી હતી. તેમજ વડીલો સાથે સંવાદ કરી તેમના સુખાકારી અંગે જાણકારી મેળવવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી તથા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે ગુજરાત રાજ્યના ૨૯ જિલ્લાઓમાં આવેલા ૧૩૪ વૃદ્ધાશ્રમોમાં વસ્ત્ર અને પ્રસાદ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# રક્તની એક બોટલ, જીવનની એક આશા! નખત્રાણામાં ભાજપ યુવા મોરચાનો સેવાયજ્ઞ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)| PM મોદીના જન્મદિવસ નિમિત્તે ‘સેવા હી સંકલ્પ-રક્તદાન મહાદાન’ અભિયાન અંતર્ગત નખત્રાણા તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા દેવાશિષ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ભાજપના આગેવાનો, યુવા મોરચાના હોદ્દેદારો તથા



કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું.આ પ્રસંગે અબડાસા ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સહિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન કરનાર યુવાનોમાં માનવસેવા અને સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના જોવા મળી હતી.આ પ્રસંગે નખત્રાણા તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી શ્રી હરીસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, “રક્તદાન એ સૌથી મહાન માનવસેવામાંનું એક કાર્ય છે. આપણા દ્વારા કરવામાં આવેલ રક્તદાન કોઈ જરૂરિયાતમંદ દર્દી માટે જીવન બચાવનાર સાબિત થઈ શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા પ્રવૃત્તિના ભાગરૂપે યોજાયેલ આ રક્તદાન કેમ્પમાં જોડાઈ કાર્યકર્તાઓએ ‘સેવા હી સંકલ્પ’ને સાર્થક કર્યો છે.”

# દાહોદમાં સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે વિદ્યાર્થીઓ માટે પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ

દિપક રાવલ દાહોદ લીમખેડા | શિક્ષણ સાથે પોષણનો મહાસંગમ દાહોદમાં સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે વિદ્યાર્થીઓ માટે પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો .ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્યના સમન્વયથી આદિવાસી ક્ષેત્રોના વિકાસને નવી દિશા આપવા માટે એક ક્રાંતિકારી પહેલ શરૂ કરવામાં આવી છે. 'ન્યૂ ગુજરાત પેટર્ન યોજના' હેઠળ દાહોદ જિલ્લાની ૫૭ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પૌષ્ટિક અલ્પાહાર પૂરો પાડવાનો આકાંક્ષી પાયલોટ પ્રોજેક્ટ કાર્યરત કરાયો છે. સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા કંબોઈ સરકારી માધ્યમિક શાળા ખાતે વિદ્યાર્થીઓને પોતાના હસ્તે ભોજન પીરસીને આ સરાહનીય યોજનાનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવ્યો. પ્રાયોજના વહીવટદાર કચેરી, જિલ્લા પુરવઠા અધિકારી કચેરી અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સનિષ્ઠ સહયોગથી આ પ્રોજેક્ટનું આયોજન કરાયું છે.આ પ્રોજેક્ટથી દાહોદ જિલ્લાના કુલ ૬,૭૨૦ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર પૌષ્ટિક અલ્પાહારનો લાભ મળશે. માત્ર ખોરાક આપવા પૂરતો આ કાર્યક્રમ મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં એકાગ્રતા, હાજરી અને માનસિક ક્ષમતા વધારીને અભ્યાસના લક્ષ્યો પ્રાપ્ત કરવાનો છે.સ્વસ્થ અને સશક્ત વિદ્યાર્થીઓ દ્વારા 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને જમીની સ્તરે સાકાર કરતા આ પ્રયોગની સફળતા બાદ રાજ્યના અન્ય આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં પણ તેનો વિસ્તાર કરવામાં આવશે.

# પંચાત રસ



- રુપાલી દવે

નારાયણનારાયણનારાયણ.. ફારસ એવું થઈ ગયું ને કે ખડખડાટ ઠાહકા લઈને હસનારા ને ખબર નહતી કે શેને હસવું આવ્યું? ને બોલનાર ને સમજાતું નહતું કે એ એવું તે શું બોલ્યો કે બધાનું હસવું રોકતું નથી. ગુજરાતી શબ્દ ની માયાજાળ જ એવી છે ને કે દ્વિઅર્થ માં બધું વર્ણવે છે. જય મંગલ સોસાયટી માં ધામધૂમ થી ગણપતિ બાપા ની હીરો માફક એન્ટ્રી થઈ.સોસાયટી ની ખાસિયત એ કે ત્યાં જય અને મંગલ ને લાંબા સમયથી સુધી સાથે રહેવું ફાવતું નથી.દાદા ની એન્ટ્રી માં સોસાયટી ના લોકો અતિ ઉત્સાહ માં નાચ ગાન માં વ્યસ્ત હતા.લોકો એ મન ભરી ને ફાળો આપ્યો હતો એટલે નાગપુરી ઢોલ નગારા અને ગુજરાતી દાંડિયારાસ સ્પીકરો નો ઝમાવડા નો અવાજ દૂર દૂર સુધી પહોંચી ગયો હતો.આમપણ મહારાષ્ટ્રીય અને ગુજરાતી મ્યુઝિક માં સિંગર નો અવાજ ઓછો ને મ્યુઝિક ના દે ધના ધન વધારે સાંભળતા હોય છે.હૈદરાબાદ માં આસપાસ બધેય મોટા મોટા પંડાલ માં ગણપતિ બાપ્પા મોરિયા પધારી ગયા એની મને ભનક પણ ન પડી,કેમ? સ્વયં શિસ્ત માં હદય ફાટ સ્પીકરો નું ધ્વનિ પ્રદૂષણ ઓછું હોય છે.ગાવું વગાડવું બધુય સેલ્ફ સર્વિસ માં આવે છે. હાર્મોનિયમ, તબલા અને લાંબી મૂછ વાળા પીપુડા જ વધારે સંભળાઈ છે. સાચું કહું આપણે ગુજરાતી ભલે મ્યુઝિક લાઉડ સાંભળીએ પણ કલા ની કદર ખરી એમાં તો મને તો ઘણીવાર પીપુડા વાદક ની દયા આવી જાય છે.કલાકાર ને એની કળા પ્રદર્શિત કરવા લાંબા સમય સુધી નિર્જીવ પીપુડા ને સી.પી. આર આપી આપીને થાકી જતા નહી હોય. જય મંગલ સોસાયટી ના સેક્ટરી ના મનમાં કંઈક બાજુ ની સોસાયટી કરતા ગણપતિ મહોત્સવ માં નવું કરવાનો અભરખો હતો. નવા સવા સાઉથ ની ટૂર કરી ને આવ્યા હતા એટલે કલ્ચરલ પ્રોગ્રામ ને મળતું આવે વળી સોસાયટી ની પબ્લિક “ઈંધણા વીણવા ગઈ તી મારી સૈયર” થી આગળ વધી ને “ ભીગી ભીગી રાતો મેં એંસી બરસતો..” થી માંડ માંડ પરિચિત છે એટલે નવું પપુડા નું લાઈવ પ્રસારણ..ગણપતિ મહોત્સવ ૨૦૨૬ માં તો..તો. જય મંગલ કમિટી આગળ સેક્રેટરી એ પ્રસ્તાવ મૂક્યો ત્યારે બધા એ સામૂહિક રીતે એકીસુર માં કહ્યું કે નવા પોપટો મોંઘા પડે જે દર વર્ષે મહારાષ્ટ્રીય અને ગુજરાતી ના સહયોગ થી ચાલતી ધમાલ બરોબર છે. સોસાયટી ના પ્રમુખ એ હાથ વડે માવા ની કોથળી ચોળતા ચોળતા કહ્યું કે એલા!!વેવલા,મારી બૈરી મતલબ તારી કાકી ને તો તું ઓળખે કે ના..કેવી છે ભૂલ થી રાડ પાડી તો નાગણ બની ને આખો ને આખો કોતરી કાઢે. એ રૂપાળી એ ખાસ ગણપતિ મહોત્સવ માટે નવી ચણિયા ચોળી લીધી છે. કેટલુંય સમજાવ્યું કે આ ઉંમરે વધારે ઠેકડા મારશો ને પગ ભાંગશે તો કોણ સેવા કરવા આવશે? તમારા માવતર માં બધા પરલોક સિધાવ્યા જે હાજર છે એ બધા ખાવા ટાળ છે.મારું બૈરું મારું બૈરું બધું ધાર્યું કરે કુદવા ની ઉંમર નથી છતાંય ગણપતિ બાપ્પા ને ગરબા સ્ટાઈલ માં વેલ્કમ કરવું છે. પ્રમુખ શ્રી ની વાત સાંભળતા જ સોસાયટી ના બધા મેમ્બર્સ ખડખડાટ હસવા લાગ્યા. પ્રમુખ શ્રી હસતા હસતા ધીમે થી બોલ્યા કે મારી વંદારી ને ગરબા ય માંડ માંડ આવડે ને એમાં એ ભારત નાટ્યમ ક્યાંથી કરવાનું..તારી વાંદું કાકી એ પૂરા ૨૫૦૦ ચણિયા ચોળી ની પાછળ ખર્ચી નાખ્યા છે.બૈરા ના જમાના આવ્યા છે એમાં પુરુષો ના લલાટ નું તેજ એની પત્ની ના કપાળે વધારે ઝગારા મારતું હોય છે. લ્યો બોલો કાલ તો હદ થઇ ગઈ તમારા કાકી એ મને કહ્યું કે મનદુઃખ,જાવ જઈને કિલો કાંદા બટેટા લઈ આવો, મારો ભાઈ રસ્તા માં જ છે બિચારા ને ભૂખ લાગી હશે.એના માટે બે ત્રણ ઘાણ ગરમા ગરમ ભજીયા ઉતારી દઈશ.. મફત ના મરચા લાવવા નું ભૂલતા નહી..ધીમેથી ગુસ્સા માં તારા બાપ નો નોકર છું નીકળ્યું એ ભેગા મીઠો છણકો કરી ને મારા તરફ જોઈ ને બોલી કે શું કીધું? તમારા કાકી.કાકી માં એવા ઘાયલ..ઘાયલ થયા ને કે કાંદા બટેટા ની સાથે મરચા પણ પ્રેમ થી લાવ્યા. આપણા પર નારદજી ને ક્રશ પણ બિચારા આજીવન કુંવારા એટલે ઢાઈ અક્ષર પ્રેમ કા વ્યક્ત કરતા કાયમ ડરે.જય મંગલ સોસાયટી ના સેક્રેટરી ના મનની અંદર ચાલી મથામણ ને દૂર કરવા માટે એ આકાશ ગંગા માંથી નીકળતા હતા ત્યાં જ ધરા પર હવામાન ખાતાની ડામાડોળ સ્થિતિ જોતા જ સ્વર્ગ લોક ના દરવાજા બંધ થઈ ગયા.નારદજી મનોમન બોલ્યા કે આકાશ ગંગા માં મુક્ત મને વિહાર કરતા ભારતીય રેલવે માં મુસાફરી કરવી સારી છે, ઈચ્છો ત્યારે ધરતી સુંદરી ને મળવા તો જઈ શકાય.બિચારા નારદજી ભોળા માણસ છે એટલે ખટારા ની ઝડપે ચાલતી ભારતીય રેલ પર આફ્રિન છે.પ્રથમ તો ભારતીય રેલ નું નિર્માણ મધ્યમ વર્ગીય અને ગરીબ લોકો ને ધ્યાન માં રાખીને કરવામાં આવ્યું છે. આ કારણોસર ટિકિટ માં મુસાફર રૂપિયા તો પૂરા ચૂકવે છે પણ એ પ્રમાણે સગવડતા મળતી નથી. થર્ડ એસી ની દશા સેકન્ડ ક્લાસ ના કોચ ની માફક બદ થી બદતર છે. ડાઘા દુધી વાળી સીટો થી લઈને ટોયલેટ ની સમસ્યા એ વી ને એવી જ સમજો.માન્યું કે રેલવે એ સ્વચ્છતા મિશન ના અંતર્ગત ઘણા સુધારણા કર્યા છે પણ સફાઈ કર્મચારીઓના આળસુ અને આક્રમક સ્વભાવ ને લીધે મુસાફરો એની સાથે મગજ મારી થી કિનારો કરતા હોય છે. રેલ્વે ની કેન્ટીન નું જમવાનું,નાસ્તો વગેરે અદ્રશ્ય હરતી ફરતી બેક્ટેરિયા થી ભરેલ પ્લેટ સમજો. થોડા દિવસો પહેલા પ્રીમિયમ ટ્રેન માં લોંગ ટ્રિપ બાદ ઘરે પરત ફરતી વખતે રેલ્વે ની પ્રીમિયમ ટ્રેન માં ઓન લાઈન ફૂડ સાઈટ પર થી ફૂડ ઓર્ડર કર્યો હતો. નિશ્ચિત પ્લેટ ફોર્મ પર અમારા જેમજ પચ્ચીસ લોકોની ઓન લાઈન ફૂડ ડિલિવરી ન થઈ.આ કારણોસર રેલ્વે નું ફૂડ ખાવું પડ્યું ફૂડ ખાધા ના પંદર વીસ કલાક બાદ મને ફૂડ પોઈઝનિંગ થઈ જતા સાતેક દિવસ તબિયત ડામાડોળ રહી હતી.સરકારે રેલ્વે સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઘણા કડક નિર્ણયો કર્યા છે પણ બધેય સરકાર પોંહચી શકતી નથી આળસુ કર્મચારીઓ અને ઓન લાઈન ફૂડ ડિલિવરી માં છેતરપિંડી જેવા બનાવો નો શિકાર નિયમિત મુસાફરો બન્યા કરતા હોય છે. ટ્રેન માં મુસાફરી કરવાની તો ખૂબ મજા આવે છે પરંતુ મુસાફરી માં સાજા સ્વસ્થ રહેવા માટે નાસ્તા અને ભોજન ની વ્યવસ્થા ખુદ એ કરવી જરૂરી છે.જો તમે ઘર ના બદલે અન્ય પ્લેસ થી ઘર તરફ મુસાફરી કરી રહ્યા છો તો જે તે જગ્યા ની ફેમસ રેસ્ટોરન્ટ માંથી ફૂડ પેક કરાવી ને જ ટ્રેન માં મુસાફરી કરજો.

# બીજી તક, એક અણકહી વાર્તા-સિદ્ધાર્થ રાંદેરિયા અભિનીત 'જિંદગી વન્સ મોર'નું સ્ટ્રીમિંગ ફક્ત શેમારૂમી પર

(એજન્સી) મુંબઈ | તા.17

શેમારૂમી એક ભાવનાત્મક અને હૃદયસ્પર્શી ફિલ્મ 'જિંદગી વન્સ મોર'નું પ્રીમિયર કરવા માટે તૈયાર છે. આ ફિલ્મની મુખ્ય વાર્તા બીજી તક વિશે છે– ભૂતકાળને ફરી જીવવાની, પોતાના સ્વજનો સાથે ફરી જોડાવાની, જે કહેવાનું રહી ગયું હતું તે કહી દેવાની અને જે ક્ષણોને આપણે ભૂતકાળમાં પસાર થવા દીધી હતી તેને ફરી જીવી લેવાની તક. આ એક એવા પિતાની પણ વાર્તા છે, જેમની પાસે હંમેશા મજબૂત રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે, જેઓ અવારનવાર પોતાની લાગણીઓ પોતાના સુધી જ સીમિત રાખે છે અને ચુપચાપ પોતાના પરિવારને પ્રથમ સ્થાને રાખે છે. 'જિંદગી વન્સ મોર' પિતૃત્વની આ અણસ્પર્શી બાજુને જીવંત કરે છે, જે પિતાની શાંત શક્તિ પાછળ છુપાયેલી લાગણીઓ, ત્યાગ અને અણકહેલી વાતોને સામે લાવે છે.આ વાર્તા આપણે જે ભૂમિકાઓ અને સંબંધોના આદિ થઈ ગયા છીએ તેની પાર જોઈને, તે સંબંધો પાછળ રહેલા માણસને શોધવા વિશે છે. જ્યારે દીકરો તેના પિતાના જીવનના અજાણ્યા પ્રકરણો ઉકેલવાનું શરૂ કરે છે, ત્યારે ફિલ્મ દર્શાવે છે કે કેવી રીતે દરેક પરિવારમાં એવી વાર્તાઓ, મિત્રતા અને અનુભવો હોય છે જે પેઢીઓ સુધી છુપાયેલા રહી શકે છે. આ કથા ભાવના, હૂંફ અને એ વિચારને એકસાથે લાવે છે કે ક્યારેક આપણે જે નાયકોને બહાર શોધીએ છીએ, તેઓ પહેલેથી જ આપણા ઘરમાં હાજર હોય છે.ધર્મા પ્રોડક્શન્સના ગુજરાતી સિનેમામાં પ્રથમ સાહસ તરીકે, 'જિંદગી વન્સ મોર' એક દિલચસ્પ કૌટુંબિક ડ્રામા છે. આ ફિલ્મ વાર્તાકાર ફિલ્મ્સ દ્વારા નિર્માણ કરવામાં આવી છે, જેમાં વસુ ધોળકિયાએ પ્રોડ્યુસર તરીકે સેવા આપી છે. નોંધનીય છે કે, કરણ જોહરનું બેનર ધર્મા પ્રોડક્શન્સ આ ફિલ્મમાં પ્રેઝન્ટર અને ડિસ્ટ્રીબ્યુટર તરીકે જોડાયું છે, જે સ્ટુડિયો માટે પ્રથમ વખત ગુજરાતી સિનેમામાં પ્રવેશવાનો એક ઐતિહાસિક પ્રસંગ છે.ગુજરાતી સિનેમાના દિગ્ગજ અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયા મુખ્ય ભૂમિકામાં હોય તેવી આ ફિલ્મ ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી અને હવે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬થી શેમારૂમી પર સ્ટ્રીમ થવાનું




શરૂ થશે.પિતાની ભૂમિકા ભજવી રહેલા સિદ્ધાર્થ રાંદેરિયાએ જણાવ્યું હતું કે, 'એવા પિતાની ભૂમિકા ભજવવી જે પોતાની અંદર ઘણું બધું સભરીને રાખે છે પણ બહાર બહુ ઓછું દર્શાવે છે, તે મારા માટે ખૂબ જ સ્પર્શી જાય તેવો અનુભવ હતો. પિતાને અવારનવાર પરિવારમાં એક શાંત અને મજબૂત વ્યક્તિ તરીકે જોવામાં આવે છે, પરંતુ તે મૌન પાછળ શું છુપાયેલું છે તે આપણને ભાગ્યે જ જોવા મળે છે. 'જિંદગી વન્સ મોર' ફિલ્મે મને તે શાંત શક્તિને પડદા પર લાવવાની તક આપી, અને મને આશા છે કે આ ફિલ્મ દર્શકોને તેમના પોતાના પિતા તરફ થોડી વધુ હૂંફ અને સમજણ સાથે જોતા કરશે. હું ખૂબ જ ઉત્સાહિત છું કે ફિલ્મ હવે શેમારૂમી પર સ્ટ્રીમ થવા જઈ રહી છે.'દીપ ધોળકિયા તેમના પુત્ર શેખરની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મ અને પોતાના પાત્ર વિશે વાત કરતા દીપ ધોળકિયાએ કહ્યું, 'આપણા માતા-પિતાને સમજવું ક્યારેય આસાન નથી હોતું. માતા ઘણીવાર પોતાની લાગણીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરી શકે છે, પરંતુ પિતા ભાગ્યે જ પોતાની લાગણીઓ દર્શાવે છે અને હંમેશા મજબૂત રહેવાનો પ્રયત્ન કરે છે. આ ફિલ્મ પિતાની એ બાજુ અને એક વાલી બનવા સિવાય તેમણે જીવેલા જીવનને દર્શાવે છે.પિતા અવારનવાર પોતાના પરિવાર માટે પોતાના સપનાઓને બાજુ પર મૂકી દે છે, પરંતુ તેઓ શેનાથી ખુશ થાય છે અથવા પિતા બનતા પહેલા તેમનું જીવન કેવું હતું તે સમજવા માટે આપણે ભાગ્યે જ સમય કાઢીએ છીએ.

# 'છઠ પૂજા વિશે વધુ જાણતી ન હતી'

## તમન્નાએ કહ્યું - 'છઠ્ઠી મૈયા' ગીતના શૂટિંગમાં ભાવુક થઈ; બિહાર કલ્ચરમાં આથમતા સૂરજદેવનું સન્માન

(એજન્સી) મુંબઈ | તા.17

અભિનેત્રી તમન્ના ભાટિયાએ છઠ પૂજા વિશે કહ્યું છે કે તેઓ આ પર્વ વિશે વધુ જાણતી ન હતી. પરંતુ જ્યારે તેમણે પોતાના નવા ગીત 'છઠી મૈયા'નું શૂટિંગ કર્યું ત્યારે તેઓ ભાવુક થઈ ગઈ હતી. ફિલ્મ 'વન' (Vvan) ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ પર તમન્નાએ કહ્યું કે તેઓ મુંબઈમાં ઉછર્યા છે. જ્યારે તેઓ જુહુ બીચ પર છઠ પૂજાની ભીડ જોતી હતી, પરંતુ આ તહેવારની પરંપરાઓ વિશે વધુ જાણકારી ન હતી. શૂટિંગ દરમિયાન તેમને જાણવા મળ્યું કે તેમાં 36 કલાકનું કઠિન નિર્જળા વ્રત રાખવામાં આવે છે.મીડિયા સાથે વાત કરતા તમન્ના ભાટિયાએ કહ્યું કે આજકાલ લોકો ગ્રેટિટ્યુડ (આભાર) અને મેનિફેસ્ટેશનની ઘણી વાતો કરે છે. આ બિહારી સંસ્કૃતિનો એક ખૂબ જ સુંદર ભાગ છે.સામાન્ય રીતે દરેક જણ ઉગતા સૂર્યને પ્રણામ કરે છે, પરંતુ છઠ પૂજામાં ડૂબતા સૂર્યને પણ તેટલું જ સન્માન અને મહત્વ આપવામાં આવે છે.અભિનેત્રીએ જણાવ્યું કે જ્યારે તેઓ આ ગીતનો સીક્વન્સ શૂટ કરી રહ્યા હતા, ત્યારે આપમેળે તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા. તમન્નાએ પોતાનો અનુભવ શેર કરતા કહ્યું કે તેઓ બાળપણથી મુંબઈમાં રહ્યા છે. જુહુ બીચ પર છઠના અવસરે મોટી સંખ્યામાં લોકોને એકઠા થતા જોતા હતા, પરંતુ તેની પાછળના નિયમોની જાણકારી નહોતી. આ ગીતના શૂટિંગ દરમિયાન તેમને જાણવા મળ્યું કે લોકો દેવીની ઉપાસના માટે 36 કલાક સુધી પાણી પીધા વિના કઠિન ઉપવાસ રાખે છે. તેમણે કહ્યું કે એક કલાકાર તરીકે તેઓ માત્ર એક માધ્યમ છે અને કેટલીક લાગણીઓ આપણા વશની બહાર હોય છે.ફિલ્મ 'વન' દ્વારા સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયા પહેલીવાર એકસાથે સ્ક્રીન શેર કરી રહ્યા છે. તમન્નાએ કહ્યું કે દેશમાં ઘણી લોકકથાઓ છે, જેને મોટા પડદા પર લાવવા માટે હિંમત, સ્પષ્ટતા અને વિઝનની જરૂર હોય છે.તેઓ આ ગીતનો ભાગ બનીને પોતાને નસીબદાર માને છે. તેમણે કહ્યું કે આવનારા વર્ષોમાં જ્યારે પણ તેઓ કોઈને છઠ ઉજવતા જોશે, ત્યારે તેમના મગજમાં આ ગીત ચોક્કસ ચાલશે.'પંચાયત' સિરીઝથી ઓળખ બનાવનાર નિર્દેશક દીપક કુમાર મિશ્રાએ આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે. ફિલ્મને શોભા કપૂર અને એકતા કપૂરે બાલાજી ટેલિફિલ્મ્સના બેનર હેઠળ પ્રોડ્યુસ કરી છે.

# નાણામંત્રી નિર્મલા સીતારમણ ભાવુક થયા

## ગાયિકા એમ.એસ. સુબ્બુલક્ષ્મીની જયંતિ પર ગીતો સાંભળતા આંખોમાં આંસુ આવી ગયા



(એજન્સી) મુંબઈ | તા.17

બેંગલુરુમાં મંગળવારે મહાન કર્ણાટક ગાયિકા એમએસ સુબ્બુલક્ષ્મીની 110મી જયંતિના અવસરે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ ભાવુક થઈ ગયાં. કાર્યક્રમમાં ગીત સાંભળતી વખતે તેમની આંખોમાં આંસુ આવી ગયાં.

જોકે, આ કાર્યક્રમ બેંગલુરુના ચૌડૈયા મેમોરિયલ હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો. સીતારમણ કાર્યક્રમના મુખ્ય અતિથિ હતાં. સુબ્બુલક્ષ્મીની પ્રપૌત્રીઓ એસ ઐશ્વર્યા અને એસ સૌંદર્યાએ પણ સમારોહમાં પ્રસ્તુતિ આપી હતી.

ઐશ્વર્યા અને સૌંદર્યાએ તેમની પ્રપૌત્રીની સંગીત પરંપરાને આગળ વધારી છે. કાર્યક્રમમાં તેમણે સુબ્બુલક્ષ્મીની કેટલીક રચનાઓ રજૂ કરી. સમારોહમાં સંગીત પ્રેમીઓએ સુબ્બુલક્ષ્મી અને ભારતીય શાસ્ત્રીય સંગીતમાં તેમના યોગદાનને યાદ કર્યું.

એમએસ સુબ્બુલક્ષ્મીનો જન્મ 16 સપ્ટેમ્બર 1916ના રોજ મદુરાઈમાં થયો હતો. તેઓ ભારતના સૌથી સન્માનિત ગાયિકાઓમાંના એક હતા. 1998માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સુબ્બુલક્ષ્મીના જીવન પર ટૂંક સમયમાં એક બાયોપિક ફિલ્મ આવશે. રશ્મિકા મંદાના ફિલ્મમાં તેમનું પાત્ર ભજવશે.

ફિલ્મનું સત્તાવાર લોન્ચિંગ 16 સપ્ટેમ્બર 2026ના રોજ તેમની 110મી જન્મજયંતિ પર ચેન્નઈના ધ મ્યુઝિક એકેડમીમાં કરવામાં આવ્યું. ગૌતમ તિન્નનુરી ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે, જેમણે અગાઉ 'જર્સી' અને 'કિંગડમ' જેવી ફિલ્મો બનાવી છે. રશ્મિકા પહેલાં સાઈ પલ્લવીનું નામ આ બાયોપિક માટે સામે આવ્યું હતું. રશ્મિકા પહેલીવાર એવી ઐતિહાસિક અને સાંસ્કૃતિક શખ્સિયતનું પાત્ર ભજવશે, જેમની ઓળખ મુખ્યત્વે કર્ણાટક શાસ્ત્રીય સંગીત સાથે જોડાયેલી છે.

# IIFA એવોર્ડ્સ 2027 અબુ ધાબીમાં યોજાશે

## સલમાન ખાન, કરીના કપૂર સહિત ઘણા સિતારાઓ સામેલ થશે; ગયા વર્ષે ભારતમાં યોજાયો હતો...



(એજન્સી) મુંબઈ | તા.17

ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી (IIFA) એવોર્ડ્સની 27મી આવૃત્તિ 2027માં અબુ ધાબીમાં યોજાશે. સલમાન ખાન, કરીના કપૂર ખાન અને શાહિદ કપૂર સહિત અનેક સિતારાઓ તેમાં ભાગ લેશે.

કરણ જોહર, વરુણ ધવન, જાહ્નવી કપૂર, પંકજ ત્રિપાઠી અને અલી ફઝલ પણ કાર્યક્રમનો ભાગ હશે. બે દિવસીય આ ઈવેન્ટમાં કલાકારો, ફિલ્મ નિર્માતાઓ અને સંગીત કલાકારો ભાગ લેશે.

IIFA 2027નું આયોજન અબુ ધાબીના યાસ આઈલેન્ડ સ્થિત એતિહાદ એરેનામાં થશે. 27મી આવૃત્તિની ટિકિટ 18 સપ્ટેમ્બરના રોજ UAE સમય અનુસાર સવારે 10 વાગ્યાથી મળશે.

મોદીજીના વ્યક્તિત્વનું સૌથી મહત્વપૂર્ણ પાસું તેમના આધ્યાત્મિક ગુણો છે. તેમની કાર્ય નીતિ અને જીવનના સારા અને ખરાબ પરિણામોનો તેમનો સ્વીકાર ભગવદ ગીતામાં વર્ણવેલ 'કર્મયોગ'ને પ્રતિબિંબિત કરે છે. પ્રથમ, તેઓ જે પણ કાર્ય કરે છે તેમાં સંપૂર્ણ સમર્પણ અને સખત મહેનત કરે છે. તેઓ કોઈપણ કાર્યને હળવાશથી લેતા નથી. તેઓ જે પણ કરે છે, તેમનું સંપૂર્ણ ધ્યાન હાથમાં રહેલા કાર્ય પર હોય છે. તેઓ ક્યારેય તેમના કાર્યની ગુણવત્તા સાથે સમાધાન કરતા નથી. જ્યારે તેમના પ્રયત્નો ઉત્તમ પરિણામો આપે છે, ત્યારે તેઓ નમ્ર રહે છે. આનાથી ન તો આત્મસંતોષ મળે છે કે ન તો ઘમંડ. જ્યારે પરિણામો અપેક્ષા મુજબ ન આવે ત્યારે પણ તેઓ શાંત રહે છે. મુશ્કેલ પરિણામો તેમને વધુ પ્રેરણા આપે છે અને દરેક વ્યક્તિ જાણે છે કે તેઓ મુશ્કેલ પરિસ્થિતિઓને તકોમાં કેવી રીતે ફેરવે છે. ગીતામાં વર્ણવેલ આધ્યાત્મિક ગુણોમાંનો એક 'આર્જવમ્' છે, જેનો અર્થ સરળતા અથવા સ્પષ્ટતા થાય છે. વિચાર, વાણી અને ક્રિયામાં સુસંગતતાને 'આર્જવમ્' કહેવામાં આવે છે. આપણે મોદીજીમાં આ ગુણ જોઈ શકીએ છીએ.

મોદીજી સર્જનહાર ભગવાનમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે. તેઓ ગમે ત્યાં મુસાફરી કરે, તેઓ ક્યારેય કોઈ પ્રખ્યાત ધાર્મિક સ્થળની મુલાકાત લેવાની તક ગુમાવતા નથી. ભગવાનની શક્તિમાં આ શ્રદ્ધા જ કદાચ તેમને કામ કરતા રહેવાની શક્તિ આપે છે. અને આ આત્મવિશ્વાસ જ તેમને દરેક જગ્યાએ સફળતા અપાવે છે. વેદાંતમાં વ્યક્ત કરાયેલા 'અદ્વૈત'ના સંદેશમાં મોદીજીની આધ્યાત્મિક શ્રદ્ધા વિશે, મને યાદ છે કે જ્યારે હું તેમની ઓફિસમાં કામ કરી રહ્યો હતો. ત્યારે તેમણે મને કહ્યું કે તેમને એક વાર નાની ઉંમરે ઈજા થઈ હતી. કોઈએ તેમને પૂછ્યું કે શું તેઓને ખૂબ પીડા થઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે, સહજ રીતે તેમના મનમાં જવાબ આવ્યો હતો, 'ના, મને પીડા નથી, ફક્ત મારા શરીરને પીડા છે.' તેમણે ફક્ત વેદાંતનો આ મૂળભૂત વિચાર વ્યક્ત કર્યો હતો કે આપણું વાસ્તવિક સ્વરૂપ આત્મા છે, શરીર અને મનનું સંયોજન નથી.

# સમુદ્રમાં ભારતીય જહાજ સાથે ટકરાતા પાક. જહાજનો કચ્ચરઘાણ વળી ગયો

નવી દિલ્હી : પાકિસ્તાન દ્વારા ફરી ભારતને ઉશ્કેરવાનો પ્રયાસ થયો છે, સમુદ્રમાં ભારતીય વોરશિપ સાથે પાકિસ્તાન નેવીનું જહાજ ટકરાયું હતું. ઉત્તર અરબ સમુદ્રમાં ભારતીય નેવીના ફ્રન્ટલાઈન યુદ્ધપોત સાથે પાકિસ્તાન નેવીના જહાજના ટકરાવાની આ ઘટનાની ભારતે ટીકા કરી છે. એટલુ જ નહીં આ મુદ્દે પાકિસ્તાનના પદાધિકારીઓ સમક્ષ વિરોધ પણ નોંધાવવામાં આવ્યો છે.એવા અહેવાલો છે કે ઉત્તર અરબ સમુદ્રમાં ભારતીય નેવીનું ફ્રન્ટલાઈન યુદ્ધપોત નિયમિત દેખરેખ માટે કામ પર તૈનાત કરાયું હતું. આ દરમિયાન જ પાકિસ્તાની નેવીનું એક જહાજ ઝડપથી ભારતીય યુદ્ધપોત સાથે ટકરાયું હતું. પાકિસ્તાનનું જે જહાજ ટકરાયું તેનું નામ પીએનએસ હુનૈન હોવાનું સામે આવ્યું છે.જોકે આ ટક્કરમાં ભારતીય યુદ્ધપોતને બહુ નુકસાન નથી થયું પરંતુ પાકિસ્તાની જહાજને ભારે નુકસાન થયું હોવાના અહેવાલો છે.જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જે બાદ બન્ને દેશો સામસામે આવી ગયા હતા અને ડ્રોન હુમલા થવા લાગ્યા હતા. આ ઘટના બાદ બન્ને દેશો વચ્ચે શસ્ત્ર વિરામ જાહેર કરાયો હતો, જોકે આ શસ્ત્ર વિરામ વચ્ચે પાકિસ્તાન દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું છે.આંતરરાષ્ટ્રીય જળ ક્ષેત્રમાં દેશોના જહાજો વચ્ચે કેટલુ અંતર રાખવાનું હોય તેને લઈને ભારત-પાક. વચ્ચે કરારો થયા છે જેનો પાકિસ્તાન દ્વારા ભંગ કરાયો છે. ભારતે આ સમગ્ર મુદ્દો પાકિસ્તાની ચાર્જ અફેર્સ સીડીએ સમક્ષ ઉઠાવ્યો છે. પાકિસ્તાન હાઈ કમિશનમાં સાદ વેરિકને ભારતીય અધિકારીઓ દ્વારા સમન્સ પાઠવીને જવાબ માગવામાં આવ્યો છે.

# પ્રોવિડન્ટ ફંડ હેઠળ આવરી લેવાની મર્યાદા રૂ.15 હજારથી વધારી રૂ. 25000 કરી

અમદાવાદ : કેન્દ્ર સરકાર દ્વારા એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન હેઠળ ફરજિયાત કવરેજ માટેની માસિક વેતન મર્યાદા રૂ. ૧૫,૦૦૦થી વધારીને રૂ. ૨૫,૦૦૦ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયથી દેશના ૫૧ લાખથી વધુ વધારાના કર્મચારીઓ પ્રોવિડન્ટ ફંડની ફરજિયાત સામાજિક સુરક્ષાના દાયરામાં આવી જશે. હવે પ્રોવિડન્ટ ફંડ કાપવા માટે માસિક રૂ. ૨૫,૦૦૦ની નવી વેતન મર્યાદા ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬, ગુરુવાર એટલે કે વિશ્વકર્મા જયંતી અને સેવા દિવસના પવિત્ર અવસરથી અમલ કરવાનો રહેશે.પ્રોવિડન્ટ ફંડ માટે રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૨૫,૦૦૦ પગાર જૂથના કર્મચારીઓને સીધો લાભ મળશે. હાલના કોઈ નવો કર્મચારી રૂ. ૧૫,૦૦૦થી વધુ માસિક પગારે નોકરી શરૂ કરતો હતો તો તે આપોઆપ એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના માળખા હેઠળ આવરી લેવાતો ન હતો અને પ્રોવિડન્ટ ફંડ, પેન્શન તેમજ વીમાના લાભોથી વંચિત રહી જતો હતો. આ સીલિંગ વધવાથી રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ ના વેતન બેન્ડમાં આવતા કર્મચારીઓનો મોટો વર્ગ કાનૂની સામાજિક સુરક્ષા હેઠળ આવી જશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે હવે પ્રોવિડન્ટ ફંડ કાપવા માટે માસિક રૂ.૨૫,૦૦૦ની નવી વેતન મર્યાદા અમલમાં આવશે. સપ્ટેમ્બર ૨૦૧૪ પછી ૧૨ વર્ષે પ્રોવિડન્ટ ફંડ વેજ સીલિંગમાં આ સુધારો કરવામાં આવ્યો છે.

## મોદીને મળેલી ભેટોની આજથી હરાજી

# પીએમ મોદીના 76મા જન્મદિને દેશભરમાં દિપ પ્રાગટય ઉત્સવ !



નવી દિલ્હી : ૧૭મી સપ્ટેમ્બરના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬માં જન્મ દિનની ઉજવણી માટે ભાજપ દ્વારા દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં લાંબા અંતરની બાઈક રેલીઓનો પણ સમાવેશ થાય છે. એક બાઈક રેલી વડનગરથી વારાણસી જ્યારે બીજી બાઈક રેલી વારાણસીથી વડનગર સુધી કાઢવામાં આવશે. સાથે જ વડાપ્રધાન મોદીને મળેલી વિવિધ ભેટની હરાજી પણ ગુરુવારથી શરૂ કરવામાં આવશે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૭મીએ વડનગરથી વારાણસી બાઈક રેલીને લીલીઝંડી આપશે, તેવી જ રીતે કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ વારાણસીથી વડનગરની બાઈક રેલીને લીલીઝંડી આપશે. જેમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ જોડાશે. વડનગર મોદીનું જન્મસ્થળ જ્યારે વારાણસી તેમનો લોકસભાનો મત વિસ્તાર છે. બાઈક રેલીઓ ઉપરાંત અન્ય સેવાકીય કાર્યો પણ કરવામાં આવશે. દિલ્હીમાં ભાજપના અધ્યક્ષ નિતિન નવીન દ્વારા પક્ષના હેડક્વાર્ટર પર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.બાદમાં તેઓ અન્ય રાજ્યોમાં આયોજીત આવા જ કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે જશે. ભાજપના એક નેતાએ કહ્યું હતું કે મોદીના જન્મ દિને દેશવ્યાપી સફાઈ અભિયાન પણ ચલાવાશે. સાંજે દેશમાં આશરે ૭૦૦ જેટલા સ્થળોએ ભાજપના નેતાઓ, કાર્યકર્તાઓ વગેરે દ્વારા દિવો પ્રગટાવવાના કાર્યક્રમો યોજવામાં આવશે. વિવિધ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ દ્વારા પણ રાજ્યવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી તરફ વડાપ્રધાન મોદીને મળેલી વિવિધ ભેટની ઓનલાઈન હરાજીને પણ ૧૭મી તારીખે ખુલ્લી મુકવામાં આવશે. આ હરાજીમાં મોદીને મળેની આશરે ૧૫૦૦ જેટલી ભેટને વેચવામાં આવશે. આ ઈ-ઓક્શન આશરે ૩૧ ઓક્ટોબર સુધી ચાલશે.

## મેરે અંગને મે તુમ્હારા ક્યા કામ..

# ગરબામાં મુસ્લિમોના પ્રતિબંધને લઈને બાબા બાગેશ્વરનું નિવેદન

મહારાષ્ટ્ર : મહારાષ્ટ્રમાં નવરાત્રિ દરમિયાન યોજાતા ગરબા કાર્યક્રમોમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની માંગણી અંગે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ હવે પ્રતિક્રિયા આપી છે. તેમણે VHPની આ અપીલનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે.મહારાષ્ટ્રમાં નવરાત્રિને લઈને મુસલમાનોની એન્ટ્રીને લઈને વિવાદ સર્જાયો છે. પહેલા આ વિવાદમાં દેવેન્દ્ર ફડણવીસના પત્ની અને બીજેપીના નેતા નિતેશ રાણેના નિવેદનને લઈને ચર્ચામાં આવ્યા હતા. ત્યારે આ મામલે બાગેશ્વર ધામના પ્રમુખ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ નિવેદન આપ્યુ છે.નવરાત્રિના ગરબા કાર્યક્રમોમાં મુસ્લિમોના ભાગ લેવા પરના પ્રતિબંધ અંગેની ચર્ચા ચાલુ છે. બાગેશ્વર ધામના પ્રમુખ ધીરેન્દ્ર શાસ્ત્રીએ હવે વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ની એ માંગનું સમર્થન કર્યું છે કે નવરાત્રિ દરમિયાન ગરબા કાર્યક્રમોમાં મુસ્લિમોને પ્રવેશ ન આપવો જોઈએ.આ બાબતે પોતાનો મત વ્યક્ત કરતા શાસ્ત્રીએ કહ્યું કે નવરાત્રિ એ સનાતન પરંપરાનો તહેવાર છે અને તેમાં મુસ્લિમોની શું ભૂમિકા હોઈ શકે તેવો પ્રશ્ન ઉઠાવ્યો; તેમણે નોંધ્યું કે તેમના ધર્મમાં મૂર્તિપૂજા વર્જિત છે. ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી હાલમાં મુંબઈમાં છે, જ્યાં તેઓ અંબાણી પરિવારના ગણેશોત્સવમાં સામેલ થવા આવ્યા છે. મીડિયાના પ્રશ્નોના જવાબમાં શાસ્ત્રીએ કહ્યું કે જોકે દરેક વ્યક્તિએ નવરાત્રિ ઉજવવી જોઈએ. પરંતુ ધાર્મિક પ્રથાઓમાં મૂળભૂત તફાવત છે. તેમણે કહ્યું કે ઈસ્લામમાં મૂર્તિપૂજા વર્જિત છે, જ્યારે આપણી ત્યાં દુર્ગા પૂજા અને ગરબાની ઉજવણી મૂર્તિપૂજા પર આધારિત તહેવારો છે. તો પછી મેરે અંગને મે તુમ્હારા ક્યા કામ હૈ ?"આ વાતચીત દરમિયાન ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ વડાપ્રધાન મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેમણે કહ્યું, "હું ભારતના વડાપ્રધાનને તેમના 76મા જન્મદિવસ પર હૃદયપૂર્વકની અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

# મોદી કેબિનેટમાં ફેરબદલના એંધાણ! મંત્રીઓને દિલ્હી ન છોડવા આદેશ, 23-24 સપ્ટેમ્બરે ચિંતન બેઠક

(એજન્સી) નવી દિલ્હી | તા 17

વડાપ્રધાન મોદી 23 અને 24 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓ સાથે 2 દિવસીય 'ચિંતન બેઠક' યોજશે. આ બેઠકમાં સુધારાઓ, સરકારી યોજનાઓ અને મંત્રાલયના તાલમેલ પર ચર્ચા થશે. સંભવિત કેબિનેટ ફેરબદલના સંકેતો વચ્ચે, મંત્રીઓને દિલ્હીમાં ઉપસ્થિત રહેવાના કડક નિર્દેશો અપાયા છે. આ બેઠક શાસનને વધુ મજબૂત બનાવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 23 અને 24 સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રીઓ સાથે બે દિવસીય મહત્ત્વપૂર્ણ 'ચિંતન બેઠક' યોજવા જઈ રહ્યા છે. આ બેઠકમાં દેશમાં સુધારાઓ, સરકારી યોજનાઓ, નીતિઓ, મંત્રાલયો વચ્ચેના પરસ્પર તાલમેલ અને આગામી સમયની રણનીતિ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ બેઠક માટે તમામ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓને આગામી અઠવાડિયે દિલ્હીમાં જ ઉપસ્થિત રહેવાના કડક નિર્દેશો આપવામાં આવ્યા છે, જેના પરથી લાગી રહ્યું છે કે મોદી કેબિનેટમાં ફેરબદલ થઈ શકે છે. જો કે રાજ્ય કક્ષાના મંત્રીઓ આ બેઠકમાં સામેલ થશે કે નહીં તેને લઈને હજુ સુધી સ્થિતિ સ્પષ્ટ થઈ નથી.આ બેઠક દરમિયાન કેટલાક મંત્રીઓ પોતપોતાના મંત્રાલયોમાં કરવામાં આવેલા કામો અને વિવિધ ક્ષેત્રોમાં લાવવામાં આવેલા સુધારાઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી શકે છે. આ બેઠકનો મુખ્ય હેતુ સરકારી નીતિઓને વધુ પ્રભાવશાળી બનાવવાનો અને તેના ફાયદાઓ આમ જનતા સુધી ખૂબ જ ઝડપથી પહોંચાડવાનો છે. પીએમ મોદી અગાઉ પણ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે નાગરિકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવું અને તેમનું જીવન સરળ બનાવવું એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.'ચિંતન બેઠક'માં કેન્દ્ર સરકારની જુદી-જુદી યોજનાઓની પ્રગતિ અને જમીની સ્તર પર તેના અમલીકરણની પણ ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવશે. યોજનાઓનો લાભ લોકોને વધુ સારી રીતે કેવી રીતે મળી શકે તે અંગે મંથન થશે.

# 'ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ મજબૂત થઈ રહી છે', સેમિકોન ઈન્ડિયા 2026નું PM મોદી દ્વારા ઉદ્ઘાટન

(એજન્સી) નવી દિલ્હી | તા 17

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના યશોભૂમિ સેન્ટરમાં 'સેમિકોન ઈન્ડિયા 2026'નું ઉદ્ઘાટન કર્યું. આ 3 દિવસીય કાર્યક્રમમાં 52 દેશોની 600થી વધુ કંપનીઓ ભાગ લઈ રહી છે. ભારતને સેમિકન્ડક્ટર હબ બનાવવા સહયોગ, રોકાણ અને પ્રતિભા વિકાસને પ્રોત્સાહન આપવાનો મુખ્ય હેતુ છે. 1 લાખ વિદ્યાર્થીઓને તાલીમ આપી રોજગારીની નવી તકો ઊભી કરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના યશોભૂમિમાં 'સેમિકોન ઈન્ડિયા 2026' (SEMICON India 2026) ની 5મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે હાજર રહેલા દેશ-વિદેશના અગ્રણીઓ, નીતિ ઘડવૈયાઓ, રોકાણકારો અને નિષ્ણાતોને સંબોધિત કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે 'ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. વૈશ્વિક ચિપ ડિઝાઈન તથા ઉત્પાદન ક્ષેત્રે ભારત એક મજબૂત શક્તિ તરીકે ઉભરી રહ્યું છે.'આજથી શરૂ થયેલી આ ત્રિદિવસીય (17 થી 19 સપ્ટેમ્બર 2026) વૈશ્વિક પરિષદ અને પ્રદર્શનની મુખ્ય થીમ 'સિલિકોન ટુ સિસ્ટમ્સ: બિલ્ડીંગ ધ ઈકોસિસ્ટમ' રખાઈ છે. આ ઈવેન્ટનો મુખ્ય હેતુ સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે વૈશ્વિક તથા ભારતીય કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ, સંશોધકો, શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને એક જ મંચ પર લાવીને સહયોગ, રોકાણ, નવીનતા અને નવી પ્રતિભાઓના વિકાસને વેગ આપવાનો છે.આ પરિષદમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રની સમગ્ર વેલ્યુ-ચેઈન આવરી લેવાઈ આવી છે, જેમાં કાચા માલ (સેન્ડ) અને સામગ્રીથી લઈને ચિપ ડિઝાઈન, ફેબ્રિકેશન, એડવાન્સ્ડ પેકેજિંગ અને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સુધીની મુસાફરી દર્શાવતો વિશેષ 'સેન્ડ ટુ સિલિકોન ટુ સિસ્ટમ્સ' અનુભવ રજૂ કરાયો છે. આ ઉપરાંત અશ્વિની વૈષ્ણવ અને અન્ય નેતાઓએ ચિપ ડિઝાઈન ક્ષેત્રના સ્ટાર્ટ-અપ્સ અને કંપનીઓને પ્રોત્સાહિત કરવા પર વિશેષ ભાર મૂક્યો છે.આ મહાકુંભમાં વિશ્વના 52 દેશોમાંથી 600થી વધુ કંપનીઓ અને પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.


**જના સ્મોલ ફાઈનાન્સ બેંક** (એ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઈનર રિંગ રોડ, ઈજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧.**

## સોનાના ઘરેણાંની હરાજી માટેની જાહેર નોટિસ

નીચે જણાવેલ ઉધાર લેનાર ગ્રાહકો અનેક વખત યાદ કરાવવા છતાં, નિર્ધારિત સમયમાં લોનની ચુકવણી કરવામાં અને સોનાના દાગીના છોડાવવામાં નિષ્ફળ ગયા છે. ઉપરોક્ત લોન ખાતાઓ હેઠળ ગીરવે મૂકવામાં આવેલ સોનાના જ્વેલરી/દાગીનાની નીચે સૂચિબદ્ધ ઉધાર લેનાર ગ્રાહકોની અમારી બ્રાન્ચ પરિસરમાં તારીખ 28-09-2026 ના રોજ સવારે 10:30 કલાકે સાર્વજનિક ઓનલાઈન/ખાનગી હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે. જેઓ ભાગ લેવા ઈચ્છતા હોય તેમને બ્રાન્ચનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વગર કોઈપણ બોલી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે. કૃપા કરીને નોંધવું કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ નહીં થાય, તો તે જ નિયમો અને શરતો સાથે, તે પછીના દિવસોમાં ચાલુ રહેશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે. ઉધાર લેનાર ગ્રાહકોને હરાજીની તારીખ પહેલાં અપ-ટૂ-ડેટ વ્યાજ અને આડકતરા ખર્ચ ચૂકવવા માટે આ નોટિસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવાથી ગીરવે મૂકેલા સોનાના દાગીના વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હશે તો તે વ્યાજ અને ખર્ચ સાથે વસૂલવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો તથા શરતો માટે બ્રાન્ચનો સંપર્ક કરો. બ્રાન્ચના સરનામાની વિગતો માટે www.janabank.com ની મુલાકાત લો.

| ક્ર. નં. | લોન ખાતા નંબર | દેવાદાર / સહ-દેવાદારોના નામ | ગીરો રાખેલ સોનાના ઘરેણાંનું કુલ વજન (ગ્રામમાં) |
|---|---|---|---|
| 1 | 45168740001025 | ચિતારા મદનલાલ | 23.24 |
| 2 | 45168740001012 | અગ્રવાલ નવલકિશોર | 24.77 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 101, 1સ્ટ ફ્લોર, સિગ્મા આર્કેડ, ચાંદખેડા, અમદાવાદ | |
| 3 | 36528740001768 | મિશ્રા ઉર્મિલા | 7.85 |
| 4 | 36528730012961 | સોલંકી કિરણ | 2.89 |
| 5 | 36528740001308 | સ્ને હલ ઘેરવાડા | 18.5 |
| 6 | 36528740001002 | સોલંકી બબારભાઈ | 14.3 |
| 7 | 36528160000401 | સાચલા રૂપલબહેન | 68.7 |
| 8 | 36528740001449 | ચુનારા જયેશભાઈ | 5 |
| 9 | 36520670000047 | વાહોરા સલીમભાઈ | 85.55 |
| 10 | 36528740001015 | પરમાર જયાબહેન | 18.9 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1સ્ટ ફ્લોર નં. 101, 102, 103 શિવ સુંદરમ કોમ્પ્લેક્સ, એક્સિસ બેંકની સામે, દીપ ચેમ્બર્સ ક્રોસ રોડ, માંજલપુર. | |
| 11 | 33468740004483 | પટની અજય મુકેશભાઈ | 16.05 |
| 12 | 33460670000810 | ચૌહાણ તીર્થરાજ કિશોરસિંહ | 172.82 |
| 13 | 33468740004355 | સંજય સોની | 12.75 |
| 14 | 33468740004227 | ભરવાડ બિપિન | 26.96 |
| 15 | 33460670000891 | વિનોદ કુમાર | 561.21 |
| 16 | 33468740004724 | બેલિમ મોહમ્મદ્રિયાઝ | 34.17 |
| 17 | 33468740004279 | ઠાકોર પ્રકાશ | 5.82 |
| 18 | 33468740004368 | મિરાન મોહમ્મદ આતિફ મોહમ્મદ અનીસ | 23.91 |
| 19 | 33468740004125 | ચૌહાણ દિલાવરસિંહ | 24.22 |
| 20 | 33468740003300 | જાસીબહેન મણિલાલ પરમાર | 10.15 |
| 21 | 33468740004394 | વાઘેલા મૌલિક મહેન્દ્રભાઈ | 41.15 |
| 22 | 33468740004687 | પાટિયા સુમિત | 45.6 |
| 23 | 33468740004036 | ભાવેશ નારણભાઈ | 51.6 |
| 24 | 33468730014571 | ઠાકુર પ્રદીપસિંહ સાહેબસિંહ | 10.61 |
| 25 | 33468740003852 | વાઘેલા મૌલિક | 8.36 |
| 26 | 33468740004075 | પાટિયા ઋતુ સુમિત | 32 |
| 27 | 33468730016117 | રાઠોડ વસંતબહેન | 15.35 |
| 28 | 33468740003941 | ધર્મેન્દ્રકુમાર અમૃતલાલ | 19.4 |
| 29 | 33468740003148 | શ્રવણભાઈ ગોંડર | 9.05 |
| 30 | 33468160001416 | દશરથ દેસાઈ | 33.7 |
| 31 | 33468740004711 | દેસાઈ પાર્થ | 51.79 |
| 32 | 33468740003622 | યોગેશ રતનભાઈ વ્યાસ | 11.39 |
| 33 | 33468740002260 | સિકરવાર બજરંગસિંહ રામગોપાલસિંહ | INGH24.56 |
| 34 | 33468740002846 | યોગેશ જાધવ | 20.25 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., 1સ્ટ ફ્લોર શોપ નં. 115 & 116, નમસ્કાર સર્કલની પાસે, સ્વામિનારાયણ મંદિરની સામે, શાહીબાગ, ગુજરાત. | |
| 35 | 45220670000091 | ધવલ જાધવ | 395.52 |
| 36 | 45228740000872 | સૂચક મનોજકુમાર | 85.69 |
| 37 | 36498730024052 | જાંખેલિયા ભાવનાબહેન જગદીશભાઈ | 5.34 |
| 38 | 36498740001078 | ખાંડા અણદાભાઈ | 10.98 |
| 39 | 36498740000980 | ખાંડા અણદાભાઈ | 6.28 |
| 40 | 36498740000928 | ખાંડા અણદાભાઈ | 3.94 |
| 41 | 36498740000993 | વાઘેલા હસમુખભાઈ | 58.77 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., ફર્સ્ટ ફ્લોર, બિઝનેસ એવન્યુ, કે.કે.વી. સર્કલની પાસે, કાલાવાડ રોડ, રાજકોટ - 360005. | |
| 42 | 33998740003462 | સિસોદિયા ચિરાગભાઈ | 12.55 |
| 43 | 33998740003070 | યોગેશ જાધવ | 19.6 |
| 44 | 33998740003360 | આરતીદેવી રાજપૂત | 16.4 |
| 45 | 33998740003373 | આરતીદેવી રાજપૂત | 17.7 |
| 46 | 33998740003347 | શુભમકુમાર ભાવસાર | 26.5 |
| 47 | 33998740002041 | પાર્થકુમાર ડોબરિયા | 43.7 |
| 48 | 33998730020313 | સિકરવાર બજરંગસિંહ રામગોપાલસિંહ | 21.25 |
| 49 | 33998730017803 | કુશવાહ ઉમેશભાઈ | 4.7 |
| 50 | 33028730020212 | ભીલ સુનિલભાઈ | 2.07 |
| 51 | 33028740001569 | વર્મા સુકેશભાઈ | 13.38 |
| 52 | 33028730014907 | રાઠોડ પાર્વતીબહેન સુરેશભાઈ | 3.75 |
| 53 | 33028740001684 | હરીશભાઈ અતુલભાઈ તળપદા | 17.07 |
| 54 | 33028740001517 | વિષ્ણુ શર્મા | 26.09 |
| 55 | 33028740001711 | શેખ અયુબભાઈ | 10.32 |
| 56 | 33028730017764 | સુરતી જ્યોતિ બબલુકુમાર | 5.25 |
| 57 | 33028730021521 | ગીતાબહેન વિષ્ણુભાઈ લોઢા | 2.41 |
| 58 | 33028730006453 | ભાવસાર મીરાબાઈ | 194.06 |
| 59 | 32118730023881 | કમલેશકુમાર યાદવ | 20.12 |
| 60 | 32118730024003 | નેહાબહેન મંગરોળા | 9.8 |
| 61 | 32118160003516 | ગુલામઅબ્બાસ ધુકા | 22.92 |
| 62 | 32118160003621 | વાલાગંથ મેઘરાજભાઈ | 80.49 |
| 63 | 32118730023960 | ગુલામઅબ્બાસ ધુકા | 3.35 |
| 64 | 32118740000071 | સિદ્ધરાજસિંહ ચૌહાણ | 11.99 |
| 65 | 32118730024081 | પ્રભાત દેસાઈ | 5.58 |
| 66 | 32118730024029 | લાખાફુલાણી ડાલાભાઈ | 11.4 |
| 67 | 32118730024055 | હર્ષદકુમાર યાદવ | 3.03 |
| 68 | 32118730022559 | કેતનસિંહ ચૌહાણ | 84.84 |
| 69 | 32118730023322 | વિક્રમસિંહ રાણા | 2.66 |
| 70 | 32118160003631 | પટેલ લક્ષ્મણભાઈ | 79.8 |
| 71 | 32118730024016 | સચિનકુમાર પ્રજાપતિ | 13.3 |
| 72 | 32118730022687 | મુકેશસિંગ ચૌહાણ | 15.37 |
| 73 | 45178740000089 | અંસારી મોઈઝ | 56 |
| 74 | 45170670000033 | શેખ કયુમ | 190.21 |
| 75 | 32100660000606 | મહેતા રાજ | 99 |
| 76 | 32108730007430 | ભરવાડ ગીતાબહેન | 8.2 |
| 77 | 32108730007940 | જીલકુમાર ઠાકોર | 3.2 |
| 78 | 32108730007887 | અશોકભાઈ પરમાર | 7.6 |
| 79 | 32108160001573 | ચંદ્રકાન્તભાઈ પટેલ | 45.13 |
| 80 | 32108730007683 | ચૌધરી મેઘરાજભાઈ | 3.7 |
| 81 | 31808730019990 | મહીડા કાજલબહેન | 3.41 |
| 82 | 31808730020050 | સમીર પિંજારા | 19.37 |
| 83 | 31808160001731 | શર્મા અશ્વિનકુમાર | 35.42 |
| 84 | 31808730020011 | પરમાર કુબેરભાઈ | 25.93 |
| 85 | 31808160001681 | રબારી શંકરભાઈ | 43.28 |
| 86 | 31808160001721 | રબારી શંકરભાઈ | 37.95 |
| 87 | 31808160001744 | શર્મા અશ્વિનકુમાર | 40.39 |
| 88 | 32148730006652 | બાબુજી ચૌહાણ | 9.4 |
| 89 | 32148730006662 | ચૌહાણ બાબાજી | 20.8 |
| 90 | 32148730006636 | પંચાલ મહેશકુમાર | 7.8 |
| 91 | 32148730006573 | ચૌહાણ જયદીપસિંહ | 2.6 |
| 92 | 32148730006484 | વિક્રમભાઈ ખાંટ | 8.3 |
| 93 | 32148730006560 | ચૌહાણ જયદીપસિંહ | 14.7 |
| 94 | 32148730006600 | પંચાલ બદ્રિનારાયણ | 10.1 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., જીએફ, ઓરમ એવન્યુ (સન સિટી હાઉસ), કોટક મહિન્દ્રા બેંકની સામે, ગૃહ ફાઈનાન્સની પાસે, મિઠાખળી, અમદાવાદ - 380006. | |
| 95 | 48340660000112 | દેસાઈ શાંતાબહેન | 63.17 |
| 96 | 48348730009564 | રબારી દેવરાજભાઈ | 12 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., ગ્રાઉન્ડ ફ્લોર, જન્મંગલ કોમ્પ્લેક્સ, શોપ નં. 4, 5, 6, રિલાયન્સ પેટ્રોલ પમ્પની સામે, બાયડ, પિન કોડ - 383325. | |
| 97 | 32408160000744 | જિગરકુમાર પટેલ | 89.7 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., 2જી ફ્લોર, ઓફિસ નં. 14 થી 17, ટી.વી.એસ. શોરૂમની પાસે, સિટી પોઈન્ટ, આભ્રામા, વલસાડ - 396001. | |
| 98 | 49648740000031 | રશિકભાઈ સનારીયા | 6.66 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., શોપ નં. 6 & 7, કેપિટલ માર્કેટ, રવાપર ચોકડીની નજીક, કેનાલ રોડ, મોરબી - 363641, ગુજરાત. | |
| 99 | 30978730009292 | ધીરજકુમાર પંચાલ | 7.14 |
| 100 | 30978740001535 | મયુર ઠક્કર | 19.2 |
| 101 | 30978740001485 | સોલંકી ચિરાગ | 87.74 |
| 102 | 30978730010110 | દેવીબહેન ચાવડા | 4.14 |
| 103 | 30978730008603 | સોનાબહેન મારવાડી | 6.19 |
| | | જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ., 1સ્ટ ફ્લોર, શિવાલિક કોમ્પ્લેક્સ, શોપ નં. એફ-1 & એફ-2, નારણપુરામાં આવેલ, અમી કુંજ ક્રોસ રોડ, નારણપુરા પોસ્ટ ઓફિસની પાસે, અમદાવાદ - 380013. | |
| 104 | 31498730019039 | હબીબાની ફિરોઝભાઈ | 18.47 |
| 105 | 31498740000591 | ઘોઘારી હાર્દિક કાનાભાઈ | 30.36 |
| 106 | 31498740000562 | પટેલીયા હિંમતભાઈ | 20.79 |
| 107 | 31498730017990 | રાઠોડ જલ્પાબહેન ભાનુભાઈ | 21.49 |
| 108 | 31498730018813 | રાજુભાઈ બેદવા | 3.52 |
| 109 | 31498730019081 | વેગડ સાગર | 5.79 |
| 110 | 31498740000473 | મોરી જનક હીરાભાઈ | 26.22 |
| 111 | 31498740000792 | ચૌહાણ શંકરભાઈ | 11.35 |
| 112 | 31498730018792 | હિરેનભાઈ મકવાણા | 22.73 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 201/202, શ્રી અષ્ટવિનાયક સિટી મોલ, માધવ દર્શનની સામે, વાઘાવાડી રોડ, ભાવનગર - 364001. | |
| 113 | 31998730010817 | પરમાર પુષ્પતસિંહ | 10.88 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 2જી ફ્લોર, "સાઈ દર્શન કોમ્પ્લેક્સ, પ્લોટ નં. 5 પૈકી, રિલાયન્સ પેટ્રોલ પમ્પની સામે, લુણાવાડા હાઈવે, ભુરવવ રોડ, ગોધરા - 389001. | |
| 114 | 30558740000058 | લલાવાણી રાજુભાઈ | 51.92 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 3rd ફ્લોર, ઓર્બિટ સેન્ટર, મોટી ટાંકી ચોક, રાજકોટ - 360001.ગોધરા - 389001. | |
| 115 | 31020670000331 | અશોકભાઈ સતાસિયા | 113.6 |
| 116 | 31028730010893 | રુષિબહેન અજયભાઈ રાઠોડ | 2.84 |
| 117 | 31028160000240 | પટેલ દશરથભાઈ | 31.43 |
| 118 | 31028740000792 | વાજા નિતિનભાઈ | 40.81 |
| 119 | 31028160000237 | જતિનકુમાર મંગુકીયા | 25.72 |
| 120 | 31028160000292 | દેનિશા જાધવ | 138.94 |
| 121 | 31028740000779 | ગોળકીયા મંજીભાઈ | 8.19 |
| 122 | 31028160000250 | પટેલ સોમાભાઈ | 45.34 |
| 123 | 31028740000510 | ગજેરા લાલજીભાઈ | 57.27 |
| 124 | 31028740000677 | કાલાવાડિયા રમેશભાઈ | 17.43 |
| 125 | 31028740000641 | ગોહિલ મુકેશભાઈ પ્રેમજીભાઈ | 15.34 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, પ્લોટ નં. 407, 408, 4થા ફ્લોર, સ્વાસ્તિક પ્લાઝા, વોર્ડ નં. 356, યોગી ચોક, વરાછા, સુરત, ગુજરાત - 395006. | |
| 126 | 31798730012040 | કમલેશકુમાર ભાંગી | 2.55 |
| 127 | 31798730012537 | રાઠોડ પ્રવિણસિંહ | 9.61 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, આર.એસ. નં. 871/11, પ્લોટ નં. 51 થી 73, રત્નાસાગર કોમ્પ્લેક્સ, 2જી ફ્લોર, શોપ નં. 51 થી 55, સહકાર જિન રોડ, કંકણોલ ગામ, હિંમતનગર - 383001. | |
| 128 | 33548740001154 | વાઘેલા જયેશભાઈ | 3.61 |
| 129 | 33548740001397 | મહેશ માળી | 6.36 |
| 130 | 33548740001243 | લોખંડે મહેન્દ્રકુમાર | 30.78 |
| 131 | 33548740000928 | બારોટ રાહુલકુમાર | 8.84 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં. 1, ટાવર એ, સિગ્નેટ પ્લાઝા, કુણાલ ચાર રસ્તા, ગોત્રી રોડ, વડોદરા - 390021. | |
| 132 | 49730670000114 | કાપડિયા બચુભાઈ | 89.29 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, સિંધુ -2, ઓફિસ નં.: 1, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નંબર 302, વોર્ડ નં. 12-બી, આદિપુર - ગાંધીધામ, કચ્છ, ગુજરાત - 370201. | |
| 133 | 40438730000700 | શેખ યાસીનભાઈ | 4.91 |
| 134 | 40430660000379 | પટેલ મુકેશભાઈ | 73.22 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, સર્વે નંબર 541/1 મિલકત નં. 474 નવગામ ખાતે, પ્રાઈમરી સ્કૂલની સામે, સ્વામિનારાયણ મંદિરની પાસે, નવગામ મુકામે, તા. કપડવંજ, ડિસ્ટ્રિક્ટ: ખેડા, પિન: 387620. | |
| 135 | 49768740000265 | મંગલ સિંહ | 52.4 |
| 136 | 49760670000031 | મંગલ સિંહ | 185 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં. 50, 51 ગિરનાર ખુશબૂ પ્લાઝા, રિલાયન્સ ફ્રેશની સામે, જીઆઈડીસી, વાપી, ગુજરાત - 396191. | |
| 137 | 45248160000028 | પટેલ દશરથભાઈ | 40.23 |
| 138 | 45248740000429 | આરિફ હિંગોરા | 21.64 |
| 139 | 45248740000382 | રાજી દેવગણિયા | 26.16 |
| 140 | 45248160000031 | પટેલ દશરથભાઈ | 46.28 |
| 141 | 30718730008726 | એદ્રિશખાન પઠાણ | 6.17 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં. 182, ગ્રાઉન્ડ & 1સ્ટ ફ્લોર, શ્લોક બિઝનેસ સેન્ટર, રિંગ રોડ, ઉધના દરવાજા, સુરત પિન - 395002, ગુજરાત. | |
| 142 | 46368730002556 | જયેશકુમાર શાહ | 16.29 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, યુજી 1, 2, 3 & એલજી 1, 2, 3, ગ્રાઉન્ડ + ફર્સ્ટ ફ્લોર, શ્રીજી કોમ્પ્લેક્સ, નેશનલ હાઈવે નં. 6, સુરત ધુલ્લા રોડ, માણિક મોતી કોમ્પ્લેક્સની સામે, બારડોલી - 394601. | |
| 143 | 45188740000447 | ચાવડા ગોવિંદભાઈ | 37.02 |
| 144 | 45188730001842 | જોશી દર્શનકુમાર | 38.56 |
| 145 | 45180670000048 | ચિંતન બંધારા | 330.75 |
| 146 | 45188160000059 | પરમાર વનરાજભાઈ | 41.28 |
| 147 | 45188160000109 | મહંત વિનતકુમાર | 33.22 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, યુનિટ નં. 2 અને ગ્રાઉન્ડ ફ્લોર, પંચમ હાઈસ્ટ્રીટ, ઓપી રોડ, વડોદરા - 390024. | |

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: 18.09.2026**

**સહી/- અધિકૃત અધિકારી**
**જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી**

## વડનગરથી વારાણસી સુધીની બાઈક યાત્રા, શર્મિષ્ઠા તળાવની મહાઆરતી...

# મોદી ફેમિલિ GMERS સેવા કેમ્પમાં હાજર, અમિત શાહે કહ્યું- 25 વર્ષમાં તેના પરિવારજનના 5 નામ કોઈ બોલી શકતું નથી



અમદાવાદ | પીએમ મોદીના 76માં જન્મદિવસ નિમિત્તે તેમના વતન વડનગરમાં આજથી બે દિવસીય જન્મોત્સવની ભવ્ય ઉજવણી થઈ રહી છે. મોદીની 25 વર્ષની સેવા અને સમર્પણ યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

ચાર અલગ-અલગ પવિત્ર સ્થળેથી બાઈક યાત્રાઓ બુધવારે વડનગર પહોંચી હતી. યાત્રાના માર્ગમાં આવતી પવિત્ર નદીઓનું જળ કળશમાં એકત્ર કરી ચારેય યાત્રાઓ વડનગર પહોંચ્યા બાદ હાટકેશ્વર મહાદેવ મંદિરે ભગવાન હાટકેશ્વર મહાદેવનો જળાભિષેક કર્યો હતો. જળાભિષેક બાદ શર્મિષ્ઠા તળાવ ખાતે અમિત શાહ અને મુખ્યમંત્રીએ મહાઆરતી બાદ પદયાત્રા યોજાઈ હતી. હાટકેશ્વર મંદિર પહોંચ્યા બાદ અમિત શાહે વડનગરથી વારાણસી સુધીની બાઈક સેવા યાત્રાને લીલીઝંડી આપી હતી.

વડાપ્રધાનના જન્મદિવસ 17 સપ્ટેમ્બરે સાંજે 7થી 8 વાગ્યા દરમિયાન નાગરિકોને પોતાના ઘરે ‘એક દીવડો’ પ્રગટાવી વડાપ્રધાન પ્રત્યે પ્રેમ, સન્માન અને શુભેચ્છા વ્યક્ત કરવા અપીલ કરાઈ છે. ઉપરાંત રક્તદાનકેમ્પ સહિતના સેવા કાર્યક્રમો પણ યોજાયા છે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકથાન શિંદે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ સામેલ થયા હતા. શર્મિષ્ઠા તળાવ, જ્યાંથી મલ્હાર રાગની સુરાવલી જલતરંગ સાથે હજીયે પ્રગટ થાય છે ઐતિહાસિક વડનગરની મધ્યે છલોછલ ભરેલું શર્મિષ્ઠા તળાવ રમણીય લાગી રહ્યું છે. તળાવ આશરે 150 ફૂટ ઊંડું અને એમાં 360 પગથિયાં છે. તળાવ આશરે 4500 વર્ષ જૂનું હોવાનું મનાય છે. નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈની પુત્રી શર્મિષ્ઠાને વડનગરના જટપટ મહેતા સાથે પરણાવી હતી. જેમને શર્મિષ્ઠા નામની પુત્રી અવતરી હતી. આ ગાળા દરમિયાન વડનગરમાં દુષ્કાળ પડ્યો ત્યારે અહીંના રાજાને વિનંતી કરી એટલે તળાવનું બાંધકામ કરાયું હતું. તેના પરથી નામ શર્મિષ્ઠા પડયું. રાજાને ત્યાં એક પુત્રી જન્મી હતી. જ્યોતિષોએ ભાખ્યું હતું કે આ વિષકન્યા છે. જેના કારણે તમારું રાજ્ય જતું રહેશે. આથી તેને ત્યજી દેવી પડશે પણ રાજાએ વાત કાને ન ધરી. છેવટે વડનગર પર આક્રમણ થયું અને રાજાને રાજપાઠ ગુમાવવું પડ્યું. ત્યારે દીકરીને કાઢી મૂકી હતી ત્યારે તે વડનગર પ્રદેશમાં આવી ગઈ અને અહીં ઝૂંપડી બાંધી રહી પ્રભુની આરાધના કરવા લાગી. આ સમયે વડનગરમાં દુષ્કાળ પડ્યો. આ વિષ કન્યાએ રાજાને વિનંતી કરતાં તળાવ બંધાયું હતું. એ કન્યાનું નામ હતું શર્મિષ્ઠા. એટલે નામ પડ્યું શર્મિષ્ઠા તળાવ. વડાપ્રધાન મોદી સાથે પણ આ તળાવનો નાતો છે. તેઓ નાના હતા ત્યારે આ તળાવમાંથી મગરનું બચ્ચુ પકડી ઘરે લઈ ગયા હતા. જેથી માતાએ ટકોર કરતાં પાછું મૂકી આવ્યાં હતાં. જમીનમાં પાણી ઉતારવાની વ્યવસ્થાપનમાં પણ ઉત્તમ ઉદાહરણ છે. પહેલાં અરવલ્લીની પર્વતમાળાઓમાંથી નીકળતી કપિલા નદીના પાણીથી શર્મિષ્ઠા તળાવ ભરાતું હતું. આજે સાબરમતી નદીમાંથી પાણી આવે છે. હાલમાં શર્મિષ્ઠા તળાવમાં બેટ બનાવાયો છે, જ્યાં પ્રવાસીઓ બોટિંગનો આનંદ માણે છે. ઓપનએર થિયેટર પણ બનાવાયું છે.

અપડેટ્સ

મહારાષ્ટ્રના ડેપ્યુટી CM એકનાથ શિંદેના હેલિકોપ્ટરમાં વડનગર નજીક ગુંજા પાસે ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. હેલિકોપ્ટર ઉડાન ભરી ન શકતા એકનાથ શિંદે કાર મારફતે વિસનગર જવા રવાના થયા હતા, જ્યારે હેલિકોપ્ટરના પાયલટ દ્વારા ખામી દૂર કરી મરામતના પ્રયાસો હાથ ધરાયા છે. રાજસ્થાન ભીલવાડાના ગૌસેવક ભવરલાલએ PMના મોટા ભાઈ સોમાભાઈ મોદીને ગૌમાતાની સ્મૃતિ ભેટ આપી.

વડનગર GMERS ખાતે PMના ભત્રીજા જીતુભાઈ મોદી અને સોમાભાઈ મોદીએ કેક કટીંગ કર્યું હતું. સાથે જ મોદીના દીર્ઘાયું માટે પ્રાર્થના કરવામાં આવી. વડનગરની GMERS હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું આયોજન એમ.વી. એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, મદરોપુર તથા વડનગર શહેર સંગઠન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કરી સેવાકીય ભાવનાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રક્તદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા માટે પ્રમાણપત્ર તેમજ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સોમાભાઈ મોદીએ રક્તદાતાઓને સર્ટિફિકેટ તથા પ્રોત્સાહનરૂપે ગિફ્ટ અર્પણ કરી તેમના સેવાભાવને બિરદાવ્યો હતો.

વડનગરથી આધ્યાત્મિક નગરી વારાણસી સુધી બાઈક સેવા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં 250થી વધુ બાઈકર્સ જોડાશે. જે આજે વડનગરના હાટકેશ્વર મહાદેવ મંદિર બહારના રોડ પર પહોંચ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ લીલી ઝંડી આપી બાઈકર્સને વારાણસી તરફ પ્રસ્થાન કરાવશે.

## અમિત શાહે વડનગર રેલવે સ્ટેશન ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો



અમદાવાદ | કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મસ્થળ એવા વડનગર રેલવે સ્ટેશન ખાતે ’સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે, આજે 17 સપ્ટેમ્બર, 2026ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન હેઠળના વડનગર રેલવે સ્ટેશન પર ’સેવા સંકલ્પ અભિયાન’ના ભાગરૂપે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે અભિયાનમાં સહભાગી થઈને સ્વચ્છતા અંગેનો સંદેશ આપ્યો હતો.

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા માટે વડનગર રેલવે સ્ટેશન પરિસરમાં જાતે સાવરણી ઉપાડી હતી અને રેલવે સંકુલને સ્વચ્છ અને સુંદર જાળવી રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન, માનનીય સાંસદ (મહેસાણા) શ્રી હરિભાઈ પટેલ, ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ અને સ્ટેશન પરિસરમાં ઉપસ્થિત મોટી સંખ્યામાં અધિકારીઓ તથા કર્મચારીઓએ પણ સ્વચ્છતા અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અમદાવાદ ડિવિઝનમાં ‘સ્વચ્છતા હી સેવા‘ અભિયાન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન ‘સ્વચ્છતા હી સેવા‘ (SHS) 2026 અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ 17 સપ્ટેમ્બર, 2026ના રોજ કરવામાં આવ્યો હતો. આ અભિયાન ગાંધી જયંતિના દિવસે, એટલે કે 2 ઓક્ટોબર, 2026ના રોજ સંપન્ન થશે.

અમદાવાદ ડિવિઝનમાં આ અભિયાન હેઠળ સ્વચ્છતા અને જાગૃતિને લગતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અભિયાન દરમિયાન રેલવે સ્ટેશનો, કચેરીઓ, રહેણાંક વિસ્તારો અને અન્ય જાહેર સ્થળોની સફાઈની સાથે સાથે મુસાફરો, કર્મચારીઓ અને સામાન્ય જનતામાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવશે.

‘સ્વચ્છ પાઠશાળા - યુવા ફોર સ્વચ્છતા‘ (Clean School - Youth for Cleanliness) પહેલ હેઠળ સ્વચ્છતાના શપથ, ઘન કચરાના વ્યવસ્થાપન અને કચરાના યોગ્ય વર્ગીકરણ અંગે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, રેલવેના વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, બાયો-ટોયલેટ પ્લાન્ટ્સ અને કોચ વોશિંગ લાઈન્સની મુલાકાત તેમજ શેરી નાટકો (નુક્કડ નાટક), કલા સ્પર્ધાઓ અને પુનઃઉપયોગ (રી-યુઝ) લક્ષી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

## 'મહારાજ સાહેબના ત્યાંથી બોલું છું', 20 દિવસમાં 22 લાખ પડાવ્યા : મહુડી મંદિર કર્મીના પુત્રનું કારસ્તાન, મહારાજ સાહેબનો ઓડિયો ચાલુ કરી દાન માગ્યુ, પૈસા ગેમિંગમાં ઉડાવ્યા

અમદાવાદ | ગાંધીનગરના વિશ્વ પ્રસિદ્ધ મહુડી મંદિરના કાર્યક્રમના દાન અને નરરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના નામે અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતાં વેપારી સાથે 21.79 લાખની છેતરપિંડીની ઘટના સામે આવી છે. મહુડી મંદિરના કર્મચારીના પુત્રએ દર વખતે ફોન કરીને મહારાજ સાહેબનો ઓડિયો ચાલુ રાખીને 20 દિવસ જુદી-જુદી દાનની રકમ આંગડિયા અને બેંક એકાઉન્ટમાં મેળવી હતી. વેપારીને ફ્રોડની જાણ થતા આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

67 વર્ષીય મયુરભાઈ ઈલેક્ટ્રિક વસ્તુઓનું મેન્યુફેક્ચરીંગનો ધંધો કરે છે. મયુરભાઈને 23 જુલાઈમાં રોજ તેજસ શાહ નામના વ્યક્તિએ ફોન કરીને જણાવ્યું હતું કે, હું



નરરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના ત્યાંથી બોલું છું, તમારે કોઈ રકમ દાન કરવાની છે? જેથી મયુરભાઈ હા પાડતા તેજસે બેંક એકાઉન્ટ નંબર આપ્યો હતો, જેમાં મયુરભાઈ પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. બાદમાં તેજસે મહારાજ સાહેબના નામે વધુ રકમ માંગતા મયુરભાઈએ દાન સમજીને આપી હતી.

તેજસે પ્રાંતિજ અને દ્વારકામાં પોતાના નામે આંગડિયામાં પણ દાનના નામે લાખોની રકમ મંગાવી હતી. મયુરભાઈ 23 જુલાઈથી 14 ઓગસ્ટ સુધીમાં કુલ 21.79 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. પૈસા આપ્યા બાદ તેજસને ફોન કરતા તેજસનો સંપર્ક થતો નહોતો, જેથી મયુરભાઈએ તેમના દીકરા દ્વારા ઉપાશ્રયમાં તપાસ કરાવી તો ઉપાશ્રય કે મહારાજ સાહેબ દ્વારા આવી કોઈ રકમ દાન માટે મંગાવવામાં આવી નહોંતી.

મયુરભાઈએ તેજસને રૂબરૂ આનંદનગર પોલીસ સ્ટેશન બોલાવીને તપાસ કરાવતા તેજસ તેમની સાથે ઠગાઈ કરી છે, જેથી મયુરભાઈએ તેજસ સામે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પીઆઈ આર.એસ. પરમારે જણાવ્યું કે, મહારાજ સાહેબના નામે પૈસા લેનાર આરોપી તેજસ શાહની ધરપકડ કરવામાં આવી છે. આરોપીના પિતા ગાંધીનગરમાં મહુડી મંદિરમાં કામ કરે છે અને આરોપી તેમની સાથે મહુડી ક્વાટરમાં રહે છે. આરોપીએ ભોગ બનનારને ફોન કર્યો હતો, ત્યારે પાછળ મહારાજ સાહેબ બોલતા હોય તેવો ઓડિયો પણ ચાલુ કર્યો હતો, જેથી વિશ્વાસ આવે. ભોગ બનનાર ઓક્ટોબરમાં જૈન સમાજનો મોટો કાર્યક્રમ કરવાના હતા, જેમાં આયોજક તરીકે તેમનું નામ અને નંબર હોવાથી આરોપીએ તેમાથી કોન્ટેક્ટ કર્યો હતો. આરોપીએ લીધેલા પૈસા ઓનલાઈન ગેમિંગમાં ગુમાવી દીધા છે. હાલ આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## વડનગર રેલવે સ્ટેશન પર 76 દિવ્યાંગ બાળકોએ 76 કેક કાપીને અને 76 દીપ પ્રગટાવીને ઉજવ્યો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જી નો 76મો જન્મદિવસ

વડનગર | માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જી ના 76મા જન્મદિવસના અવસર પર આજે, 17 સપ્ટેમ્બર 2026 ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના વડનગર રેલવે સ્ટેશન પર વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. આ અવસર પર ગુજરાતના 76 દિવ્યાંગ બાળકોએ 76 કેક કાપીને અને 76 દીપ પ્રગટાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જી નો જન્મદિવસ ઉજવ્યો. બાળકોએ ઉત્સાહપૂર્વક “જિયો હજારો સાલ” ગીત ગાઈને વડાપ્રધાન જી ને જન્મદિવસની શુભકામનાઓ આપી.કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગ બાળકોમાં વિશેષ ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો. બાળકોએ પૂર્ણ ઉત્સાહની સાથે કાર્યક્રમમાં સહભાગિતા કરી અને પોતાની ભાવનાઓને વ્યક્ત કરતાં જન્મદિવસ સમારોહને યાદગાર બનાવ્યો. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જી ના જન્મદિવસના અવસર પર વડનગર સ્પોર્ટ્સ કૉમ્પલેક્સમાં રમત મહાકુંભ હેઠળ વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાઓમાં પ્રતિભાગિઓએ વિવિધ રમત પ્રવૃત્તિઓમાં ભાગ લઈને પોતાની રમત પ્રતિભા અને ઉત્સાહનું પ્રદર્શન કર્યું. આ અવસર પર IRCTC ના કર્મચારીઓ, લોકો પાયલોટો, સિવિલ ડિફેન્સ વૉલિન્ટિયર્સ સહિત રેલવે કર્મચારીઓએ પણ સહભાગિતા કરી અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ એ વિવિધ રમત સ્પર્ધાઓના વિજેતા ખેલાડીઓને ઈનામ આપ્યા તથા તેમના ઉત્સાહ અને પ્રતિભાની પ્રશંસા કરી.રમત મહાકુંભ અને અન્ય પ્રવૃત્તિઓ મારફતે પ્રતિભાગિઓમાં આત્મવિશ્વાસ, સહભાગિતા અને સમાવેશિતાની ભાવનાને પ્રોત્સાહિત કરવામાં આવી. કાર્યક્રમે દિવ્યાંગ બાળકો અને ખેલાડીઓને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે એક મંચ આપવાની સાથે-સાથે સમાવેશી સમાજનો સંદેશો પણ આપ્યો.



## પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ-સાંતરાગાછી અને વટવા-હૈદરાબાદ વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા આગામી ફેસ્ટિવલ ગણેશ ઉત્સવ અને પૂજા પર્વને જોતાં યાત્રીઓની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખતાં અમદાવાદ-સાંતરાગાછી તથા વટવા-હૈદરાબાદ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે : ટ્રેન નંબર 02833/02834 અમદાવાદ-સાંતરાગાછી-અમદાવાદ સ્પેશિયલ, ટ્રેન નંબર 02833 અમદાવાદ-સાંતરાગાછી સ્પેશિયલ 22 સપ્ટેમ્બર 2026 (મંગળવાર) ના રોજ અમદાવાદથી 14:25 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે 03:30 કલાકે સાંતરાગાછી પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર 02834 સાંતરાગાછી-અમદાવાદ સ્પેશિયલ 20 સપ્ટેમ્બર 2026 (રવિવાર) ના રોજ સાંતરાગાછીથી 00:15 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 13:50 કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, સૂરત, નંદુરબાર, ભુસાવલ, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર, ટાટાનગર અને ખડગપુર સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ, સ્લીપર અને એસી 3-ટિયર શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર 07088/07087 વટવા-હૈદરાબાદ-વટવા સ્પેશિયલ : ટ્રેન નંબર 07088 વટવા-હૈદરાબાદ સ્પેશિયલ 21 સપ્ટેમ્બર 2026 (સોમવાર) ના રોજ વટવાથી 03:30 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 04:30 કલાકે હૈદરાબાદ પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 07087 હૈદરાબાદ-વટવા સ્પેશિયલ 19 સપ્ટેમ્બર 2026 (શનિવાર) ના રોજ હૈદરાબાદથી 20:15 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 21:50 કલાકે વટવા પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન વડોદરા, સૂરત, વલસાડ, વસઈ રોડ, કલ્યાણ, પુણે, દૌંડ, સોલાપુર, કલબુરગી, વાડી, તંદૂર, વિકારાબાદ, લિંગમપલ્લી અને બેગમપેટ સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર 07088 વટવા-હૈદરાબાદ સ્પેશિયલનું લોનાવાલા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ હશે. આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ, સ્લીપર, એસી 3-ટિયર અને એસી 2-ટિયર શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર 02833 અને 07088 નું બુકિંગ 18 સપ્ટેમ્બર 2026 થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## ગણેશ ચતુર્થી નિમિત્તે હૈદરાબાદ-અમદાવાદ વચ્ચે સ્પેશિયલ દોડશે

અમદાવાદ | ગણેશ ચતુર્થી દરમિયાન મુસાફરોની સુવિધા માટે રેલવે તંત્રે મહત્વનો નિર્ણય લીધો છે. સાઉથ સેન્ટ્રલ રેલવે દ્વારા હૈદરાબાદ અને અમદાવાદના વટવા વચ્ચે ખાસ ’તહેવાર સ્પેશિયલ ટ્રેન’ (07087/07088) દોડાવવાની જાહેરાત કરાઈ છે. 19 સપ્ટેમ્બરે હૈદરાબાદથી ઉપડી 20 સપ્ટેમ્બરે વટવા પહોંચશે. વળતી ટ્રેન 21 સપ્ટેમ્બરે વટવાથી નીકળી 22 સપ્ટેમ્બરે હૈદરાબાદ પહોંચશે. આ ટ્રેન વડોદરા, સુરત, વલસાડ સહિતના સ્ટેશનો પર ઉભી રહેશે. ગણેશ ચતુર્થીના પવિત્ર તહેવાર દરમિયાન મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા તેમજ મુસાફરી વધુ સુગમ બનાવવા માટે રેલવે તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાઉથ સેન્ટ્રલ રેલવે દ્વારા હૈદરાબાદ (તેલંગાણા) અને વટવા (અમદાવાદ) વચ્ચે ખાસ ’તહેવાર સ્પેશિયલ ટ્રેન’ (07087/07088) દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે.

## લોકભવન ખાતે "સામાજિક સમરસતા મહોત્સવ" યોજાયો

### ગ્રામ કલ્યાણ કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રીનું આતિથ્ય સત્કાર કરનાર ૨૧ પરિવારોનું લોકભવનમાં સન્માન

ગાંધીનગર | પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાત લોકભવન ખાતે ‘સામાજિક સમરસતા મહોત્સવ‘નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લેડી ગર્વનર શ્રીમતી દર્શના દેવી, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. ‘સામાજિક સમરસતા મહોત્સવ‘ના દ્વિતીય ચરણમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ દરમિયાન જે ૨૧ અનુસૂચિત જાતિ અને જનજાતિ પરિવારના ઘરે આત્મીયતાથી ભોજન ગ્રહણ કર્યું હતું, તે પરિવારોને લોકભવન ખાતે વિશેષ નિમંત્રણ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ છેલ્લા એક વર્ષથી તેમના દ્વારા ચલાવવામાં આવી રહેલા ગ્રામ કલ્યાણ કાર્યક્રમના અનુભવો વર્ણવતા જણાવ્યું હતું કે, દર અઠવાડિયે રાજ્યના એક તાલુકાના ગામડામાં જઈને વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, ગામના અનુસૂચિત જાતિ-જનજાતિ પરિવારના ઘરે અતિથિ બની ભોજન અને રાત્રિ સમયે ગ્રામસભાનું આયોજન કરવામાં આવે છે. ગામની શાળામાં રાત્રિ રોકાણ કરીને સવારે વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે એક કલાક યોગાભ્યાસ તથા ખેતરોમાં જઈને જીવામૃત-ઘનજીવામૃત બનાવવાની અને પ્રાકૃતિક કૃષિ અંગેની પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. સવારે અન્ય નજીકના ગામના અનુસૂચિત જાતિ-જનજાતિ પરિવારના ઘરે અલ્પાહાર કરવામાં આવે છે.

આ સતત પ્રયાસોના પરિણામે ગામડાઓમાં કૃષિ, પશુપાલન, સ્વચ્છતા, શિક્ષણ વગેરે ક્ષેત્રે પરિવર્તન આવી રહ્યું છે. રાજ્યપાલશ્રીએ મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વેદોના ઉદાહરણો આપતા કહ્યું હતું કે, આ પૃથ્વી પર તમામ માનવો એક જ છે. સમાજમાં ઊંચ-નીચ, નાના-મોટાનો ભેદભાવ એ માનવસર્જિત છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, સામાજિક સમરસતા એ માત્ર એક વિચાર નથી, પરંતુ સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણનો મુખ્ય આધારસ્તંભ છે. જ્યારે, સમાજમાં જાતિ, ધર્મ, વર્ગ કે ઊંચ-નીચના ભેદભાવોથી પર થઈને દરેક વ્યક્તિને સમાનતા અને આદરનો ભાવ મળે છે, ત્યારે સાચી સમરસતા સ્થાપિત થાય છે. આપણા મહાપુરુષો અને સનાતન સંસ્કૃતિએ પણ એ જ સંદેશ આપ્યો છે કે આ પૃથ્વી પરના તમામ મનુષ્યો એક જ ઈશ્વરનું સંતાન છે. એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર બની, પરસ્પર સ્નેહ, સન્માન અને સહયોગથી જીવન જીવવું એ જ સાચો માનવધર્મ છે. જ્યારે, સમાજનો છેવાડાનો માનવી પણ આત્મસન્માન સાથે જીવી શકે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે, ત્યારે જ એક અખંડ, સદભાવપૂર્ણ અને આત્મનિર્ભર સમાજનું સ્વપ્ન સાકાર થાય છે. રાજ્યપાલશ્રીએ શિક્ષણ અને વ્યસનમુક્તિ પર વિશેષ ભાર મૂકીને વાલીઓને વિનંતી કરી હતી કે પોતાના બાળકો, ખાસ કરીને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવું જોઈએ.


